સ્વ. બા. કમળાશંકર સ્મારક વ્યાખ્યાનમાળા-પુષ્પ ૨જું

રસિંહ મહેતો

રાજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા એમ. એ. બી. ટી.

સ્વ. રા. બા. કમળાશંકર સ્મારક વ્યાખ્યાનમાળા-પુષ્પ ૨જું

નરસિંહ મહેતો

(તેનું જીવન, તેનું કવન, અને તેના સમયની સામાજિક સ્થિતિ)

વ્યાખ્યાન કર્ત્તા

પ્રો. ગજેન્દ્રશંકર લાલશંકર પંડયા, એમ. એ., બી. ટી.

પ્રસિદ્ધ કર્ત્તા

સ્વ. રા. બા. કમળાશંકર પ્રાણશંકર

ત્રિવેદી વ્યાખ્યાનમાળાની વ્યવસ્થાપક સમિતિના મન્ત્રી

પ્રો. મોહનલાલ પાર્વતીશંકર દવે

એમ. એ, એલ એલ્. બી.

ઇ. સ. ૧૯૨૯

સોલ એજન્ટ

એમ. સી. કોઠારી બુકસેલર, રાવપુરા,-વડોદરા.

સુરત, ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સિટિ" પ્રિન્ટિંગ પ્રેસમાં વર્જેરામ માનસિંહે છાપ્યું.

કિંમત ૦-૧૦-૦.   આવૃત્તિ ૧લી

સ્વ. રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીસ્મારક ફંડનો અહેવાલ.

સ્વ. રા. બા. કમળાશંકરવ્યાખ્યાનમાળાની વ્યવસ્થાપક સમિતિના હાલ સભ્યો

૧. મિ. પિરોજશા જે. તાલેયારખાન., રિટાયર્ડ ડિસ્ટ્રીક્ટ જજ્જ, (પ્રમુખ).
૨. રા. બા. ચંદ્રવિદ્યાનંદ એસ. પંડયા, રિટાયર્ડ આસિ. સેક્રેટરિ, સેક્રેટરિયટ, મુંબઈ, (ઉપપ્રમુખ).
૩. પ્રો. મોહનલાલ પી. દવે (મંત્રી)
૪. પ્રો. અતિસુખશંકર ક. ત્રિવેદી.
૫. રા. સા. ઈશ્વરલાલ પ્રા. ખાનસાહેબ
૬. મિ. મંચેરશા પી. કેકેબાદ
૭. ડૉ. કરસુખ વી. હોરા
૮. રા. રા. રાજેન્દ્ર સો. દલાલ, જે. પી., મુંબઈ
૯. રા. રા. વ્યોમેશચન્દ્ર જે. પાઠકજી

ધીરજલાલ ગુલાબદાસ માસ્તર (મદદનીશ મંત્રી)

સ્મારક ફંડના ટ્રસ્ટીઓનાં નામ:—

૧. સરદાર જનાર્દન વીરભદ્ર પાઠકજી
૨. પ્રો. મોહનલાલ પી. દવે
૩. રા. સા. વી. સી. જાદવ
૪. પ્રોફેસર અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી

ફંડની શરૂઆતઃ—તા, ૨૨–૮–૧૯૨૫ને દિને નગીનચંદ હોલમાં સાંજે ૬ વાગે સુરતના શહેરીઓની એક જાહેર સભા ડિસ્ટ્રિક્ટ જજ્જ મિ. કે. બી. વાસુદેવ સાહેબના પ્રમુખપદ નીચે મળી હતી. તેમાં સ્વર્ગસ્થના અવસાનને માટે દિલસોજીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો તે ઉપરાંત સ્વર્ગસ્થના માનમાં યોગ્ય સ્મારક ઊભું કરવાને માટે એક સ્મારક સમિતિ નીમવામાં આવી હતી.

તે સમિતિએ નીચે મુજબ નાણું ઉઘરાવ્યાં હતાં અને તેનો નીચે

પ્રમાણે ઉપયોગ કરવા ઠરાવ નાણાં ભરનારાઓની સભાએ તા. ૧૫મી મે ૧૯૨૬ને રોજ કર્યો હતો.

ઠરાવઃ—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીવ્યાખ્યાનમાળા સ્વર્ગસ્થના માનમાં નીચે પ્રમાણે વ્યાખ્યાનમાળા સ્થાપવામાં આવે છે.

૧ સદ્‍ગતના સ્મારક તરીકે કોઈ પ્રતિષ્ઠિત વિદ્વાન્ પાસે ગુજરાતી અથવા સંસ્કૃત વાઙ્‍મયને લગતા કોઈ એક વિષય પર દર વર્ષે બે વ્યાખ્યાન અપાવવાં.

૨ આ વ્યાખ્યાનોની સઘળી વ્યવસ્થા કરવા નીચેના નવ સભ્યોની એક વ્યવસ્થાપક સમિતિ બનશે. તેમાંનો કોઈ પણ કોઈ કારણસર સભ્ય થતો બંધ પડે તો બાકીના સભ્યોએ તેની જગા પૂર્યા પછી કામ કરવું.

૧. મિ. પિરોજશા જે. તાલેયારખાન (પ્રમુખ)
૨. પ્રો. મોહનલાલ પી. દવે
૩. પ્રો. અતિસુખશંકર કે. ત્રિવેદી
૪. રા. રા. ઇશ્વરલાલ પ્રા. ખાનસાહેબ
૫. મિ. મંચેરશા પી. કેકોબાદ
૬. રા. બ. ચંદ્રવિદ્યાનંદ એસ. પંડયા
૭. ડો. કરસુખ વી. હોરા
૮. રા. રા. રાજેન્દ્ર સો. દલાલ
૯. રા. રા. વ્યોમેશચન્દ્ર જ. પાઠકજી (મન્ત્રી)

આ સમિતિ કોઈ પણ કામ તેઓમાંના ઓછામાં ઓછા ત્રણ સભ્યોની સંમતિથી કરી શકશે. વ્યાખ્યાનકર્તાની પસંદગી માટેની સભાની ખબર દરેક સભ્યને ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં મન્ત્રીએ કરવી અને તે સભા રવિવારને દિવસેજ બોલાવવી.

૩ (અ) વ્યાખ્યાનોનો સમય વ્યવસ્થાપક સમિતિ નક્કી ઠેરવે તે રાખવો.
(આ) વ્યાખ્યાનો હમેશાં સુરતના રા. બા. નગીનચંદ હોલમાં કરાવવાં.
(ઇ) દરેક વ્યાખ્યાનને દિવસે વ્યાખ્યાનને સમયે સદ્‍ગતની હોલમાં મૂકેલી છબી પર અવશ્ય ફુલનો હાર ચઢાવવોજ જોઇએ, ને તેમ કરવું તે વ્યવસ્થાપક સમિતિના મન્ત્રીની ફરજ રહેશે.

૪ પ્રતિ વર્ષ વ્યવસ્થાપક સમિતિ વ્યાખ્યાનની જાહેરાત વ્યાખ્યાનમાળાના સમયથી ઓછામાં ઓછા છ મહીના અગાઉ આપશે, ને વ્યાખ્યાનને માટે અરજી કરનારી વ્યક્તિઓ વ્યાખ્યાનમાળાના મુદ્દાઓ રજુ કરશે. તે મુદ્દાઓ તથા અરજી કરનારાઓની લાયકાત ધ્યાનમાં લઈ વ્યવસ્થાપક સમિતિ વ્યાખ્યાનકર્તા પસંદ કરશે.

૫ વ્યાખ્યાનો સદ્‌ગતના નામને શોભે એવી કોટિનાં કરવાની વ્યવસ્થાપક સમિતિએ કાળજી રાખવી.

(અ) સાધારણ રીતે ગુજરાતી ભાષામાં એ વ્યાખ્યાનો અપાવવાનીજ ગોઠવણ કરવી. પરન્તુ અપવાદરૂપ, સમિતિની સંમતિથી અંગ્રેજીમાં વ્યાખ્યાન આપવા દેવામાં આવશે.

(આ) દરેક વ્યાખ્યાન આશરે એક કલાક પહોંચે એટલું લાંબું હોવું જોઈએ. એ વ્યાખ્યાનો કર્તાએ લિખિત રૂપમાં આપી દેવાં જોઈશે, ને તેનો 'કોપીરાઈટ' ફંડના ટ્રસ્ટીઓના ફંડના ઉપયોગને માટે રહેશે.

૬ વ્યાખ્યાનકર્તાને ઉપજની અનુકૂળતા પ્રમાણે રૂ. ૧૦૦ થી ૧૫૦નો મુશાહીરો (Honorarium) આપવો.

૭ વ્યવસ્થાપક સમિતિએ દર વરસનાં વ્યાખ્યાનો જેમ બને તેમ વહેલાં છાપવાની ગોઠવણ કરવી, ને તે વ્યાખ્યાનોના મણકા પાડી દરેકની સાથે સદ્‌ગતનું નામ જોડવું. એ માળા સ્વ. રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીવ્યાખ્યાનમાળાના નામથી ઓળખાવવી. દરેક વ્યાખ્યાનની આશરે ૧૦૦૦ નકલો છપાવવી અને તેમાંથી વ્યાખ્યાન કર્તાને, તે સભાના પ્રમુખને, ટ્રસ્ટીઓને, તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોને અકેકેક નકલ મફત આપવી. વ્યાખ્યાનની છાપેલી નકલો વેચતાં જે નફો થાય તેની રકમ સ્મારક ફંડમાં ઉમેરવામાં આવશે.

૮ દર વર્ષનો હિસાબ વ્યવસ્થાપક સમિતિએ ટ્રસ્ટીઓને રજુ કરવો.

૯ સદ્‌ગતના સ્મારક ફંડનાં નાણાંનું ટ્રસ્ટ કરવું. એ નાણાં નીચેનાં ટ્રસ્ટીઓનાં નામ પર રહેશે.

૧ સરદાર જનાર્દન વીરભદ્ર પાઠકજી

૨ પ્રો. મોહનલાલ પી. દવે
૩ રા. વૃંદાવન સી. જાદવ
૪ સરદાર ઇશ્વિરદાસ જગજીવનદાસ સ્ટોર

(અ) Indian Trust Actની ૨૦મી કલમમાં જણાવેલી Securitiesમાં અથવા બોમ્બે પ્રોવિન્શિયલ કોઓપરેટીવ બેન્ક લિ.માં ડિપોઝીટ તરીકે એ નાણાં ટ્રસ્ટીઓ રોકશે. સિક્યુરિટિઓ અથવા ડિપોઝીટ ચાર ટ્રસ્ટીઓનાં નામ પર Payable to all or any two of them or survivors or survivor એવી રીતે રાખવામાં આવશે.

(આ) કોઈ પણ કારણસર કોઈ ટ્રસ્ટી થવો બંધ થાય તો તેની જગાએ બાકીનાઓ નવો ટ્રસ્ટી ત્રણ મહીનામાં નીમશે.

૧૦ ઉપરની કલમ ૯માં જણાવેલા રૂ. ૧૦૦થી રૂ. ૧૫૦નો મુપાહીરો વ્યાખ્યાનકર્તાને આપવા ઉપરાંત નીચે મુજબ ખર્ચનો અડસટ્ટો કરવામાં આવે છે.

રૂ. ૪૦—૦—૦ વ્યાખ્યાનોં માટે સભાએ ભરવાનો ખર્ચ.
રૂ. ૮૦—૦—૦ વ્યાખ્યાનો છપાવવાનો અને જાહેરખબર વગેરેનો ખર્ચ.
રૂ. ૧૦—૦—૦ પરચુરણ ટ્રસ્ટીઓનો ખર્ચ.

(એક વ્યાખ્યાનમાળા માટે)
રૂ. ૮—૦—૦ હોલનું ભાડું
રૂ. ૨—૦—૦ હારના
રૂ. ૩—૦—૦ જાહેર ખબર છપાઈ.
રૂ. ૧—૦—૦ વહેંચવાના.

કુલ્લે રૂ. ૧૫—૦—૦
બે વ્યાખ્યાનના રૂ. ૪૦

૧૧ વ્યાખ્યાનમાળાને લગતો સઘળો ખર્ચ બાદ જતાં વખત રહે તેમાંથી સદ્‌ગતની જયંતી ઉજવવાની કે એમના સ્મારક હેતુને પોષનારા કોઈપણ કાર્યમાં ફંડના નાણાંનો ઉપયોગ કરવાની વ્યવસ્થાપક સમિતિને છૂટ રહેશે.

૧૨ ઉપજમાં વધારોઘટાડો થતાં મુશાહીરાની રકમ વધતીઓછી કરવાની સત્તા વ્યાવસ્થાપક સમિતિના હાથમાં રહેશે.

૧૩ ઉપલી કલમોના ગૌણ વહીવટમાં એટલે કે વ્યાખ્યાનોની યોજનાના વિરોધમાં ન આવે એવી બાબતમાં કોઈ ફેરફાર કરવો જરૂરનો લાગે તો તે ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિની સંયુક્ત સભા મેળવી એકંદર સભ્યોની ⅔ બહુમતિથી કરી શકાશે.

15th May 1926. (Sd.) P. J. TALEYARKHAN
Chairman, Subscribers' Meeting

આ યોજના મુજબ તા. ૧૩-૬-૨૬ને દિને તે વખતના એક્ટિંગ ચીફ જસ્ટિસ ધિ ઓનરેબલ સર લલ્લુભાઈ આશારામ શાહ નાઈટ એમ, એ.; એલ્એલ્, બી. એ સ્વર્ગસ્થની છબી રા. બા. નગીનચંદ હૉલમાં ખુલ્લી મૂકવાની ક્રિયા કરી હતી.

સ્વર્ગસ્થની પ્રથમ જયન્તી આસો વદ ૮મ ૧૯૮૨ને દિને રા. બા. નગીનચંદ હૉલમાં થઈ હતી. તે વખતે રા. રા. હીરાલાલ વ્રજભુખણદાસ શ્રૉફ બી. એ. એ પ્રસંગનિમિત્ત 'ધર્મ ને તેનું પ્રમાણ,' એ વિષય પર ભાષણ આપ્યું હતું.

તેમ વ્યાખ્યાનમાળાનાં પહેલા વર્ષનાં વ્યાખ્યાનો તા. ૩૦-૧-૨૭ને દિને રા. રા. નર્મદાશંકર દેવશંકર મહેતા બી. એ.એ આપ્યાં હતાં.

આ પ્રમાણે સ્મારકફંડને અંગે થએલી યોજના ફત્તેહમંદ રીતે અમલમાં મુકાઈ છે.

મોહનલાલ પાર્વતીશંકર દવે,
મંત્રી, સ્વ. રા. કમળાશંકર સ્મારક ફંડની વ્યવસ્થાપક સમિતિ



કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

પ્રસ્તાવના

નરસિંહ મહેતાના જીવન, કવન અને સામાજીક સ્થિતિ પર ભાષણ આપવ રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી સ્મારક કમીટીનું નિમંત્રણ સ્વીકારતાં મને એ આદ્ય કવિ વિષે બે બોલ બોલવાનો પ્રસંગ મળ્યો. એ ભાષણ જળવાઈ રહે અને કંઈક અંશે પણ ઉપયોગી થઈ પડે એ માટે વિષયવાર તેને પ્રકરણમાં વિભક્ત કરી ગ્રંથ રૂપે રજુ કરવામાં આવ્યું છે.

કવિ નરસિંહ મહેતા માટે ઘણી વિગતો મેળવવાની છે. પરન્તુ જ્યાં જ્યાં તેની તપાસની શરૂઆત કરવામાં આવે છે ત્યાં ત્યાંથી નિરૂત્સાહી બની પાછા હઠવું પડે છે. એટલે આ પુસ્તકમાં અત્યાર સુધીમાં થયલી શોધો પરજ આધાર રાખવામાં આવ્યો છે. જૂનાગઢ તથા પોરબંદર અને આસપાસનાં ગામોમાં જઈને તપાસ કરતાં ખાસ જાણવા જેવું મને કંઈ ઉપલબ્ધ થયું નહિ. સોજીત્રાના કોઈ એક વલ્લભ કવિએ નરસિંહ મહેતાની કેટલીક વિગતો ભેગી કરેલી હતી પણ તેની ખબર કાઢતાં તેમાં પણ નિરાશા મળી છે. તપાસ કરનારથી હજી પણ ઘણી વિગતો અને હસ્ત-લિખિત પુસ્તકો ગુપ્ત રાખવામાં આવે છે એ વાત ઘણીજ શોચનીય છે. આથી નથી નવો પ્રકાશ પાડી શકાતો કે નથી સંશોધનની નવી બારી મળતી. સાહિત્યમાં પણ આ મુત્સદ્દીપણું શા માટે ?

શ્રીયુત અંબાલાલ જાનીની કેટલીક સૂચનાઓનો ઘણીખરી વાર લાભ મળતો હોવાથી એનો ઉપકાર માનવો અસ્થાને નથી. 'હારમાળા'ના સંબંધમાં એમની કેટલીક સૂચનાઓનો આ પુસ્તકમાં પૂરેપૂરો લાભ લઈ શકાયો નથી. આ પુસ્તક બીજી વાર મુદ્રિત થવાનો અવસર પ્રાપ્ત થશે તો હારમાળા તેમજ બીજી કેટલીક બાબતો સંબંધી કંઈક નવો ખુલાસો રજુ થશે.

ખખ્ખર બિલ્ડિંગ ગીરગામ
મુંબઈ તા. ૧૦–૧૨–૨૮

ગજેન્દ્રશંકર લાલશંકર પંડયા.

પુસ્તકોનો આધાર.

૧. નરસિંહ મહેતા કૃત કાવ્યસંગ્રહ. ગુ. પ્રેસ.
૨. કાવ્યદોહનો. ગુ. પ્રેસ.
૩. હારચરિત્ર. ગુ. વ. સોસાયટી.
૪. દિવાળીના અંકો. ગુ. પ્રેસ.
{ સ્વ. વ્રજલાલ કાળીદાસ શાસ્ત્રી;
દેવશંકર ભટ. વગેરેના લેખો }
૫. નર્મગદ્ય.
૬. મીરાં અને નરસિંહ. વસંત.
૭. સાહિત્યના માર્ગ સૂચક સ્થંભો.
૮. કવિતા અને સાહિત્ય.
૯. ગુર્જર સાક્ષરો.
૧૦. વસંત રજત મહોત્સવ અંક.
૧૧. ભાલણ. રા. મુ. મોદી.
૧૨. વિમલ પ્રબંધ.
૧૩. કાન્હડદે પ્રબંધ.
૧૪. ગુ. સાહિત્ય (ઇતિહાસ.)

નરસિંહ મહેતા

પ્રકરણ ૧લું

શ્રેષ્ઠ ભક્ત કવિ

ગુર્જર સાહિત્યની રસમયી ભૂમિ ઉપર પડતી આદ્ય કવિ નરસિંહ મહેતાની શુદ્ધ ભાવ ભરી નિર્મળ વાણી રૂપી ચંદ્રિકાના સ્રોતસ્તરંગોનાં જલબુન્દની તૃષા કયા રસિક ચાતકને ન હોય ! શાંત છતાં ઉન્મત્ત, સરળ છતાં દુર્ગમ, પુનરુક્તિના દોષવાળી છતાં મનોહર અને આકર્ષક, આ કવિની કવિત્વશક્તિનું ભાન કવિને ન હતું. કવિનો ભાષાભ્યાસ ન હતો. વિશાળ જ્ઞાન ને વાચન ન હતું. ઉચ્ચ શ્રેણિના કવિનો અભ્યાસ ન હતો. શાસ્ત્રીય ગ્રંથોનું અવલોકન ન હતું છતાં પ્રેમાનંદ, દયારામ, દલપતરામ, નર્મદ વગેરે કવિઓમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી, કવિપિતામહનું પદ લઈ શકે છે, આપણે આપી શકીએ છીએ. જુનાગઢના રમણીય સ્થળમાં નિવાસ છતાં ગિરનારની ભયંકરતાથી અવિચ્છિન્ન રહી, દૂરથી દૃષ્ટિગોચર થતી તેની અપરિમિત શાંતિનું દોહન કરતા હોય; કુદરતની ઉન્મત્તના પ્રતિ દુર્લક્ષ કરી એ ઉન્મત્તતાને પ્રભુ સાથે થતા આત્મસંયોગમાં પરિણમાવી દેતા હોય; ગિરનારના વિકરાળ સિંહસમા હિંસક પ્રાણીઓની ગર્જના અને ધસમસ વહેતા ધોધના ખળભળાટને પોતાના મંજુલ મંજીરાના રણકારમાં એકીભૂત કરી, તેને આત્મોલ્લાસમાં અવતારતા હોય; રાજકીય ઉપપ્લવ કે સંક્ષોભને તથા સ્વજ્ઞાતીય દુર્વૃત્તિને ગિરનારની તળેટીમાં દબાવી દઈ ત્યાંની કુદરતની પવિત્રતાનું પાન કરતા હોય; એવા આ પરમ શુદ્ધ કવિનાં હૃદયનાં આન્દોલનોનો ભાવ અન્તરમાં ઉતારતાં, તે સમયની સાહિત્યસ્થિતિ જોતાં, કવિએ સમય પર કરેલી અસરને નિરીક્ષતાં, ઉપરોક્ત પદને તે સંપૂર્ણ યોગ્ય છે એમ કહેતાં કોણ અચકાશે ?

નરસિંહ મહેતાની કવિતા એટલે એના હૃદયની આરસી. એની કવિતાના ભાવ એટલે પ્રભુપ્રેમની પરાકાષ્ઠા. એનાં કાવ્યોનો રસ એટલે **રસો વૈ સઃ** નું પ્રતિપાદન. એનાં જીવનપ્રસંગનાં કાવ્યો એટલે ક્ષણભર માયાવલિપ્ત જીવનો જીવન પ્રતિ દૃષ્ટિપાત. નરસિંહ મહેતા એટલે ભક્તિભાવથી **રસરૂપ**

બનેલ એક જીવાત્મા. એની વાણી એટલે એજ ભક્તિરસને એકજ પ્રેમભાવથી યુક્ત રાખનારી શરીરાકૃતિ. જે નિર્મળતા, શુદ્ધતા, મધુરતા અને આંદોલન એના ભાવમાં તેજ એના શબ્દમાં, શબ્દથી પરિણત વાક્યરચનામાં. જે પ્રેમભાવના એક સામાન્ય પણ ઉચ્ચ કોટીના ભક્તમાં, જે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખીભાવ પુરાણખ્યાત શ્રેષ્ઠ ભક્તોમાં તેજ નરસિંહમાં. જે અડગ શ્રદ્ધાની અત્યાજ્ય આવશ્યકતા ભક્તિભાવમાં તેજ નરસિંહમાં ક્ષણ ક્ષણ અવિચ્છિન્ન દૃષ્ટિગોચર થાય છે તેથી નરસિંહ એ ભક્ત. નિઃસ્પૃહતાની પરાકાષ્ઠા અને પ્રભુપ્રેમમય જીવન, શ્રદ્ધામય હૃદય અને તીવ્ર સંસારવિરાગ, એથી નરસિંહ એ પરમ ભક્ત. કવિતાનો આત્મા "રસ", હૃદયનો ઉભરો, પ્રતિવ્યક્તિ કે દૃશ્ય કે વિચાર્ય અથવા અનુભવનીય પ્રસંગથી વાણીમાં અવતરતો ભાવ, એને સુવ્યક્ત કરવાની યોગ્ય વાણી–ભાષા–નરસિંહમાં, માટે તે કવિ, અને તેથી નરસિંહ એ ભક્ત કવિ. ભાષા આડંબર રહિત, સરળ, મધુર, તદ્‌ભાવનું પ્રતિપાદન કરતી, સ્વાભાવિક ભાવને યોગ્ય; ભાવ અને ભાષાની અનુરૂપતા, પરસ્પર યોગ્યતા, નરસિંહનાં કાવ્યોમાં છે, દયારામ સિવાય બીજા ભક્ત કવિઓ કરતાં વિશેષ છે માટે નરસિંહ તે શ્રેષ્ઠ ભક્ત કવિ.

નરસિંહને આ પદ આપવામાં આવે તો પછી મીરાં, દયારામ, સ્વામીનારાયણ પંથના બ્રહ્માનંદ, પ્રેમાનંદ વગેરે તેમજ અન્ય ભક્ત કવિઓ ઉતરતા છે એમ તાત્પર્ય નીકળે. મીરાંબાઈને ગુજરાતી કવિઓમાં ગણવી કે કેમ એ શંકાસ્પદ છે છતાં જો એને ગુજરાતી કવિઓમાં સ્થાન આપવામાં આવે તોપણ ગોવિન્દગમન જેવાં કાવ્યો જોતાં, નરસિંહ મીરાં કરતાં અંશે ચઢે એમાં શંકા નથી. દયારામની ગરબીઓ ભાવવાહિની રસનિર્ઝરિણી છે. તાદૃશ ચિત્ર ખડું કરી શકે છે. માધુર્ય, હૃદયસ્પર્શિત્વ અને કોમળતા તથા લાલિત્ય છે. હૃદયનો ઉભરો છે. તન્મયતા છે. નરસિંહમાં સવિશેષ એટલું કે એનો આવેશ વધારે અને તેથી જાણે એનો આત્મા રસાસ્વાદમાં ઉન્મત્ત બની, રસમય થતો જાણે ઘુમતો હોય એવું દેખાય છે. દયારામમાં નરસિંહની ઉન્મત્તતા નથી, ગંભીરતા વિશેષ છે. ચિત્ર ખડું કરતાં કરતાં કવિ પોતે રસસ્વાદ અનુભવતા દેખાય છે. નરસિંહ તો એ રસાસ્વાદમાં પોતાનું તેમ વર્ણનીય વસ્તુનું પણ ભાન ભૂલી જાય છે. અન્ય કવિઓનાં કાવ્યો ભક્તિરસભર્યાં છે પણ જે વિશેષતા નરસિંહમાં દેખાય છે તે એમનામાં નથી.

પ્રકરણ ૨જું

ભક્તિ શૃંગાર

નરસિંહ મહેતાનાં કાવ્યોમાં ભક્તિરસ છે કે શૃંગારરસ છે એ ચર્ચાનો વિષય છે. કાવ્યશાસ્ત્રીઓએ ભક્તિને ભાવ માન્યો છે, તેથી રસ પ્રકરણમાં ભક્તિ-રસની ગણના થઇ નથી. આધુનિક વિવેચકો ભક્તિરસનું વિવરણ વિચિત્ર રીતે કરે છે અને તેથી નરસિંહ મહેતાનાં કાવ્યોમાં શૃંગારરસ છે, ભક્તિરસ નથી એવું સિદ્ધ કરવા મથે છે. ભક્તિ એ રસ છે એમ સિદ્ધ કરવામાં બીજા શૃંગાર, અદ્‌ભુત વગેરે રસોનાં આવશ્યક ઉત્પાદકો વગેરે નક્કી કરવાની જરૂર છે. પ્રાર્થનામાળાના અસ્તિત્વ પછી અને પ્રાર્થનાસમાજ જેવી સંસ્થાઓના ઉદ્‌ભવથી ભક્તિને રસ રૂપે મનાયો છે અને તેનો સ્થાયીભાવ શ્રદ્ધા અપાયો છે. ભક્તિરસનું શુદ્ધ સ્વરૂપ વિચારવા જતાં "શ્રદ્ધા" સ્થાયીભાવ તરીકે ઘટાવી શકાતો નથી[1]. સ્થાયીભાવ રસ રૂપે કેવી રીતે પરિણત થયો માનવો એ વિષેનું વિવેચન કરતાં સાહિત્યદર્પણમાંથી નીચેનો શ્લોક ટાંકી શકાય.

अविरुद्धा विरुद्धा वा यं तिरोधातुमक्षमाः ।
आस्वादाङ्कुरकन्दोऽसौ भावः स्थायीति संमतः ॥

એના સમર્થનમાં વધારે સ્પષ્ટતર કથન નીચેના શ્લોકમાં:—

चिरं चित्तेऽवतिष्ठन्ते संबध्यन्तेऽनुबन्धिभिः ।
रसत्वं ये प्रपद्यन्ते प्रसिद्धाः स्थायिनोऽथ ते ॥
सजातीयविजातीयैरतिरस्कृतमूर्तिमान् ।
यावद्रसं वर्तमानः स्थायिभाव उदाहृतः ॥

આ શ્લોકો ઉપરથી એકજ વાત ધ્યાનમાં રાખવાની નીકળે છે કે રસોત્પત્તિ માટે સ્થાયીભાવ પહેલેથી છેલ્લે સુધી કાયમ રહેવો જોઇએ. આલંબનવિભાવ, ઉદ્દીપનવિભાવ, અનુભાવ, વ્યભિચારીભાવથી પોષાયલો,

---

૧. કવિતા અને સાહિત્ય ભા. ૨ પૃ. ૮૨.

"શ્રદ્ધા એજ ભક્તિરસનો સ્થાયીભાવ છે. મનુષ્યના હૃદયમાં એ ભાવ પ્રકૃતિથીજ સ્થપાયલો હોય છે, અને તેનો વિકાસ થતાં તે ભક્તિમાં પરિણામ પામે છે."

બહાર તરી આવતા ચિત્તમાં લાંબો સમય રહેતો જે સ્થાયીભાવ તેજ રસ. "જાગ્રત એવી સ્થાયીભાવની વાસના તે રસ." સ્થાયીભાવ અને રસ એ તન્તુપટના સંબંધથી અથવા રૂ અને તન્તુના સમવાયી સંબંધે જોડાયલા છે. શ્રદ્ધા અને ભક્તિનો સંબંધ એવો છે કે કેમ તે તપાસવાનું રહે છે. શ્રદ્ધા એટલે શું ? હાલ ચાલુ વપરાશમાં શ્રદ્ધા એટલે અમુક વ્યક્તિ અમુક કાર્ય કરીજ શકશે એવી ખાત્રી. પ્રભુ કોઈ પણ ભક્તનું ભૂંડું કરતો નથી, ભક્તની હરહંમેશ સંભાળ રાખે છે, અણીની વખતે સહાય કરે છે એવી ભક્તના હૃદયમાં ખાત્રી એ શ્રદ્ધા. પુરાણની કથાઓથી પ્રભુની ભક્તપરાયણતાની ખાત્રી થાય છે અથવા વિશાળ સૃષ્ટિમાં પ્રભુની અપ્રતિમ શક્તિથી એજ સુખ આપશે એવી ખાત્રી થાય છે. આમ જોતાં શ્રદ્ધા એ પ્રકૃતિસિદ્ધ નથી પણ સમય જતાં તે ઉત્પન્ન થાય છે.[૨] કોઈ કોઈ વાર ભક્તિ અને શ્રદ્ધાનો એક અર્થમાં વપરાશ થાય છે પરન્તુ 'પ્રહ્લાદે મરતાં પણ પ્રભુની ભક્તિ તજી નહિ' એવા વાક્યપ્રયોગમાં પ્રભુની સ્તુતિ કરવી, તેના સર્વવ્યાપકપણાની માન્યતાથી અંતરાહ્લાદ અનુ-

---

૨. શ્રદ્ધા બાળકમાં પ્રથમ હોતી નથી. પ્રેમ હોય છે એ સ્પષ્ટ છે. મા કે બાપ મને બચાવશે એવો વિચાર આવવાથીજ તે બાળક અજાણ્યા માણસ પાસે દોડી જાય છે એવું નથી. પણ માબાપની પાસે વારંવાર રહેવાથી તે ત્યાં જાય છે. એક બે વખત જ્યારે માબાપ બચાવે છે અને કોઈ પણ વખત ન બચાવે એવું ન બને ત્યારે છોકરાંમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. દરેક મનુષ્યમાં શ્રદ્ધા હોવીજ જોઈએ એવું સ્વભાવસિદ્ધ નથી.

કૃષ્ણલાલ અને રામલાલ બે દુશ્મન છે. છતાં રામલાલ કપટી ઉપાયથી હેરાન નહિ કરે એવી કૃષ્ણલાલને શ્રદ્ધા છે. પણ ભક્તિ નથી પતિ પત્નીને ચાહતો નથી. પત્ની તેને ચહાય છે. પતિની પૂર્ણ સેવા કરે છે એટલે ભક્તિ છે પણ શ્રદ્ધા નથી.

ગીતાજીમાં શ્રદ્ધા અને ભક્તિ જુદાં છે:–

यो यो यां यां तनुं भक्तः श्रद्धयाऽर्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदध्याम्यहम् ॥
स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान् मयैव विहितान् हि तान् ॥

श्रद्धया અને अर्चितुं; श्रद्धया युक्तः અને आराधनम् એવા જુદા પ્રયોગો છે.

ભવતાં પ્રભુને વળગી રહેવું એવું ભકિત શબ્દથી સમજાય છે. ધ્રુવજીએ એક ચિત્તે પ્રભુનું ધ્યાન ધર્યું એ ભકિત. પરન્તુ પ્રભુ દર્શન દેશેજ, તપનું ફળ મિથ્યા નહિ થાય એવી ખાત્રી એ શ્રદ્ધા. નરસિંહે શ્રીકૃષ્ણનાં ગુણગાન ગાયાં એ ભકિત, પરન્તુ એ શ્રીકૃષ્ણ મારા ગળામાં હાર પહેરાવશેજ એવી ખાત્રી એ એની શ્રદ્ધા. આમ વિચારતાં શ્રદ્ધાથી હૃદયની ખાત્રી અને સંતોષ સૂચવાય છે, જ્યારે ભકિતથી પ્રભુ પ્રત્યે પ્રેમની એકતાનતા સૂચવાય છે. એટલે ભકિતને પ્રબળ અને ઉત્કટ કરનાર તે શ્રદ્ધા અને એજ શ્રદ્ધાથી જે દૃઢતા મનની બંધાય છે, તેથી ભકિત ઉત્તરોત્તર વધતી જાય છે. આમ શ્રદ્ધા ભકિતનું નિમિત્ત કારણ પણ બને છે, તેમ અનુભાવ પણ બને છે.

શ્રદ્ધા પ્રકૃતિસિદ્ધ નથી પણ આપ્તજનોનાં શિક્ષણથી કે પ્રમાણથી કે સ્વાનુભવથી ઉત્પાદ્ય છે. પ્રકૃતિસિદ્ધ ભાવ મનુષ્યમાં "પ્રેમ" અથવા સ્નેહ છે. માતપિતાનો સંતાન પ્રતિ પ્રેમ તે વત્સલતા; મિત્રનો મિત્ર પ્રતિ પ્રેમ તે સ્નેહ; પતિ પત્નીનો તે રતિ; પૂજ્ય પૂજકનો તે ભકિત. આ દૃષ્ટિએ જોતાં ભકિત એ પ્રેમનો પર્યાય થાય છે. પૂજ્ય પૂજકના દૃષ્ટાંતમાં તે સ્વામીભકિત (પત્નીની પતિ માટે, સેવકની સ્વામી માટે, યુવાનની વડિલ માટે). પ્રભુભકિત વગેરે શબ્દપ્રયોગોમાં પણ ભકિત શબ્દ વપરાય છે. એટલે સ્વામીભકિતમાં પૂજ્યતા સ્પષ્ટ દેખાય છે. પ્રભુભકિતમાં એ સ્પષ્ટતા વિશેષ છે. એટલે ભકિતના વિષયમાં પ્રેમમાં પૂજ્યતા સંલગ્ન છે, જ્યારે મિત્ર વગેરેના પ્રેમમાં સમાનતા છે. પણ એજ ભકિત જ્યારે ઉચ્ચ કોટિની બને છે, ત્યારે પૂજ્યપૂજક ભાવ જતો રહે છે અને સમાનભાવ રહે છે; અને તે નિરપેક્ષ રહે છે. પરિણામે સારૂપ્ય મુકિત થતાં સાયુજ્ય મુકિત મળે છે હું, તું નો ભાવ અને ભાન નિર્મૂળ થાય છે.

ઉપલા વિવેચનથી સ્પષ્ટ થશે કે ભકિતમાં પ્રેમ સતત અને અવિચ્છિન્ન હોવો જોઈએ. પ્રેમના મુખ્ય બે પ્રકાર, લૌકિક અને અલૌકિક. સંસારસુખને લીધે, અથવા અન્યોન્ય ઉપકારવૃત્તિને લીધે કે કોઈ પણ કારણથી ફલાપેક્ષ પ્રેમ તે લૌકિક, અને સાંસારિક સુખવાસના-રહિત, નિરપેક્ષ, સર્વ સમર્પણની બુદ્ધિથી યુકત પ્રેમ તે અલૌકિક. ભકિતમાં આ અલૌકિક પ્રેમભાવ રહેલો છે. આ પ્રેમભાવની વ્યંજના પ્રતિવ્યકિતના સતત

ધ્યાનથી, કે કીર્તનથી (જપમાળથી કે વાણીથી) થાય છે. તે વ્યકિતમાં ભકત અનન્યચિત્ત રહે છે, અને તેની સર્વ સમર્પણની વૃત્તિ સ્પષ્ટતર હોય છે.[3] એટલે ભક્તિને અભિવ્યકત કરનારી ચેષ્ટા વગેરેમાં કીર્તન, પૂજન, સર્વસમર્પણ, ધ્યાન વગેરે આવે છે; તેથી તે તે સર્વ ભક્તિભાવને વારંવાર અભિવ્યકત કરનારા અનુભાવો છે. એટલે પ્રભુ પ્રત્યે ભક્તિભાવ—એટલે હવે "પ્રેમ"ને અભિવ્યકત કરનારા ઉપલા અનુભાવ છે. પ્રભુ એ આલંબન વિભાવ છે. પરન્તુ અંબરીષ, પ્રહ્લાદ વગેરે ભક્તો પ્રતિ પ્રભુએ પોતાની કર્તવ્યપરાયણતા બતાવી છે અને તેથી મનુષ્યોમાં 'શ્રદ્ધા' ઉત્પન્ન થઈ છે. પ્રભુની કર્તવ્ય-પરાયણતાનું ભાન, તેની સૃષ્ટિ આદિ અલૌકિક કૃતિ, દાનવાદિના નાશનાં અલૌકિક કાર્યો, એની અદ્‌ભુત શક્તિનો ખ્યાલ વગેરે ઉદ્દીપન વિભાવો છે. પ્રભુની કૃતિથી અને કાર્યથી થતો ભકતને ઉન્માદ, ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ થતાં થતો હર્ષ અથવા શાન્તિ, નિશ્ચલતા, ગંભીરતા, દૃઢતા વગેરે સંચારી ભાવો છે. પ્રભુદર્શનથી કે સ્મૃતિથી થતો રોમાંચ, કે સ્વેદ વગેરે સાત્વિક ભાવો છે. આમ વિચારતાં ભક્તિરસ નિષ્પન્ન થાય છે. જ્યાં જ્યાં અલૌકિક પ્રેમભાવ

---

૩. જયા જયન્તના હૃદયની છેવટની સ્થિતિ આ અલૌકિક દિવ્યપ્રેમને વ્યંગ્ય કરે છે. પરન્તુ એમાં મનુષ્યત્વની ભાવના હોવાથી મોક્ષપ્રાપ્તિનો પ્રશ્ન સંભવતો નથી. તેથી એ પ્રેમ અથવા ભકિત અલૌકિક હોવા છતાં પણ કનિષ્ઠ છે, જ્યારે મીરાંનો શ્રીકૃષ્ણ માટેનો પ્રેમ એ મનુષ્યવ્યક્તિ પ્રતિ નહિ પણ દૈવી શકિત ગત હોવાથી તેમાં મોક્ષની પ્રાપ્તિ ગૂઢ છે. કેમકે એમાં **वासुदेवः सर्वम्** એવો અનુભવ થાય છે, અને **यं यं वाऽपि स्मरन्भाव त्यजत्यन्ते कलेवरम् । तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ८–६** એ ગીતાજીના શ્લોકમાંનું કથન સ્પષ્ટ અભિવ્યકત થાય છે.

सततं कीर्तयन्तो मां यतंतश्च दृढव्रताः । नमस्यन्तश्च मां भक्त्या नित्य युक्ता उपासते ॥ ૯-૧૪માં કીર્તન એ આવશ્યક અંગ ગણાવ્યું છે. વળી **पत्रं पुष्पं फलं तोय यो मे भक्त्या प्रयच्छति** ૯-૨૬ એમાં ઇષ્ટદેવની પૂજાની આવશ્યકતા ગણી છે. **तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः।** ૨-૬૧માં તેમજ **उपासनं नाम समानप्रत्ययप्रवाहकरणम् ब्र० शां०भा०अ.** ૪માં ધ્યાન, અત્યાજ્ય ગણ્યું છે. **यत्करोषि यदश्नासि यज्जुहोसि ददासि यत् ।** એમાં સર્વ સમર્પણ છે.

અવિચ્છિન્ન ઉત્કટ રૂપે પરિણમતો બતાવાયો હોય ત્યાં ત્યાં ભક્તિરસ છે એમ માનવું પડશે.

ભક્તિરસના બે પ્રકાર

ભક્તિના નવ પ્રકાર જાણ્યા છે. પરન્તુ પ્રાર્થના સમાજને અભિનન્દન રૂપ થઈ પડેલી પ્રાર્થનામાળા બહાર પડ્યા પછી બે નવા વિભાગો લોકદૃષ્ટિ સમક્ષ સવિશેષ તરી આવ્યા છે. પ્રથમ પ્રકાર મૂર્તસ્વરૂપની ભક્તિનો અને બીજો પ્રકાર અમૂર્તશક્તિનો. પ્રથમ પ્રકારમાં પ્રાર્થનામાળાનાં પદો જેવાં, જેમાં ઇશ્વરની કુદરત જોતાં તેની એ લીલાનું ભાન થતાં, એની અમાપ્ય શક્તિની પ્રશંસા કરનારાં પદો આવે છે. આથી ઇશ્વર પ્રતિ અતિ સન્માનની લાગણી થાય છે. ઇશ્વરમાં મન સંપૂર્ણ સંયોજાય છે. કયો પ્રકાર શ્રેષ્ઠ છે એ વિષે અત્ર વાદવિવાદને સ્થાન નથી. પરન્તુ ભક્તિરસમાં અમૂર્તતા આવશ્યક છે, મૂર્તતાથી ભક્તિરસ સ્ખલિત થાય છે, [૪]એવી સાહસી ઉક્તિ અતિ ભૂલ ભરેલી છે, એમ કહેવું પડે છે. ભક્તિરસનો સ્થાયીભાવ શ્રદ્ધા થઈ નજ શકે એ ઉપર બનાવ્યું છે. પ્રેમ એજ સ્થાયીભાવ સંભવે એમ છે, છતાં શૃંગારરસ અને ભક્તિરસ સમાન થતા નથી. શૃંગારરસમાં રતિ અથવા પ્રેમ એ દેહવિષયા રતિ છે. ભક્તિરસમાં તે હૃદયવિષયા રતિ છે.

---

૪ કવિતા અને સાહિત્ય. ભા. ૨. પૃ૦. ૬૬–૬૭.

"આ સ્વરૂપના ભક્તિરસમાં અમૂર્તતા, અનન્તતા, ચિન્મયતા, સાત્વિકતા એ ગુણોના ભાવજ ઉત્કર્ષ કરાવે છે. તેથી ઉલટા ગુણના ભાવ ભક્તિરસથી વિમુખતા કરાવે છે, બીજા રસમાં જતા રહે છે. ભક્તિરસની દિવ્યતા, અમૂર્તતાથીજ સંપ્રાપ્ત થાય છે. મૂર્તતા મનને પાર્થિવરસમાં બાંધી રાખે છે. ગુજરાતના પ્રાચીન ભક્ત કવિઓએ......તેમનાં જે માત્ર ભજનનાંજ પદો છે તે સર્વ કૃષ્ણ સંબંધી હોવાથી, કવિ અને કવિના આદર્શનો સંબંધ ગોપી અને કહાનનો હોવાથી, મૂર્તિમાન અવતારનું દર્શન, સર્વ ભાવ અને વિચારનું મધ્યબિન્દુ હોવાથી આત્મિક ભક્તિરસની અમૂર્તતા સચવાઈ નથી. .મનનો ઉદ્રેક અપાર્થિવ દિવ્યતા તરફ થવાને બદલે, ઇન્દ્રિગમ્ય વિષયો ભણી થયો છે. રસ ભક્તિને બદલે શૃંગાર થઈ ગયો છે. રસિક કાવ્યો થયાં છે પણ ભક્તિરસપૂર્ણ કાવ્યો નથી થયાં. બીજા રસથી પૂર્ણ કાવ્યો થયાં છે. "ભક્તિરસમાં મૂર્ત પદાર્થોથી થતા હર્ષનો અવકાશજ નથી."

પ્રથમમાં તે સમાનભાવની છે. બીજામાં તે પૂજ્યભાવની છે. વળી શૃંગારમાં આલંબન વિભાવ મનુષ્ય છે, બલકે સમાન કોટીનો પ્રાણી છે. ભક્તિમાં તે પ્રભુનુંજ સ્વરૂપ અથવા અવતાર છે. આ રીતિએ શૃંગારરસ અને ભકિતરસ ભિન્ન પડે છે. મૂર્તતા બાધક નથી. કેમકે પ્રેમ ભાવ અને તેને વ્યકત કરનારા શબ્દોથી ભકતોનું હૃદય મૂર્તિ કે આકૃતિમાં લીન રહેતું નથી, પણ તેમાં જે અપરિમિત અનન્યા શકિત છે તેનુંજ ધ્યાન ધરે છે. અમૂર્તતાના વિષયમાં આકૃતિરહિત શકિતનું ભાન આત્મા કેવી રીતે કરી શકે? શકિત દેખાતી નથી પણ શકિતનાં કાર્યોજ દેખાય છે. એકલાં કાર્યો ઉપરથી શકિતનો ખ્યાલ આવે પણ જો મૂર્તિ નજ હોય તો શકિત કયાં અને શેમાં રહે છે તે સમજાતું નથી. અખિલ વિશ્વની શકિતનો ખ્યાલ કરતાં વિશ્વરૂપ પરમાત્મા માનતાં વિરાટ્ સ્વરૂપની આકૃતિ ચિન્તવીજ પડશે. અહિં ભકિતરસની અમૂર્તતાની વ્યાખ્યાને બાધ આવે છે. આવા ભકિતરસમાં તો વિચાર અને વાંછનાનોજ આનંદ મળે, અનુભવનો અને આત્મૈકયનો નહિ. આમ વિચારતાં અમૂર્ત ભકિતનો અસંભવ સ્પષ્ટ જણાશે. મૂર્તિસહિત ભકિતની પરાકાષ્ઠા સાયુજ્ય મુકિત મળતાં આવે છે. અલૌકિક સ્વરૂપની મૂર્તિના ધ્યાનથી મનુષ્ય પોતે પણ તેવુંજ સ્વરૂપ પામતાં તેમય બની જાય છે, જ્યારે મૂર્તિરહિત ભકિતવાળો પામર મનુષ્ય ઝાડ, પાન અને તારામાં મચ્યો રહેતો પ્રભુને ગુણરૂપે જોવા મથતો ઈંટાળાના બાચકાજ ભરી રહેશે.[5] ભકત કવિ નરસિંહ, કે મીરાં જેવાનું સરળ હૃદય ન સમજતાં કાંઈ

૫. આ પ્રકારનો ભક્તિરસ કયાંતો અદ્ભુત રસ કે શાંતરસનું સ્વરૂપ પામે છે. અથવા તો એનું મિશ્ર સ્વરૂપ બને છે. જેમ મૂર્ત ભક્તિરસને શૃંગારસ્વરૂપ માની લેવામાં આવે છે. તેમ અમૂર્ત ભક્તિને શાંતરસનું સ્વરૂપ માની ન લેતાં સર્વાંશે તે તેજ છે એમ સિદ્ધ કરી શકાશે.

शान्तः शमस्थायिभाव उत्तमा प्रकृतिर्मतः ॥
परमात्मस्वरूपं वा तस्यालंबनमिष्यते ॥ सा० दर्पण.

અમૂર્ત ભક્તિમાં આજ પ્રકારની શાંતિ છે. ખરૂં જોતાં તો અમૂર્ત ભક્તિમાં અને તેનાં કાવ્યોમાં પણ ઈશ્વરના ગુણ ભાવે દર્શન કરવાની લોલુપતા થતાં, સૃષ્ટિઆદિનું નિરીક્ષણ થતાં, જે ભાવ હૃદયમાં ઉત્પન્ન થાય છે તે ઈશ્વરની અલૌકિક શક્તિ પ્રતિ આશ્ચર્ય અને આદરનો. અલૌકિક શક્તિનું ભાન થતાં તેના

વિપરીતજ સમજી બેસશે. ભકિતરસમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ મૂર્તિની આવશ્યકતા છે. પરમાત્માની અદ્‌ભુત શકિત કે અવતારોમાં કરેલાં અદ્‌ભુત કાર્યોનું ભાન કરાવતાં મહિમાગાન પણ આવશ્યક છે. ભકતનો ઉત્કટ પ્રેમ પ્રભુ પ્રત્યે ન હોય તો ભકિત શબ્દ તે ભાવને માટે ગોઠી શકાયજ નહિ. પ્રેમ વિના ઉપાસના, સ્તુતિ, પ્રાર્થના કેવી રીતે થઈ શકે ? આ ત્રણે શબ્દોના ઉપયોગમાં પ્રેમ સર્વતઃ મૂળ તરીકેજ સંભવે છે, શ્રદ્ધા નહિ. શ્રદ્ધા તો નિમિત્ત કારણ છે પ્રેમ સમવાયી છે.

પ્રકરણ ૩જું

ભક્તિશૃંગાર (ચાલુ)

નરસિંહનો ભક્તિરસ

ગત પ્રકરણમાં આપેલા ભકિતરસના સ્વરૂપ ઉપરથી નરસિંહના ભકિતરસમાં પ્રેમનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે જોવાનું છે. પ્રેમભાવ ઇન્દ્રિય-જન્ય સુખનાજ અનુભવની અપેક્ષા રાખે છે કે અલૌકિક સુખની એ જોવાનું રહે છે. અમૂર્ત ભકિતરસમાં માનનારાઓ જેમ સૃષ્ટિ આદિની ઉત્પત્તિની કારણભૂત મહતી શકિત માને છે તેમ તેવી કોઈ મહતી શકિતને નરસિંહ માને છે કે કેમ તે જાણવા માટે કેટલાંક અવતરણો જોઈએ.

દૃષ્ટ ન આવે નિગમ જણાવે વાણી રહિત વિચારોરે,
સત્ય અનન્ત જેહને કહીએ તે નવધાથી ન્યારોરે;–પૃ.૪૯૧, પદ. ૬૫૭.

પ્રતિ આદર ભાવ-પૂજ્યભાવ-અને પ્રેમ ઉત્પન્ન થાય છે. જે ઈશ્વર આવી અલૌકિક સૃષ્ટિ રચી તેની સંભાળ લે છે તે મારી પણ લેશે એવી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જેમ જેમ એ શ્રદ્ધા વધે છે, આદરભાવ ઉત્કટ રૂપે દૃષ્ટિગોચર થાય છે, તેમ તેમ આનંદ ભોગનો સંતોષ શાંતિરૂપે અનુભાવ તરીકે દેખાય છે. અમૂર્ત ભક્તિમાં પણ અલૌકિક શક્તિ પ્રતિ પ્રેમની તો જરૂર છે. નથી એમ કહેવું એ "પેટભરી જમ્યો છતાં ભૂખ્યો છું" એમ કહેવા બરાબર છે. વિકારની જે તૃપ્તિ અને આનંદ માનવજાતિનો છે, જેમાં આત્મા સંસારવાસનાથી બંધાય છે તે પ્રેમ છે શૃંગારરસનો; અને જેમાં પ્રભુ સાથે વિકારની તૃપ્તિ અને પૂર્ણાનંદ છે, જેમાં આત્મા સંસારવાસનાથી મુક્ત છે કેમકે પ્રભુ ભક્તને મોક્ષ આપનાર છે તે દિવ્ય પ્રેમ તે ભક્તિરસનો. આથી આ ભક્તિરસમાં દિવ્યતા, અલૌકિકતા વગેરે છે.

એવો રત્નકોપ નિધાન ગુણનો નિગમે નિર્ગુણ ભાખીએ,
વેદ તિહાં વિધિ ભેદ બોલે દયાનિધિ કરી દાખીએ પૃ. ૧૧૮, ચાતુરી ૧લી.
અખિલ શિવ આદ્ય આનન્દમય કૃષ્ણજી; પૃ. ૪૮૯; પદ ૪૫.
પૂર્ણાનંદ પોતે પુરૂષોત્તમ પરમ ગત છે એનીરે,
એ પદ ક્ષર અક્ષરની ઉપર તમે જોજો ચિત્તમાં ચેતી રે;
પૃ. ૪૯૧ પદ ૨૭.
કૃષ્ણલીલા રસ ગાઈએ પ્રેમ પરમ સ્વરૂપ. પૃ. ૧૬; પદ ૪૦.
મેં ગાયો બ્રહ્મ તે પરમાનંદ શું કરમના જીવ તે મરમ બોલે,

× × × ×

જ્યાં છે પ્રેમ ત્યાં પરમાનંદ છે અન્ય આનંદ ત્યાં અન્ય હોયે,
નરસૈંયો મહામતિ ગાય છે ગુણ કથી કામી એ સમજે તો કામનોયે;
પૃ. ૮૨; પદ ૧૩૭.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નરસિંહના ઈષ્ટદેવ પ્રભુ તે અચિન્ત્ય પરમ શકિત, આનન્દમય અને પ્રેમસ્વરૂપ છે. એટલે અમૂર્ત ભકિતમાર્ગીઓએ માની લીધેલી કેવળ શકિતરૂપ પ્રભુ કરતાં આ પ્રભુનું સ્વરૂપ ઉંચું છે. આ પરમશકિતનું પ્રેમસ્વરૂપ સમજવા, કેવળ તેની સૃષ્ટિ જેવી કૃતિ જોઈ અંતરાહ્‌લાદ પામવા નહિ, તે પ્રેમસ્વરૂપનુ ચિત્ર દૃષ્ટિ સન્મુખ ખડું કરી તેમય થઈ જવા, સતત આનન્દાવસ્થા ભોગવવા નરસિંહે પ્રેમસ્વરૂપનાં ગાન ગાયાં છે. નરસિંહે સ્થૂલશૃંગારની ઉપેક્ષા જ કરી છે, તેને નિંદ્યો છે, અને પવિત્ર પ્રેમભાવરૂપી ભકિત બતાવી છે. નરસિંહના શબ્દોમાં,

જો તમે નાગરા શૃંગાર ગાશો તો બાપડા ફજેત થાશો.
હારમાળા—પૃ. ૫૪૩ પદ ૧૭.

તમે જાણો વિષયરસ ગાયો મારે હરિ શું પ્રેમ ઉભરાય,
હરિલીલા શણગારજ ગાતાં , વિષયી નહિ કહેવાય;
પૃ. ૧૮; પદ ૪૫.

એટલે અમૂર્ત ભકિતમાર્ગીઓની શકિત કરતાં ઉંચા પ્રકારની શકિત પ્રભુની છે એવું માની એ શકિતનું પ્રેમસ્વરૂપ વર્ણવવાનો નરસિંહે ઉપક્રમ

કર્યો છે. પ્રહ્લાદ આદિ ભકતોએ એજ પ્રભુની વિશ્વવ્યાપી શકિતનું ગુણગાન કરી પોતાની ભકિત બતાવી છે. નરસિંહે એજ પ્રભુની એજ શકિતનું ઇતર સ્વરૂપ બતાવ્યું છે.[૧]

નરસિંહની ભકિત એ સ્થૂળશૃંગાર નથી

નરસિંહનાં કાવ્યોમાં સ્થૂળશૃંગાર સ્પષ્ટ દેખાડનારાં હોય એવાં પદો ઘણાં છેઃ—

પ્રાણનો પ્રાણ તે, આજ મુજને મળ્યો, તેણે કરી મારે હ્રદે હર્ષ વાધે,
પિયુતણી સેજ તે, કુસુમસૂત્રે રચી, નવી નવી ભાતનો સંધ સાધે; ૧
નેણે અંજન કરી, નરસૈંયા શ્રીહરિ, પ્રેમે શું આવીને સાંઈ લાધું,
અધર ચુંબન કરી, કુચ ઉપર કર ધરી, સ્નેહ શું શામળે ગુહ્ય કીધું; ૨
ધન ધન આજની, રાતડી કૃષ્ણજી, સાથે રમી ગોપી લાજ લીધી,
નરસૈંયાચા સ્વામી, ધન એ વશ આણીઓ, શું કરે સાસુડી અધિક કોપી; ૩
પૃ. ૧૯૨; પદ, ૧૦૧.

આજની રાતનો રંગ સખી શું કહું સન્મુખ શામળે સાંઈ લીધું,
ભોગ ભાવે કરી ભોગવ્યો શ્રીહરિ પ્રેમ શું ચુંબન ગાલે દીધું; ૧
ઠામ ઠામ ડંક, કીધા ઘણા પ્રેમ શું, પ્રીતની વાત તે પિયુ શું કીધી,
સુરતસંગ્રામમાં, ન્યૂન રાખી નહિ કરસાહી કૃષ્ણજીએ ઉર લીધી; ૨
પીન પયોધર મરડ્યા માવજી, કંચુકી બંધ તે ગયા રે છૂટી,
નરસૈંયાચા સ્વામિ રંગ રમીઓ, બહુ જનમ જનમની બીક છૂટી. ૩

શ્રી હરિ, શ્રી કૃષ્ણ અને મોક્ષપ્રાપ્તિની ભાવનાદર્શક શબ્દોને સ્થળે જો અન્ય લૌકિક શબ્દો યોજવામાં આવે તો આવાં કાવ્યો કેવળ શૃંગારનાં

---

૧. આ એક ઢાલની બે બાજુ જેવું છે. પ્રભુની વિશ્વવ્યાપી લીલા ગાનારાં અનેક સ્તોત્રો છે પછી તેને ગમે તે કોઈ દેવનું નામ આપીને ગવાયાં હોય છતાં તે સ્તોત્રો અમૂર્ત ભક્તિમાર્ગની ભક્તિનું ભાન કરાવે છે. મૂર્ત ભક્તિમાર્ગીઓ આ પ્રકારની ભક્તિમાં પણ માને છે. નહિ તો—

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જુજવે રૂપે અનંત ભાસે"

એ પ્રકારનાં કાવ્યો રચાય નહિ. ભક્તોએ આને જ્ઞાન નામ આપ્યું અને પ્રાર્થનાસમાજીઓએ આ વિચારને વિસ્તૃત કરી ભક્તિ નામ આપ્યું.

ગણી શકાય. શૃંગારરસના આલંબન વિભાવ કરતાં આમાં આલંબન વિભાવ જુદો છે. શૃંગારરસમાં વાસનાની તૃપ્તિ અને હૃદયનો સંતોષ પામવાની અભિલાષા એ ઉદ્દીપન વિભાવનું કાર્ય કરનારાં છે. આ કાવ્યોમાં "જનમ જનમની બીક છૂટી" એમ મુમુક્ષા ઉદ્દીપન વિભાવ છે. શ્રીકૃષ્ણની દિવ્યતા, અલૌકિકતા એ પણ ઉદ્દીપન વિભાવનું કાર્ય કરે છે. એટલે આવાં કાવ્યો શૃંગારના જેવાં દેખાય છે, પણ વસ્તુતઃ ભક્તિરસનાં છે.[૭]

પ્રકરણ

નરસિંહની પરિભાષા

શૃંગારની પરિભાષાનો સ્ફોટ

શૃંગારની પરિભાષા છે છતાં કાવ્યોમાં ભક્તિનુંજ પ્રાધાન્ય છે, એવું સૂચવવા નરસિંહે એક પદ યોજ્યું છે :

ધન્ય ધન્ય મહાપુણ્ય જસોદાતણું પુત્રભાવે પરિબ્રહ્મ રાજે,
નંદનો નંદ આનંદ થઈ અવતર્યો શેષ બળિભદ્ર સંગે વિરાજે; ૧
અમર આહિર, અર્ધાંગ ગોપાંગના, વૃક્ષવેલી સર્વ રાણી,
ભક્તિ તે રાધિકા, મુક્તિ જશોમતી, વ્રજ વૈકુંઠ તે વેદ વાણી; ૨
નિગમ વસુદેવજી, ગાય ગોપી ઋચા, દેવકી બ્રહ્મ વિવાદ કહાવે.
બ્રહ્મા કર લાકડી, વેણ મહાદેવજી, પંચવદન કરી ગાન ગાવે; ૩
ઇન્દ્ર અર્જુન, અહંકાર દુર્યોધન, દેવના સર્વે અવતાર લીધા,
ધર્મ તે રાય, યુધિષ્ઠિર જાણજો, દાસનો દાસ નરસૈંને કીધા. ૪

પૃ. ૪૮૩; પદ ૩૫.

---

૭. એમ પૂછવામાં આવે કે ઋતુસંહારમાં વર્ણવેલો શંકર પાર્વતીનો પ્રણય શૃંગારરસ કે ભક્તિરસ ? તો કહેવાનું કે બંને પાત્રો દિવ્ય છતાં તેમની વિકારવાસના, અને રૂપસૌન્દર્યના દર્શનથી ઉત્તેજીત કામવૃત્તિ સંતોષવાની છે. પૂજ્યપૂજકભાવ, પ્રભુ અને માનવની પરિસ્થિતિ ત્યાં નથી, માટે શૃંગાર. ગોપી અને કૃષ્ણમાં માનવ અને દેવની પરિસ્થિતિ છે, મુમુક્ષા છે કેમકે "સંસારનું સુખ શું કરૂં ન ગમે ઘરની વાત" "કામીએ સમજે તો કામ ન હોયે" "મેં વ્હાલાને સરવસ સોંપ્યું અવર ન જાણું કાંઈ રે" આદિ નરસિંહનાં વાક્યોમાં એ સ્પષ્ટ છે.

વળી ગોવિન્દગમનમાં :—

કઠિણમાં કઠિણ, મૃદુમાં મૃદુ, એવો અંકુશ કીધો રે,
સર્વ પ્રેમ ભેગા કરી ઘડીયો, પછી અંકુશ હરિને દીધો રે;—ગો૦
ગોપી મનાવવા કારણ છેલવેલું સુખ દેવા રે,
પ્રેમાંકુશ પકડી ગજે ચઢિયા નરખે સ્વર્ગે દેવા રે;—ગો૦
હરિ ન નાસે માટે કરી રચના પ્રેમ ભાલા સખી કર દીધા રે,
નરસંઈના સ્વામીનો હસ્તી ગાયો સુણ્યો તેનાં કારજ સીધાં રે;—ગો૦

પૃ—૭૧; પદ ૨૫.

કૃષ્ણ ગોપીના લીલાગાનનાં પરિધાન નીચે નરસિંહે સ્થૂલ શૃંગાર ગાયો એવાં અયોગ્ય કથનથી નરસિંહના શુદ્ધ માનસને અને તેની ખાત્રી કરાવનારા તેના અનુગામી કવિઓને સંપૂર્ણ અન્યાય કરવા જેવું છે. એના શૃંગારના રૂપકનો ખ્યાલ નરસિંહ મહેતાએ પોતે આપ્યો છે તે ઉપરથી આપણે તારવી કાઢીએ તો નીચે પ્રમાણે નીકળે.[૮]

રાધા નામરૂપી પ્રેમભક્તિનો પતિ અહંભાવ છે. એ પ્રેમસ્વરૂપ કૃષ્ણમાં રાધાને અનુરક્ત થવા દેતો નથી. તેમજ ઇન્દ્રિયરૂપી ઈર્ષ્યા, અસૂયા રૂપી નણંદ અને અહંભાવની જનેતા દુર્બુદ્ધિ, ભક્તિની સાસુ, વારંવાર ભક્તિના ઉપર કાબુ રાખવા મથે છે. ભક્તિને આથી દુઃખ થાય છે, છતાં એ પ્રબળ પ્રેમભક્તિ સર્વની અવગણના કરી, પ્રેમસ્વરૂપ કૃષ્ણમાં મુગ્ધ બને છે.

જ્યાં જ્યાં વિપ્રલંભ શૃંગારનું વર્ણન આવે છે ત્યાં ત્યાં ભક્તિ પ્રેમ-સ્વરૂપ ઇષ્ટદેવનો વિયોગ જરાપણ સહી શકતી નથી, અને વારંવાર તેનીજ ઝંખના કરતી રીબાય છે. એ સંભોગ શૃંગારનો આનંદ અનુભવે છે. એટલે આ સંભોગશૃંગારના વર્ણનથી ભક્તિ અને પ્રભુનું એકાત્મ્ય સૂચવાય છે.

કુંજ શબ્દથી હૃદય સૂચવાય છે. હૃદયમાં પવિત્રતા રૂપી શય્યા પર પ્રેમ સ્વરૂપ પ્રભુ અને પ્રેમ સ્વરૂપ ભક્તિની તન્મયતા આત્મા અનુભવે છે. એવું કુંજમાં થતા રાધાકૃષ્ણના વિલાસથી સૂચવાય છે.

---

૮. બુ૦ પ્ર૦ જાન્યુઆરી ૧૯૨૮. નરસિંહમહેતાનો શૃંગાર પૃ. ૫, ૬, ૭.

અબિલ, ગુલાલ, કુમકુમ, કેસર, વગેરેથી પણ કવિએ એવીજ સૂચનાઓ કરી છે. ભક્તિ અને પ્રભુની તન્મયતાનો આત્માને અનુભવ થવામાં શુદ્ધતા રૂપી અબિલ, અનુરાગરૂપી કુમકુમ, પવિત્રતારૂપી કેસર, અને ઉલ્લાસરૂપી ગુલાલની જરૂર રહે છે.

ઘણે સ્થળે કવિ રાત્રિનો આનંદ, રજનીનાં રમણ અને શર્વરીના સુખનો ઉલ્લેખ કરે છે. રાત્રિ, રજની, શર્વરી આદિ શબ્દોથી જે ભાવ **या निशा सर्वभूतानां**થી શરૂ થતા ગીતાજીના શ્લોકમાં છે તેવોજ ભાવ સૂચવાય છે. જ્ઞાનરૂપી દીપક રાખવામાં આવે છે.

આલિંગન આપવાની ચેષ્ટાથી હૃદયનો ઉન્માદ સૂચવતાં ચિત્તને પ્રભુમાં યોજવાનું સૂચવાય છે. એ ચિત્તસંયોજન થયા પછીજ તન્મયતા ભોગવાય છે. પ્રેમસ્વરૂપના દર્શનથી થતો આનન્દ ભક્તિ અને પ્રભુ અન્યોન્ય અર્પે છે, અને આત્મા એ ઝીલે છે, પીએ છે, રસમય બને છે. કુચમર્દનની ચેષ્ટાથી પ્રભુનું ઉત્કૃટ પ્રેમસ્વરૂપ સૂચવાય છે. ભક્તિરૂપી સ્ત્રીના પ્રેમસ્વરૂપનાં એ ઉત્કટ સ્થાનો છે.

દાણની માગણી અર્થહીન નથી. પ્રભુ એકચિત્તે ધ્યાનનું દાણ માગે છે. ભક્તિ એ ધ્યાનનું દાણ આપે છે, પરન્તુ પ્રભુની મમતા, પ્રેમ, અને અનુગ્રહની વાંછના રાખીને. એટલે પ્રભુમાં ભક્તિ થતાં ધ્યાન લાગે તો અવશ્ય પ્રભુનો ભક્તિ પ્રતિ પ્રેમ, મમતા અને તેનો અનુગ્રહ થવાનાંજ.

ગોવિન્દગમનમાં કૃષ્ણ નાસે છે અને ગોપીઓ પાછળ દોડે છે. એથી ભક્ત ઇષ્ટદેવને ધ્યાનમાં લેવા મથે છે અને અનેક પ્રકારની ભક્તિ આદરે છે એવું સૂચવાય છે. છેવટે ઇષ્ટદેવ પર ધ્યાન લાગે છે પણ એ ધ્યાનથી જે અનુત્તમ રસ અનુભવવાનો તે અનુભવાતો નથી. એટલા માટે સર્વ ભક્તિઓ દ્વારા—નવધા ભક્તિ દ્વારા—ઇષ્ટદેવને હૃદયરૂપી કુંજમાં પવિત્રતાના વાતાવરણમાં લઈ જાય છે. આમાં પ્રભુ અને પ્રેમલક્ષણા ભક્તિને પ્રાધાન્ય આપવા માટે પ્રેમ અંકુશને આગળ કરવામાં આવ્યો છે. પ્રેમલક્ષણા ભક્તિ એ નવધા ભક્તિથી બનેલા હાથીની પીઠનું સ્થાન બને છે. આમ પ્રેમલક્ષણા ભક્તિને અગ્રસ્થાન આપી, એવી ભક્તિથી પ્રભુ પ્રેમમય સ્વરૂપનો

અનુભવ કરાવે છે અને ઐકાત્મ્ય ભાવનો રાસ રમાડે છે એમ સૂચવ્યું છે. અક્રૂર તે જ્ઞાન સ્વરૂપ છે, ને કૃષ્ણને ભક્તિથી બચાવી શકતું નથી એમ બતાવીને જ્ઞાનથી પ્રભુ એટલા સુલભ નથી એમ સૂચવ્યું છે.

સુરતસંગ્રામમાં પ્રભુ પ્રેમલક્ષણા ભક્તિને વશ છે એમ બતાવાયું છે. એ ભક્તિ પ્રભુથી પણ ઉત્કૃષ્ટ છે. એટલે એ ભક્તિવાળો આત્મા પ્રભુથી પણ ઉચું સ્થાન ભોગવી શકે છે. પ્રભુના અને ભક્તિના આ સંગ્રામથી એટલુંજ સૂચવવાનું છે કે પ્રબળ ભક્તિના પૂર આગળ પ્રભુનું પ્રેમસ્વરૂપ એટલે પ્રભુ નરમ પડે છે; અને ભક્તિના પ્રેમસ્વરૂપમાં મળી જાય છે. પ્રભુ રણસંગ્રામને છોડી નાસે છે; એનો પણ એજ અર્થ છે કે પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ અતિ ઉત્કટ અને પૂર્ણ પ્રકાશવતું આનન્દમય બન્યું છે. બીજા ગોપો હારે છે એનો પણ એવોજ ભાવાર્થ છે કે નવધા ભક્તિ જેવી ભક્તિજ જીતી શકે છે; પણ પ્રભુને મેળવવા મથતા અન્ય જ્ઞાન, કર્મ આદિ માર્ગગામીઓ, જે કાર્ય ભક્તિ કરી શકે છે તે કાર્ય–પ્રભુને મેળવવાનું–કરી શકતા નથી.

ચાતુરીઓમાં કૃષ્ણ અને રાધાનો વિયોગ વર્ણવી તેમની દુખી સ્થિતિ બતાવી છે. તેથી એટલું સમજવાનું છે કે પ્રભુ ભક્તિનો વિયોગ સહી શકતા નથી અને ભક્તિ પ્રભુથી વેગળી રહી શકતી નથી. રાસસહસ્ત્રપદી, વસંતનાં પદો, શૃંગારનાં પદો વગેરેમાં વારંવાર એકના એક ભક્તિશૃંગાર ભાવની પુનરુક્તિ થયાંજ કરે છે. તેથી પણ કવિ એમ બતાવવા માગે છે કે ભક્તિ અને પ્રભુનો યોગ એટલો અવિરત અને અવિછિન્ન છે. જ્યાં વિચ્છિન્ન થાય છે ત્યાં વિપ્રલંભ શૃંગારના જેવાં વર્ણનો આવે છે; ભક્તિને માનીતી તરીકે વર્ણવવામાં આવે છે. પ્રેમસ્વરૂપની મૃદુતારૂપી લલિતા સખી પ્રભુનો અને ભક્તિનો પાછો સંયોગ કરાવે છે અને સ્નેહઝડી વરસે છે. રાધારૂપી ભક્તિના શૃંગાર, વેપવિધાન અને હાવ ભાવ વર્ણવવામાં ભક્તિની આકર્ષકતા કવિએ સૂચવી છે. નિર્મળતા, આહ્લાદકતા અને સંતોષ વારંવાર જણાવવામાં આવ્યાં છે. પરન્તુ પ્રભુ અથવા ભક્તિ અથવા બંને સાથે દર્પણમાં મુખ જોતાં જણાવ્યાં છે તે દર્પણ એક પ્રકારની સ્વરૂપપરીક્ષા છે, અને સૂચના છે કે ભક્તિ કરનારાંએ હમેશાં પોતાની એકનિષ્ઠા અને ભક્તિની પવિત્રતા જોઈ તે સંપૂર્ણ રીતે આકર્ષક છે કે નહિ તે વિચારવું.

કેટલેક સ્થળે રાધાનાં અને કૃષ્ણનાં વસ્ત્રોની ઉલટ પાલટ થયેલી બતાવી છે. આથી એક મહત્ત્વનું સૂચન સમજવાનું છે. ભકિતના પ્રાબલ્યથી એક સમય એવો આવે કે ભકત, "ભકિત અને પ્રભુ તે શું" એમ, વિચારમાં પડી જાય છે; ઘડીમાં ભકિતનેજ પ્રભુરૂપ દેખે છે તો ઘડીમાં પ્રભુને ભકિતરૂપ દેખે છે.

રાસથી તન્મયતા અને પ્રેમરસનો ઉન્માદ અને વસંતથી ભકિતની પ્રફુલ્લિત અવસ્થા સૂચવે છે.

પ્રકરણ ૫મું.

નરસિંહની પરિભાષા (ચાલુ) "

શૃંગારની પરિભાષાનાં કારણો

નિરાકાર તત્ત્વની ભકિતનો માર્ગ નરસિંહ મહેતાના વખતમાં ગુજરાતમાં પ્રચલિત ન હતો એટલે નિરાકારમાં સાકાર કલ્પી લેવામાં આવ્યો. કેવળ શુદ્ધ ભકિતથી થતાં મહિમાગાન, સ્તોત્ર આદિમાં રસ બહુ ઝામતો નથી. વળી ભકિતમાર્ગમાં પ્રેમ એ મુખ્ય સૂત્ર છે. કૃષ્ણને ઇષ્ટદેવ માનવાથી તેનાં પ્રેમસ્વરૂપનું મહિમાગાન કરવું એ નરસિંહની ભક્તિ થઇ. પ્રેમસ્વરૂપનાં મહિમાગાનમાં પ્રેમની પરાકાષ્ઠા વર્ણવવી જોઈએ. કેવળ ગોપીઓ નહિ પણ ગોપવર્ગ પણ શ્રીકૃષ્ણના પ્રેમનું પાન કરવામા રસબસ હતા. નાનકડા શ્રીકૃષ્ણના પ્રેમરસનું પાન કરવાને આબાલવૃદ્ધ ગોપીઓ તત્પર હતી ભક્તિમાં સર્વ સમર્પણની બુદ્ધિને ઉત્કટ સ્થાન આપવા માટે પતિને તજી મીરાંબાઈની માફક સ્ત્રીઓએ પોતાના દેહનું સમર્પણ ઇષ્ટદેવને કરતાં અટકવું ન જોઈએ એ ભાવને આગળ કર્યો અને તેને અંગે શૃંગારની પરિભાષા યોજાઇ અને ટીકાખોરો તેને ઉઘાડા શૃંગારનું નામ આપી બેઠા છે. એજ સર્વસમર્પણની બુદ્ધિએ આ શૃંગારભાષા જો નરસિંહે વાપરી ન હોત તો શા માટે તે "પ્રેમરસનો સ્વાદ શંકર જાણે કે જાણે શુક યોગી રે;" "એક જાણે વ્રજની નારી બીજો નરસૈંયો જોગી" એમ લખે ? સર્વસમર્પણ ગોપીઓએ આવી રીતે કીધું છે તેવી રીત સર્વ ભકતોએ કરવું એ હેતુ શૃંગારની પરિભાષા વાપરવાનો

છે. તેમજ ગોપીઓનાં સર્વસમર્પણ કેવળ શુદ્ધ ભાવથી પ્રેમસ્વરૂપ ઇષ્ટદેવનેજ થયાં હતાં અને પ્રભુએ તે સ્વીકાર્યાં હતાં એમ બતાવી પ્રભુ અને ભક્તના આ સંબંધનાં ગાન ગાવાનો નરસિંહનો બીજો હેતુ છે. ભક્તોએ પોતે સર્વ-સમર્પણ કરવું અને કરનારાઓએ કેવી રીતે કીધું તેનું ગાન ગાવું એવો મર્મ નરસિંહનો જણાય છે; કેમકે મન, કર્મ અને વચને હરિસેવા કરવા માટે લખે છે.

ભક્તિ વિના જે જન જીવે તે કેમ કહીએ માનવ દેહરે,
મન, કર્મ, વચને હરિ નવ સેવ્યા ભૂલ્યા ભવમાં ભટકે તેહરે.

પૃ૦ ૪૯૧; પદ. ૩૬.

આવા ઉત્તમ સર્વસમર્પણથી ઉત્પન્ન થતા રસનો અનુભવ કરવાને પોતાનો અભિલાષ બતાવે છે.

સુકુમાર રસ શુક સનકાદિક માણે અને શિવસમાધિએ લહ્યો,
તેની લેહેલુંએ ઝીલવાને નરસૈંયો લોભી રહ્યો.

નરસિંહનું મન્તવ્ય

ઉપર શૃંગારની જે પરિભાષા બતાવી તેનો ખ્યાલ નરસિંહને ખાસ રહ્યો હોય એમ લાગતું નથી. ફક્ત "ધન્ય ધન્ય મહાપુણ્ય જસોદાતણું, પુત્ર ભાવે પરિબ્રહ્મ રાજે." એ પદ જોતાં નરસિંહને પરિભાષાનો ખ્યાલ હોવો જોઇએ એમ કહી શકાય. પરન્તુ એનાં કાવ્યોનો સમગ્ર ખ્યાલ લઇએ તો શ્રીકૃષ્ણ અને ગોપીનો શૃંગાર, કામચેષ્ટા, કામક્રીડા એ સર્વનાં નિઃસ્પૃહતાથી ગાન ગાવાં એજ નરસિંહને મન ખરી ભક્તિ હોય એમ દેખાય છે. કૃષ્ણ અને ગોપીની કામક્રીડા એ વ્યભિચાર નથી. ઇષ્ટદેવ સાથે કામક્રીડા એ વ્યભિચાર ગણાયજ નહિ પણ ભક્તિની પરિસીમા ગણાય એમ નરસિંહનું માનવું છે; અને તેથીજ સુરતસંગ્રામમાં પોતે અને જયદેવ દૂતત્વ રાખે છે. રાસમાં નરસિંહ પોતાનું સાંનિધ્ય જાળવે છે. કામ-ક્રીડામાં નરસિંહ રસ ઝીલવાનું કાર્ય કરે છે.

કુંજ સમીપે આવીયાં કુંવરીને તેડી કુમાર,
એકાંત સ્થાને રચી શૈયા મળી કરે રે વિહાર.

ભુદર તે ભીડી હદેશું ચુંબન લીધું ગાલ,
રસીઓ તે રસ પ્રીતે પીએ કંદ્રપ રસ રસાલ;
તેજ સમે રસ તેજ સ્થાને ઉપજ્યો તે અધિક આનંદ,
રસિક જનને પાન કરવા મૂકાયો તે વ્રજ રાજન;
મૂર્ખ જડ પામે કહાંથકી અન્ય ઉપાસિક જેહ,
જેને કૃપા હોયે નાથની નિઃશંક પામે તેહ;
રસિકના રસ આગળે અમૃત શું લેખાય,
નરસિંહ જુગો જુગ અવતરી વિહાર ચરિત્ર એ ગાય,

ચાતુરી પો૦ પદ. ૭મું

શ્રી વૃંદાવન જમુના તટે બંસી બટે રસ જામીયો,
પ્રેમે પીયા રાસ રમીયા ત્યાંહ નરસૈંયો ઝુલી રહ્યો.

ચા. પો. પદ ૮મું.

આ પ્રકારનાં ગુણગાન એ ભક્તિરસ છે એમ નરસિંહ સ્પષ્ટ કહે છેઃ-

તમે જાણો વિષયરસ ગાપો મારો હરિશું પ્રેમ ઉભરાય,
હરિલીલા શણગારજ ગાતાં વિષયી નહિ કહેવાય;-શામ૦
શુકસનકાદિક નારદ શારદ હરિલીલા રસ ચ્હાય,
ભણે નરસૈંયો હરિરસ ગાતાં સકળ કારજ સિદ્ધ થાય.—શામ૦

સર્વ મનુષ્યે સખીભાવે રસ પીવો અને શ્રીકૃષ્ણ એજ એક પુરૂષ છે (હારમાળા–પદ–૪૫) એમ માનવું એવો નરસિંહનો અભિપ્રાય છે. હારમાળામાં એક પદમાં લખે છે કેઃ—

ધન્ય તું ધન્ય તું એમ કહે શ્રીહરિ નરસૈંયા તું મારો ભક્ત સાચો,
મેલી પુરૂષપણું સખીરૂપે થઇ રહ્યો તાહરા પ્રેમથી હું રે રાચ્યો.

પદ ૧૩૬ હારમાળા.

આ સ્પષ્ટ કથન ઉપરાંત એજ કથનના ધ્વનિ નરસિંહે અન્ય સ્થળે કાઢયા છે.

"આણી પેરે જેણે હરિ નવ ભજ્યારે તે નર પશુડાં કહીએરે"

પૃ. ૪૯૮. પદ. ૭.

"આણી પેરે" એટલે ગોપીની પેરે એટલે સ્ત્રીભાવે. વળી,

એ રસ જાણે વ્રજની નારી કે શુકદેવે પીધોરે
ઉગરતો રસ ઢળતો હુતો નરસૈંયાંએ ઝોંટીલી ધોરે.

પૃ. ૫૦૧. પદ. ૧૪

જે રસ શુકદેવે પીધો તેજ રસ ગોપીઓએ જાણ્યો છે તો પછી શુકદેવ તે પુરૂષ કે સ્ત્રી? કૃષ્ણ એજ પુરૂષ છે, અન્ય સ્ત્રી છે એવી નરસિંહની માન્યતા છે. એટલે નરસિંહે ગાયલો શૃંગાર તે વિષયરસ નહિ પણ ભક્તિરસ છે એવું નરસિંહનું કથન સ્પષ્ટ દેખાય છે.

પ્રકરણ ૬ઠું

કાવ્યવિવેચન

ગ્રંથવિભાગ

નરસિંહ મહેતાએ લખેલાં પદોનું પૂર સવાલાખનું કહેવાય છે. 'રાસ-સહસ્ત્રપદી' એ નામવિભાગથી આ કથનને ટેકો મળે છે. તેમજ આ વિષયનું નરસિંહ મહેતાએ પણ સૂચન કર્યું છે. નરસિંહનાં કાવ્યના વિભાગો નીચે પ્રમાણે કરી શકાય:—

(૧) ભક્તિશૃંગારનાં.
(૨) જ્ઞાનનાં.
(૩) આત્મજીવનના પ્રસંગનાં.
(૪) પ્રકીર્ણ.

ભક્તિશૃંગારનાં કાવ્યો—પદ.

કાવ્યસંગ્રહમાં આપેલાં રાસસહસ્ત્રપદી, શૃંગાર, વસંત તથા હિંડોલનાં પદોનો આ વિભાગમાં સમાવેશ થાય છે. વિવિધ પ્રકારની શ્રીકૃષ્ણ લીલા નરસિંહે ગાઈ છે શ્રીકૃષ્ણ અને ગોપીના રાસનાં કાવ્યો જેવાં કે:—

શરદ નિશાએ શ્રી મહારાજ કે વનમેં આવીયારે લોલ
મધ્ય નિશાએ વજાડી વેણ કે ગોપી કાં ચાલીયાંરે લોલ,

*   *   *

રંગભર રમવા માંડયો રાસ કે કારજ સીઝીયાંરે લોલ,
વાજે તાલ પખાજ ને ઝાંઝ કે વીણા વાંસળીરે લોલ.

શૃંગાર–પદ ૪૮૬.

*　　*　　*

એ રાસમાં

ઝાંઝરને ઝમકે ઝણુકે તારૂણી તાળી દેતીરે;
આનંદ વાધ્યો અબળા અંગે શામળીયો ઉરધર ભરે,

રાસ. પદ–૧૭

રાસ રમતાં શ્રીહરિ અંતરધ્યાન થાય છેઃ—

આણી વાટડીએ ગયા વનમાળીરે બાઇ મારી બેનડીયાં,
કોણે દીઠો હોય તો દેખાડોરે સખી સાહેલડીયાં.

*　　*　　*

વૃંદાવન માંહે રાસ રમતાં ચતુર્ભુજે ચક્ષ મીચાવીને.
અંતર્ધ્યાન થયા ધરણીધર, ગયો વિઠ્ઠલ મુને વાહીરે.–બાઇ૦

રાસ. પદ–૧૦૮

*　　*　　*

એમાં ગોપીની વિહ્વળતા—

---

૯. ન. કાવ્ય સંગ્રહ. પૃ. ૪૮.

"એની કવિતાના સંગ્રહ માટે એમ કહેવાય છે કે સઘળાં મળીને એણે સવાલાખ પદો કીધાં છે; જેમાંનાં લાખ પદો કીધા પછી એનું મૃત્યુ આવ્યું ને એનો જીવાત્મા ૨૫ હજાર પદો પૂરાં કરવામાં ઘુંટાયો ત્યારે એના દીકરા શામળદાસની ધણીઆણીએ કહ્યું કે બાકી રહેલાં પદો હું તમારે નામે પૂરાં કરીશ; ને પછી તે બાઈએ ૨૫ હજાર પદો મહેતાને નામે પૂરાં કીધાં એમ કહેવાય છે."

"વળી બીજી તરફથી એવી વાત જણાવવામાં આવે છે કે કવિએ બાકી રહેલાં પદો સાયલામાં તેમજ લાલા ભક્તનો જન્મ ધરીને પૂરાં કીધાં હતાં."

રાસસહસ્રપદીનાં તમામ પદો નરસિંહનાંજ છેઃ—

મારગ નવ રહ્યો રે ત્યારે હા કહીરે પછે આરંભ્યો ત્યાં રાસ,
જળ થળ લીલા તે હરિએ કરીરે કાઢયો હૃદયથી કામને વાસ;–હરિ૦
તે નરસૈંયે ગાઇ વિવિધ વિલાસમાંરે નામ તેનું સહસ્રપદીનો રાસ.

ગોવિન્દગમન

પંથડો નિહાળતી ભરે જોતી પીતાંબર પગલાં
મદનરસ ઘેલડીરે ભરતી લડસડતાં ડગલાં–પંથડો૦ ૧

* * *

પુછીયું દ્રુમનેરે મારા નાથતણો ઉપદેશ,
અમ તજી ગયોરે ધૂરત ધાબળીઆળો વેશ.–પંથડો–૭ *

* * *

સરોવરને પૂછીયું રે ક્યાંઇ નટ નાગર કેરી ભાળ;
નરસૈંયાઓ સ્વામી મળ્યોરે દીનોનાથ દયાળ–પંથડો૦–૧૦

રાસ–પદ. ૫૪

કેટલીકવાર ઉન્મત્તતા અને લજ્જાલોપ,

દીપકડો લઇશિ મારે ચાંદલીયા સ્થિર થૈ રહેજે આજ;
વાહલોજી વિલસ્યો હું સાથે લોપી સઘળી લાજ;
સોંપ્યું અંગ શામળીઆ સાથે કરવા કેલી વિલાસ,
રખે જોત્ય તું ઝાંખી કરતો પીઉડે માંડયું હાસ્ય,

* * *

રાસ–પદ. ૭૪

ફરી ફરી રમવાની આતુરતા,

અમને રાસ રમાડ વહાલા ! મધુરો બંસ વજાડ, વહાલા !
થૈ થૈ નાચ નચાડ વહાલા ! વૈકુંઠથી વૃંદાવન રૂડું,
તે અમને દેખાડ, વહાલા–

* * *

રાસ. પદ–૧૦૪

વસંતના દિવસોમાં પણ રાસ વગેરે રમાય છે. મહીડાંનું દાણ મંગાય છે. કામક્રીડા થાય છે અને ગોપીની ફરીઆદ થાય છે. ફરીઆદ કરતાં પણ ગોપીઓ વિહ્વળ થાય છે ને રમવા મંડી પડે છેઃ—

કહો કેમ વસીયેરે મારા વહાલા ગોકુળ લુંટ મંડાણી.
નંદતણો નાંધડીયોરે નરહરિ થઈને બેઠો દાણી.—કહો૦

* * *

*સરખાવો પ્રેમાનંદ દમયંતી વિલાપ.

એકનું દોજે વહાલો એકનું ફોડે એકનું દધિ લુંટી ખાય,
એકને વહાલો અટકણુ બોલે તેરે સહ્યાં કેમ જાય !—કહો૦
એકને વહાલો ચીર પહેરાવે એકને ચરણા ચોળી,
એકને વહાલો ગીત ગવડાવે બીજીને મેલે ઠેલી;—કહો૦
સહુરે સખી વૃંદાવન ચાલી અબીલ ગુલાલ ભરી ઝોળી,—કહો૦
નરસૈંયાના સ્વામીની સંગે રમતાં ત્યાં ખેલીશું હોળી૦—કહો૦

વસંત. પદ. ૧૫.

એમાં કેટલીક વાર કૃષ્ણ વનિતાનો વેશ ધારણ કરે છે;

વનમાં વિલસતાં વહાલો વનિતા વેશેરે;
નિરખતાં મોહી રહ્યાં સહુ અબળા અંગ ઉલ્લાસેરે—વનમાં.–૧

વસંત. પદ. ૪૪

આવી રમતોમાં કેટલીકવાર ગોપી શોકના સાલથી દુઃખી થાય છેઃ—

શોકલડી ધૂતારીરે, સહીયર શું કરૂંરે, તેને દેખે દાઝે મારો દેહ,
ઘણા દિવસ થયાં રે, વહાલો મારૂં ઘર તજ્યારે, જઈ કીધો નવલ નારસું નેહ;
એતો કાંઈ ચંચલરે, બાઈ અમે સાંસતાં, તેણે અમ ઘેર નાવે દીનોનાથ.
સરખાંને સરખુંરે, બાઈ એને સાંપડ્યું, ધુતો મળ્યો ધુતારાને સાથ.
કામણગારો બાઇ એનો કંચુવો, ચંચલગારાં છે કંઈ એનાં ચીર,
અમે તો પહેરૂં રે સાદી ચુંદડીરે તેણે ન મળે હરજી કેરૂં હીર.

વસંત પદ૦ ૯૩

* * *

શૃંગારમાળાનાં પદોમાં ગોપી અને કૃષ્ણનું પરસ્પર આકર્ષણ અનેક રીતે કરવામાં આવ્યું છે. ગોપિકા કોઈ વાર માનીતી થાય છે, કોઈ વાર વિરહિણી તો કોઈ વાર પ્રેમભીની નિર્બળ બને છે. એના ઉપાલંભમાં પણ પ્રેમરસ ઝરી રહે છે.

છેડલો ન તાણું મારા છાલનો છેલપણું મેલ માહરા વહાલા.—છેડલો૦
અમોરે આહીરડા નાર પિંડારી ને તુંને લોક કહાવે બ્રહ્મચારી;
પરનારીનો પાલવ તાણ્યો તો કહાનો બ્રહ્મચારી—છેડલો૦

શૃંગાર૦ પદ—૪૪

તેમ પરસ્પર ગોપીઓ તોણાં મારતાં પ્રેમનાં સૂચન કરે છેઃ-

આવડો શો આસંકોરે બાઈ તારે શામળીયા સાથે,
કાંઈ એક એને અક્ષત મેલ્યા, મંત્ર ભણી માથેરે—બાઈ૦
જમુનાજીમાં ઘડુલો ભેળાવે મસ્તકપર મેલાવેરે.
ઉંચા કરાડા ચઢતાં ઉતરતાં વાહલો બળ કરી બાંવડી ઝલાવેરે—બાઈ૦

*   *   *

નાનું સરખું રમકડું કીધું નાહના નાચ નચાવેરે,
નરસૈંયાચો સ્વામી નાનકડો વણુ તેડયો ઘેર આવેરે—બાઈ૦

શૃંગાર. પદ—૪૫

તેવીજ રીતે દાણ વિષેઃ—

મને રોકે છે કહાનવર દાણીરે નહિ જાઉં જમુના પાણીરે.
એક વાર જમુના પાણી જાતાં વ્હાલા, મારી સાથે સૈયર સમાણીરે—મને

શૃંગાર૯—પદ ૧૪૫.

ઉન્મત્ત શૃંગારનાં પણ પદો છેઃ—

દઈ આલિંગન હૃદયામાં ભીડયો શામળીયાને સંગેરે,
અધર અમૃત રસપાન કરતાં રજની વીતી રંગેરે.

શૃંગાર—પદ—૧૭૮.

કાંચલડી કમખાની ફાડી તોડયો હાર હૈયાનો રે;
પરાક્રમ તારાં કોઈ નવ જાણે દીસંતો હરિ નાનોરે;

શૃંગાર૦—પદ—૨૫૭

વિપ્રલંભનાં—

કહાનજીને કો લાવોરે મારા તનની પીડા તે જાણેરે,
મદન સતાવે મુને વ્હાલો મન ન આણેરે—કહાન૦

*   *   *

ઓસડીયાં મા કરશો સહિયો ! ઘણું ઘણેરૂં થાશેરે,
આણી આણી લહેરડીએ જીવલડો મારો જાશેરે.

શૃંગાર—પદ ૩૪૪

પ્રકરણ-૭મું

કાવ્યવિવેચન (ચાલુ)

ગોવિન્દગમન

તેત્રીસ પદનું ગોવિંદગમનનું કાવ્ય નરસિંહની ઉત્તરાવસ્થામાં લખાયલું છે. નાયક કૃષ્ણ અને નાયિકા રાધિકા છે. અક્રૂર, પ્રતિનાયક જેવું પાત્ર છે. વિષય ભક્તિનો છે.

જ્ઞાન અને ભક્તિનું યુદ્ધ થતું હોય એવો ભાસ આ કાવ્યમાં થાય છે. અક્રૂર જ્ઞાનરૂપી છે, અને ગોપીઓ નવધાભક્તિ, તથા રાધા દશમી ભક્તિનું કાર્ય સાધે છે. મનુષ્ય જ્ઞાનથી પ્રભુને મેળવે છે તે કરતાં ભક્તિથી શીઘ્ર મેળવી શકે છે, એવું બતાવવાનો નરસિંહ મહેતાનો હેતુ જણાય છે. એ વાતનું બી એણે એક પદમાં મૂક્યું છે—

મુદ્દા ટલીને મુગ્ધા થઇએ તો અનુભવ રસ આવેરે,
જ્ઞાન વિવેકથી હરિ અલગા ચતુરપણે વશ થાયેરે. સ૦

રાસ૦ પદ ૧૧૦

જેટલું ભક્તિરસનું તત્ત્વ આ કાવ્યમાં છે તેટલુંજ તત્ત્વ આ કાવ્યને કાવ્યની ખૂબીથી જોવામાં આવે તો મળી આવે છે. ગોપીઓ મધરાતે ઊઠીને સાસુ, સસરા વગેરેની મર્યાદાનો લોપ કરી અતિ વિહ્વળ અવસ્થાને લીધે ઘરનું કામ પણ ઉંધુંચતું કરે છે, કૃષ્ણનાં ચરિત્રનાં ગુણગાન ગાય છે. તેમ થતાં પશુપક્ષી પ્રભાત જાણી જાગી ઉઠે છે, અક્રૂર પણ નિદ્રા તજી દે છે; કૃષ્ણને પકડવા મથતી ગોપીઓ ભૂલમાં અક્રૂરને કૃષ્ણ સમજી પકડી લે છે. અક્રૂરની કફોડી સ્થિતિ થવી, શ્રીકૃષ્ણે અક્રૂરને સ્થળે ગોઠવાઇ જવું, પોતે ગોપીઓના પાશમાંથી યુક્તિ પૂર્વક છૂટવું; આ પ્રસંગો એક કરતાં એક રસપૂર્ણ ઝામતા જાય છે. રસની પરાકાષ્ઠા આવે છે ત્યાં પ્રસંગને જરા નરમ પાડી, ગોપીઓએ કૃષ્ણને પકડવા રચેલો વ્યૂહ, અને તે વ્યૂહને તોડવાનો અક્રૂરનો પ્રયાસ, ગોપીઓની ઉન્મત્તતા, રાસનું વર્ણન, ગોપીઓની વિહ્વળતા આદિ ભાગો પાછા પૂર જોસમાં ઝમાવ્યા છે. આખું કાવ્ય ભક્તિ રસથી ઉદ્દીપ્ત છે. પ્રેમ એ સ્થાયીભાવ સર્વત્ર સૂત્ર

રૂપે રહેલો છે. આલંબન શ્રી કૃષ્ણ છે. ગોપીઓની વિહ્વળતા, ઉંધાં કાર્યો, વડિલોની આજ્ઞાનો લોપ, વ્યૂહ રચના, હાથીની રચના વગેરે અનુભાવો છે. અક્રુરનું આવવું, અક્રૂર શ્રીકૃષ્ણને લઈ જશે એ ભય, કૃષ્ણે ગોપીઓના સંદેશાની અવગણના કરવી, શ્રીકૃષ્ણનું વ્યૂહ રચનાને ભેદી પલાયન કરવું કરવું વગેરે ઉદ્દીપન વિભાવો છે. [૧૦]ભક્તિ રસને બહલાવવામાં ભક્તોની વિહ્વળતા બતાવનારા પ્રસંગ યોજવામાં નરસિંહની કળા સમાય છે એવું આ કાવ્ય માટે નિર્વિવાદ કહેવાય. વડિલની મર્યાદાનો લોપ; રાત્રિએ દિવસનાં કાર્ય કરવા જતાં તે દૈનિક કાર્યો પણ ઉંધાં થવાં વગેરેથી એ વિહ્વળતા પૂર્ણ સ્વરૂપે બહાર આવે છે. ભક્તિરસ ઝમાવવામાં કવિના હૃદયમાં કવિત્વશક્તિ કુદરતી છે એવું બતાવનારા પ્રસંગોમાં ગોપીઓનાં પ્રભાતીયાંની અસર સૃષ્ટિ પર કેવી થઈ એ જણાવતાં:—

"પ્રભાત જાણી પંખીડાંરે ઉઠયાં કાક કરે તાં કાકારે"

એ પદમાં સ્ફુટ થાય છે. આ કાવ્યમાં ભકિતરસ રેડવામાં કવિની કાવ્યશકિત કલાપૂર્વક ખીલી નીકળે છે એમ અતિશયોકિત વિના કહી શકાય.

સુરતસંગ્રામ

બોત્તેર પદનાં આ કાવ્યમાં રાધારૂપી ભક્તિનો શ્રીકૃષ્ણ રૂપી પ્રભુ સાથે ઉન્મત્ત શૃંગાર વર્ણવ્યો છે. પરિધાન વીરરસનું છે. પ્રબળ ભાક્તના પ્રભાવ સામે શ્રીકૃષ્ણ જેવો પ્રભુ હારી નમી પડે છે. ભક્તિને સહાય કરનારી અનેક બીજી નવધા જેવી ભક્તિઓ છે. શ્રીકૃષ્ણને સહાય કરનાર ગોપ જેવા જ્ઞાનરૂપી મહારથીઓ છે. જયદેવ જેવો કુશળ દૂત છે. નરસિંહ ગોપીપક્ષનો કુશળ દૂત છે. લડાઇની તૈયારીઓ થતી હોય તેમ બે સૈન્યો ગોઠવવામાં કોણ કોની સાથે યુદ્ધ કરશે તેનું નિરાકરણ રાધામુખે કવિ કરાવે છે. નરસિંહ રાધાનો દૂત બની કૃષ્ણની સભામાં રાધાનું વિષ્ટિપત્ર આપે છે. શ્રીદામો વાંચે છે. નરસિંહ પત્રના અનુમોદનમાં વિષ્ટિ કરે છે. રાધાને શરણ થવા પૂર આવેશમાં ભાષણ કરે છે. કૃષ્ણ તેની ગર્વોક્તિ

૧૦ ગોપીઓના અક્રૂરના રથ સાથેના યુદ્ધપ્રસંગથી વીરરસ; ગોપ અને નંદ વગેરેનાં ઉભરાતાં હૃદયના ઉદ્ગારથી વત્સલતા; શ્રીકૃષ્ણ પકડાવવાથી ગોપીનો હર્ષ, શ્રીકૃષ્ણ જવાથી ગોપ વગેરેની મૂર્છા ઇત્યાદિ સંચારી ભાવો છે.

કરે છે. નરસિંહ તેને તરછોડી ચેતવણી આપી રાધા પાસે આવે છે. રાધા રાત્રિનો સમય થતાં યુદ્ધ માટે સિંહનાદ કરે છે. શ્રીકૃષ્ણ તરફથી જયદેવ દૂત થઈ રાધાને સમજાવવા આવે છે. જયદેવ વિષ્ટિમાં નિષ્ફળ નીવડે છે. કૃષ્ણ મકરાકૃતિ વ્યૂહ રચે છે. રાધિકા નાગાકૃતિ વ્યૂહ કરે છે. ફરી નરસિંહને વિષ્ટિ કરવા જવું પડે છે. પરિણામે દ્વંદ્વયુદ્ધ શરૂ થાય છે. પ્રથમ ગોપ જીત પર આવે છે, પરન્તુ રાધાના અપરિમિત બળને લીધે તેઓ ભાગે છે. પરન્તુ કૃષ્ણની યુક્તિથી રાધા કૃષ્ણના હાથમાં સપડાય છે. મહાબળવતી રાધા, કૃષ્ણ અને ગોપોને સબળ થાપ આપી છૂટે છે. સખત મારો શરૂ કરે છે. કૃષ્ણ મૂર્છિત થાય છે. રામ અને શ્યામ પકડાય છે. ઘણા ગોપા યુદ્ધમાં પડે છે. રાધાનો વિજય થાય છે.

આ પ્રમાણે વીરરસ રેડવાની શૈલી રાખી શૃંગારને વીરરસમાં પલટાવી મૂળ પાયારૂપ ભક્તિરસને ધ્વનિત કરી ગોવિન્દગમન કરતાં આ કાવ્યની શ્રેષ્ઠતા બતાવી છે. કુચ પકડવાં, ક્ષત કરવા, બાથ ભીડવી, દૃગઅસિ સજ્જ કરવી, ઊરની ઢાલ ધરવી, ભ્રશરાસનમાંથી બાણ છોડવાં ઇત્યાદિ વર્ણનથી શૃંગાર વીરમાં પરિણમાવ્યો છે. શૃંગાર વીરરસનો સંચારી થઈ શકે છે. પણ નરસિંહ તો એક પગલું આગળ વધી શૃંગારને વીર રૂપે વર્ણવે છે. સુરતસંગ્રામ એથી શૃંગારરસનું કાવ્ય છે અને તેથી તે સંભોગશૃંગાર છે એમ તાત્કાલિક સમજાય છે. ક્ષણભર વીરરસની પરિપાટી ભૂલી જઇએ તો શૃંગારનુંજ ભાન થાય. શૃંગાર અને વીરની આવી મિશ્રતાને આપણે ઉન્મત્ત ભક્તિશૃંગાર નામ આપીએ તો ખોટું નથી. પરન્તુ કાવ્યનો સ્થાયી ભાવ ઉત્સાહ ધ્યાનમાં લેતાં કાવ્યને વીરરસનું કહેવું યોગ્ય લાગે છે. રાધા અને કૃષ્ણનો અનુરાગ એ પ્રભુ અને ભક્તનો અનુરાગ છે એમ સ્મૃતિમાં આવતાં ભક્તિરસની સ્મૃતિ થાય છે, તેથી ભક્તિરસ ધ્વનિત થાય છે.

ગોવિન્દગમનમાં કલા વિશેષ છે. કવિત્વ પણ વિશેષ છે. આ કાવ્યમાં વર્ણનશૈલીની વિશેષતા છે. આ દૃષ્ટિએ આ કાવ્ય વિશેષ આકર્ષક છે. પરન્તુ કવિત્વશક્તિના ખ્યાલથી બંને કાવ્યની સરખામણી કરીએ, તેમજ ભક્તિરસનું વિશેષ સ્ફુરણ કયા કાવ્યથી થાય છે એ વિચારવા જઇએ તો ગોવિંદગમન વિશેષ ગુણોવાળું દેખાશે. એકસરખી અસર સુરત સંગ્રામથી થાય છે. પણ ગોવિંદગમનમાં નિરુપાયતાથી યુદ્ધ થાય છે. સુરતસંગ્રામમાં હેતુજ યુદ્ધનો છે.

ચાતુરીછત્રાસી અને ષોડશી

નામ પ્રમાણે ચાતુરીછત્રીસીમાં છત્રીસ પદો છે. એમાં કૃષ્ણની ચાતુરી (ચાતુર્ય), દાણ લેવામાં કેવી આગળ પડે છે એનું વર્ણન હોવાથી ચાતુરી-છત્રીસી એ નામ આ વિભાગને આપવામાં આવ્યું દેખાય છે; એવું "આજની તમારી ચાતુરી જાણીજી; મારગે બેઠાછો થઇને દાણીજી" એ બીજી ચાતુરીની પહેલી લીટી જોતાં જણાય છે. [૧૧]

આ કાવ્યમાં શૃંગારની પરિપાટી રાખી ભક્તિરસ રેડ્યો છે. પદમાં ભક્તિરૂપી ગોપી અને કૃષ્ણરૂપી પ્રભુની એકતાનો આનંદ બતાવ્યો છે. ચાતુરી–૭મી, ૧૫, ૧૭, ૧૯, ૨૦, ૨૩, ૨૫મીમાં. શ્રીકૃષ્ણનું વિવિધ ચાતુર્ય બતાવ્યું છે.

બીજી ચાતુરીઓમાં ખાસ વિવિધતા નથી. પણ વર્ણનકળાની વિવિધતા રસમય વાક્ય પ્રયોગોમાં અને કાવ્યના એકજ ભાવનું અન્ય રીતે આલેખન કરવામાં છે. ઉપરોક્ત ચાતુરીમાં કોઈ વાર સર્પના મણિથી અંધકારનો નાશ કરવામાં સર્પથી ગોપી ગભરાઈને કૃષ્ણને બાઝી પડે છે. કોઈ વાર અન્ય ગોપીના વિહારના ચિહ્નનું સમાધાન મુક્તાફળના હારના ડંખ છે એવી રીતે કૃષ્ણ કરે છે. કોઈ વાર આવાં ચિન્હોથી રીસાયલી ગોપી સામું હસી દે છે. કોઈવાર નેત્રસંજ્ઞાથી કાર્ય સાધે છે. કોઈવાર કરગરી પડે છે. કોઇ વાર માર્ગ રોકી દયામણાં થઈ દાણ માગતાં મુગ્ધ કરે છે. કોઈવાર મર્મવાક્ય સાંભળતાં તે મર્મવાક્યો કહેનારીનું શરણ માગે છે. એમ એમ નવીન ચાતુરી કવિએ બતાવી છે. ચાતુરી ૨૭માં સર્વ ચાતુરીઓનો મર્મ મૂક્યો લાગે છે.

રાગ દેશાખ.

અભિનવી વિદ્યા હરજીની જાણીજી;
યમુના કાંઠે જાતાં પાણીજી;
પાલવ ગ્રહીને હરજીએ તાણીજી;

ઢાળ

પાલવ ગ્રહીને હરજીએ જાણી ત્યારે હું મન લાજી ઘણું,
હરખે ચુંબન લઈ આલિંગન કારજ સરીયું મુજતણું;

---

૧૧. "રૂડી પેરે જાણ્યું નહિ તો જુઓ ગોવાળાની ચાતુરી," એજ કાવ્યની ૫મી કડી બતાવે છે કે ગોપીને વિહ્વળ કરી તેનું તન મન મેળવવામાં કૃષ્ણની ચાતુરી કેવી હતી તે વર્ણવવાનો કવિનો વિચાર છે.

વલણ

કારજ સરીયું એનું ને મારૂંજી,
વહાલાજીએ મને હૈડામાં ચાંપીજી,
રસ નિરધાર ઘણો મુજને આપીજી.

ઢાળ

નિરધાર રતિરસ છે રસ ઘણો તમે જાણ્યો હોય તે જાણજો.
નરસૈંયાના સ્વામી સંગ રમતા માણી શકો તો માણજો.

ચાતુરીષોડશીમાં સોળ ચાતુરીઓ છે. ચાતુરીછત્રીસીની માફક સામાન્ય રીતે જેમ ગોપીને ઉદ્દેશી લાખાઈ છે તેવું નથી. આ ચાતુરીઓમાં રાધા નાયિકા છે, લલિતા દૂતી છે, અને રાધા અને કૃષ્ણનો તે સમાગમ કરાવે છે. કાવ્યનો ઉપાડ કૃષ્ણથી રાધા રીસાઇને ગઈ છે તેનું બ્યાન લલિતાના પ્રશ્નના ઉત્તર રૂપે કૃષ્ણ કરે છે, ત્યાંથી થાય છે. ચાતુરી ૮ સુધી રાધાકૃષ્ણનો મેળાપ અને રમણ છે. ૯મા પદમાં આ પ્રસંગદ્વારા નરસિંહ મહેતો પોતાના જીવન-પ્રસંગનું સૂચન કરે છે. દશમા પદથી છેવટ સુધી વિવિધ રીતે કૃષ્ણએ સુખ આપ્યું તેનું વર્ણન રાધા લલિતા આગળ કરે છે. રતિરંગ રમવાની કળા, અને પદ સોળ છે એવું કાવ્ય તે ચાતુરીષોડશી એમ અર્થ નીકળે છે. દરેક પદમાં ચાતુરી નથી. ચાતુરી ૧૩મીમાં રાધાએ કૃષ્ણ ઉપર રતિવિજય મેળવ્યો હોય એવું વીરરસનું ભાન કરાવનારૂં વર્ણન છે. રતિયુદ્ધમાં હારી રાધાને શરણે જાય છે.

કૃષ્ણ–શરણ રાખો સુંદરી હું તુજ આગળ ઓચરૂં,
દીન જાણી દયા આણી પ્રેમ શું ઉર ઉપર રહું;
રાધા–આજ પછે હે વાલમા! મોટપણું ન આણેશ મંન,
લઘુ વેશ જાણી દયા આણી મૂકું છું પ્રાણ જીવન.

આ રાધાકૃષ્ણના વિહારમાંથી તાત્પર્ય કેવું લેવાનું છે તે નરસિંહ પદ ૧૭મામાં લખે છે:

તેજ સમે તેજ સ્થાને ઉપજ્યો તે અધિક આનંદ,
રસિક જનને માન કરવા મૂકીયો તે વ્રજ રાજન;

મૂર્ખ જડ પામે કહાં થકી અન્ય ઉપાસિક જેહ,
જેને કૃપા હોયે નાથની નિઃશંક પામે તેહ;
રસિકના રસ આગળે અમૃત શું લેખાય,
નરસૈંયો જુગ જુગ અવતરી વિહારચરિત્ર ગાય.

કૃષ્ણથી કામતૃપ્તિથી થતો જે આનંદ રાધાને થાય છે એ આનંદ, તે કામતૃપ્તિ અને તે રાસક્રીડાનું વર્ણન કરવું, તેમાં તન્મય બની જવું એ દરેક ભકતનું કર્તવ્ય છે. અને એજ ભકિત. એનું વર્ણન કરવામાં, આનંદનું અંતરદૃષ્ટિથી પાન કરવામાં, ભકતના હૃદયમાં સાંસારિક સુખનો, કામવાસનાનો વિકાર થવો ન જોઈએ. એટલે સ્વકામવૃત્તિને બાળી નાખી, રાધાકૃષ્ણની કામતૃપ્તિનાં ગાન કરવાં એવો અર્થ ભકિતનો નરસિંહ કાઢે છે.

સુદામાચરિત્ર

કૃષ્ણનું ભકતપ્રતિપાલન અને કર્તવ્ય દર્શાવનારૂં નાનકડું પદ જેવું આ કાવ્ય છે. આ કાવ્ય કવિબુદ્ધિથી મન રંજન કરવા લખાયું નથી. ભકતએ પ્રભુની કર્તવ્યપરાયણતાનાં ગાન ગાવાં, એ બુદ્ધિથી આ કાવ્ય લખાયું દીસે છે. છતાં પણ આખું કાવ્ય જોતાં પ્રેમાનંદના સુદામાચરિત્ર કાવ્યમાં જે જે ભાગો વિપુલતાથી કવિત્વશકિત દર્શાવતા ખીલવાયા છે તે તે ભાગોની ખીલવણીનાં બીજો આ નરસિંહના કાવ્યમાં મળે છે. બંને ગોઠીયાઓ જીવનની પૂર્વ વાતો સંભારે છે તે ભાગ પ્રેમાનંદમાં જેવી વિપુલતાથી વર્ણવાયો છે તેટલાજ સંકોચથી આ સુદામા ચરિત્રમાં તે લખાયો છે.

સાંદીપનિ ગોરને ઘેર આપણ ભણ્યા, ધન્ય ધન્ય દિવસ તે સફળ કહાવ્યો,
એક રેણી રહ્યા, વન વિષે આપણે, સર્પણ ભાગતાં, મેઘ ગાજ્યો.
અન્ન લીધા વિના, ભૂખ્યા બેસી રહ્યા, ગોરાણીએ આપણી ભીડ જાણી,
[૧૨]વિસરી ગયું છે કે વીર તને સાંભરે, સાંદીપનિ ગોરની અચળ વાણી.

૧૨. સરખાવો પ્રેમાનંદનું કડવું. ૧૦મું.
પછી શામળીયો બોલીયા તને સાંભરેરે,
હાંજી નાનપણાની ટેવ મને કેમ વીસરેરે;
કડવું ૯મું:—
ગોવિન્દે માંડી ગોઠડી કહોને મિત્ર અમારા.
ઇત્યાદિ

નરસિંહનો સુદામો ભકિતભાવથી ભરપૂર છે, અને તેથી તે " વાટમાં, જ્ઞાનીના ઘાટમાં ચાલે છે." પ્રેમાનંદના સુદામા પેઠે તે કંઇકિ છપ્યાં અને લોભના ઘાટમાં સ્હેજ પણ ફસાતો નથો. સુદામો અને તેની સ્ત્રીનો પ્રેમાનંદનો સંવાદ ભાગ્ય અને પુરુષાર્થના વાદવિવાદનો છે. નરસિંહના કાવ્યમાં ભકત-પ્રરાયણતાનો ઉપદેશ છે.

નરસિંહનો સુદામો શોચ્ચ કરતો જાય છે, ત્યારે નિર્વેદનાં વાકયો ઉચ્ચારે છે, ને છેવટે,

"નરસૈંનો નાથ તો અતિ ઘણો લોભીયો પીતાંબરી પણ લીધી ઉતારી" એજ અર્થનું પ્રેમાનંદનું વાકય વક્રોકિતથી ભરપૂર છે.[૧૩]

પ્રેમાનંદનો સુદામો બાહુ બળે છે. નરસિંહનો સુદામો આ વિચાર કરતો અંતરની બળતરાની જ્વાળા કાઢતો નથી. ક્ષણભર મળ્યા ને પ્રભુ ભક્તિ વશ થાય છે એટલું વર્ણવી નરસિંહ પછી તેની પ્રશંસા કરતાં ધ્યાનમાં ડૂબે છે તે વિષયનું પદ ૯મું આખું છે. પ્રેમાનંદે ચાર લીટીમાં પતાવ્યું છે.

સુદામાના ઘરની દરિદ્રી સ્થિતિનું વર્ણન, તેની સ્ત્રીનો સંવાદ, તાંબુલની ભીખ, દ્વારિકા જતાં સુદામાની સ્થિતિ, નગરમાં તેની હાસ્યજનક દશા, સુદામાનું ઘર આવતાં તેના ઘરનું વર્ણન, વગેરે વિભાગો પ્રમાનંદે નવા યોજ્યા છે.

પ્રકરણ ૭મું

કાવ્યવિવેચન (ચાલુ)

દશમસ્કંધ

નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણજન્મનાં અગિયાર પદો લખ્યાં છે કૃષ્ણ-જન્મવધાઇનાં આઠ પદો લખ્યાં છે, જેમાં નાગદમનનું અતિ જાણીતું પદ અને એક આરતી છે. ઉદ્ધવાગમન, રુક્ષ્મણીહરણ તથા દાણલીલા લખ્યાં છે, તો નરસિંહે એક નાનકડો દશમસ્કંધ લખ્યો હોય અને તેનાં કાવ્યો છૂટાં છવાયાં થઈ ગયાં હોય એવું સંભવે. દશમસ્કંધમાં કૃષ્ણની લીલા કંસનું મૃત્યુ

---

૧૩. "એ થઇ બેઠા પૃથ્વી પતિ મને ખાવા ઘરમાં રજ નથી"–પ્રેમાનંદ.
દામોદરે મને કીધી દયા મુળગા મારા તાંદુલ ગયા."–કડવું ૧૨.

વગેરે આવે છે એટલે આ શંકા સંભવે. જરાસંધવધ, સત્યભામાવિવાહ વગેરે લખવાને નરસિંહને વખત મળ્યો ન હોય એમ માનીએ તો ઉપલી બાબત વિચારવા જેવી થઇ પડે છે.

શ્રીકૃષ્ણ જન્મસમાનાં પદો અને જન્મવધાઇનાં પદો એ બંને જુદોજ વિભાગ ઉપસ્થિત કરે છે. કૃષ્ણજન્મ પદ ૯માં પૂરો થાય છે. અને ૧૦મા પદથી પૂતના, શકટાસુર, બકાસુર, બંબાસુર વગેરેના નાશનું વર્ણન કરતાં કંસવધ અને જરાસંધની હારનું અતિ સંક્ષિપ્ત વર્ણન ૧૧મા પદમાં પૂર્ણ થતાં કૃષ્ણજન્મનાં પદો પૂર્ણ થાય છે. એટલે પદ ૯મા પછી કૃષ્ણજન્મવધાઇનાં પદો મૂકીએ તો મૂકાય, પણ એમ કરવામાં જન્મસમાનાં પદોમાં જે સંબંધ વાર્તાનો અને વર્ણનનો, પદ ૮, ૧૦, ૧૧ વચ્ચે રહ્યો છે તે તૂટે છે. કંસ વિજળીને મારવા ગયો, વિજળી છટકી ગઈ એ સંબંધ એ પદો વચ્ચે રહ્યો છે તેનું અનુસંધાન જો જન્મવધાઇનાં પદોમાં પણ હોય તો ઉપલો વિચાર કે શંકા સ્થાને ગણાય. એટલે આ બે વિભાગો સ્પષ્ટ રીતે નરસિંહ મહેતાએ અલગજ લખ્યા છે. બાળલીલાના પદોમાં પદોનું માંહોમાંહે સંધાણ ઓછું છે. એમાં વત્સલ ભાવનાં, ફરીયાદનાં, લાડનાં, ભોજનનાં, હઠનાં, એમ વિવિધ પદો છે. તેમાં ગોવર્ધનલીલાનું પદ એક છે. વળી નાગદમનનું પણ છે એમ એ પદો અસ્તવ્યસ્ત છે. ક્રમમાં ગોઠવીએ તોપણ તેથી એક કાવ્ય જેવું થતું નથી. એક વાતજ સંભવે કે વચ્ચેનાં સંબંધ બતાવનારાં ઘણાં પદો ગુમ થઇ ગયાં છે અને મળેલાં પદો જેમ તેમ મળવાથી ભેગાં લહીઆએ લખી નાખ્યાં છે. આમ બને. પણ પ્રસ્તુત પ્રશ્નનો વિચાર કરતાં જન્મસમાનાં અને જન્મવધાઇનાં પદોનો ખ્યાલ આણતાં આ પ્રસંગે સંભવતું નથી. નરસિંહે કોઇ પણ જાતનો ક્રમ ધ્યાનમાં લીધા વિના કૃષ્ણની લીલા ગાવાના તાનમાં એની બાળલીલાનાં આમ તેમ ઊર્મિની વખતે પદો લખ્યાં છે એમ માનવું વધારે યોગ્ય છે. બાકી અતિ પ્રખ્યાત થયલાં નરસિંહનાં ત્રણ પદો આ બાળલીલામાં છે:—

જસોદા તારા કાનુડાને સાદ કરીને વારરે,
આવડી ધુમ મચાવે વ્રજમાં નહિ કોઇ પૂછણહારરે –જસોદા

પદ–૧૧

એ પેલો ચાંદલીયો આઈ મુને રમવાને આલો,
નક્ષત્ર લાવીને માતા મારા ગજવામાં ઘાલો;

પદ–૧૬મું.

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે,
જાગશે તને મારશે મુને બાળ હત્યા લાગશે;

પદ–૧૯મું

દશમ સ્કંધમાં મૂકાય એવાં બીજાં પદોમાં રૂકિમણી વિવાહ અને ઉદ્ધવાગમનનાં પદો છે. રૂકિમણી વિવાહ તેર લીટીનું કાવ્ય છે. ઉદ્ધવાગમનનાં પદો વસંતના પદોમાં, શૃંગારનાં પદોમાં અને પરિશિષ્ટમાં છૂટક છૂટક છપાયલાં છે.[૧૩]

આત્મજીવનના પ્રસંગનાં કાવ્યો

ગુજરાતી સાહિત્યમાં કોઈ પણ કવિએ આત્મજીવનની પ્રથા કરી હોય તો તે નરસિંહ છે. ભાલણ, નાકર, પ્રેમાનંદ વગેરેએ અત્રતત્ર સૂચના માત્ર કરેલી છે. પ્રેમાનંદના પુત્ર વલ્લભે વિશેષ સૂચનો કર્યાં છે. એટલે નરસિંહ મહેતામાં બીજા કવિઓ કરતાં આ વિશેષપણું સ્પષ્ટ દેખાય છે. એ ઉપરથી નરસિંહનું હૃદય કેટલું સરળ અને લાગણીથી ભરપૂર હશે તેનો ખ્યાલ આવી શકે છે. જીવનના પ્રસંગોમાં સામળદાસનો વિવાહ, પુત્રીનું મામેરૂં, હુંડી ને હારમાળાના પ્રસંગો પર કવિએ લખ્યું છે. એ કાવ્યોની સમાલોચના કરવા જઈએ તે પૂર્વે ચાતુરીષોડશીમાં પદ ૯મું છે, જેમાં કવિએ પોતાને મહાદેવનાં દર્શન થવાથી રાસક્રીડા જોઈ હતી એ વિષે સ્પષ્ટ કથન છે:

કૃપા હવી ભોળાનાથની તે શંભુ કેરી સાહે;

*　　　*　　　*

દીવ્ય ચક્ષુ આપ્યાં મુજને મસ્તક મેલ્યો હાથ,
તેના ચરણ પ્રતાપથી પામ્યો તે પ્રેમ નિધાન;

---

૧૩. રૂકિમણી વિવાહ પૃ. ૫૨૫. પદ ૯૪. ઉદ્ધવાગમન વસંત૦ પદો ૯૨થી ૯૮ સુધી શૃંગારનાં પદોમાં ૧૬૧–૧૬૨–૧૬૩–૧૬૪. પરિશિષ્ટમાં પૃ. ૫૩૧માં ૧૧૧મું પદ.

પછી ગોપેશ્વરનાથનું અવનીપે શું કરૂં ગાન,
ભાભીએ ભાગ્ય ઉદે કર્યો મને કહ્યાં કઠિણ વચન.

તેની ઉપરની એક લીટીમાં;

દીવી તે મારે હાથ દીધી કહે નરસૈંયો આ નિધ જોઈ,
વિલાસ ગોકુલ નાથનો ભૂતલ ગાયો સોઇ;

આ અર્થનું સામળદાસના વિવાહમાં સૌથી પહેલું અને બીજું પદ છે.

સામળદાસનો વિવાહ

નરસિંહના પુત્ર સામળદાસનો વડનગરના મદનમહેતાની પુત્રી સાથે વિવાહ કરાવવામાં શ્રીકૃષ્ણે નરસિંહને કેટલી સહાય કરી, વિવાહ કેમ થયો, તે વિષે આ કાવ્યનું વસ્તુ છે. કોઈ કાવ્યમાં વર્ણનો વિસ્તારપૂર્વક કર્યાં હોય તો નરસિંહે આ કાવ્યમાં કર્યાં છે. જાનનું વર્ણન, તથા લગ્નના રીત રિવાજોનું વર્ણન કવિએ છૂટથી કર્યું છે. પ્રેમાનંદે આ કાવ્ય ઉપરથી મોટા પુરતું કાવ્ય લખ્યું. ગોવિન્દગમન કે સુરતસંગ્રામ જેવું રસભર્યું આ કાવ્ય નથી. કથાની કે વાર્તાની શૈલીનું આ કાવ્ય છે. કાંઈક વર્ણનાત્મક કહી શકાય.

મામેરૂં

મામેરૂં આઠ પદનું કાવ્ય છે. વિષય જાણીતો છે. પણ કવિએ પોતે પોતાના જીવનપ્રસંગ પર લખેલું હોવાથી એનું હૃદય સવિશેષ સમજી શકાય છે જાણે કે એકજ પ્રસંગમાં જે ભિન્ન ભિન્ન ઉપપ્રસંગો યોજાયા છે તેનું ટાંચણ કર્યું હોય તેવું આ કાવ્ય છે. રસદૃષ્ટિ સબળ નથી. પ્રેમાનંદ જેવું નવા પ્રસંગની યોજનાથી થતું હાસ્ય નથી, પણ જે જે પ્રસંગો યોજાયા છે, ને સૂચવાયા છે, તેની અસર ઘણી સબળ છે. પહેલી બાર લીટીમાં નિર્ધનતાને ઉપાલંભ, પુત્રીને સીમંત, પુત્રીનો પત્ર, વેવાઇને ત્યાં ગમન, પિતા-પુત્રીનો સંવાદ, પુત્રીની અધીરતા, પિતાનો પ્રભુમાં વિશ્વાસ, આટલા મુદ્દાઓ ચર્ચ્યા. બીજા પદમાં તરતજ ઉના પાણીએ સ્નાન કરવાનો પ્રસંગ ઉપસ્થિત કર્યો છે:—

છલ છલ થાય પાણી અતિ આકરૂં, ચોકમાંહે લઈ મેલ્યું આણી;
પોતાનો જન્તુ ને જેહ છે પારકો, અન્ય જાણી તેની દયા ન આણી;

મેતે માગ્યું વેવાણ પાસે જરા, ઉષ્ણમાં ભેળવા ટાઢું પાણી,
ગીત ગાશો ત્યારે મેહુલો વરસશે, આફરૂં થાશે જલ સમોણી;
મહેતે કીધો મલ્હાર તે સાંભળો, કારમો ઉગમ્યો ધનુક તાણી,
વાય છે વાયુ ને વીજ ચમકાર કરે, ગાજીયો ગગન સમ જગત જાણી.
ચાતુર્માસ નહિ, નહિ ઋતુ પાવસ, કારમો આવીયો ખડગ કહાડી;
અવની ઉપર અતિ નીર વહી ચાલીયું જાણે ત્રુઠીયો મેહ અખાડી.
ધાઈ વેવાઈ આવ્યો મહેતા કને ધન્ય ! ધન્ય ! તમ તણી ભકિત સાચી,
પહેરામણી કરશે ભલી ભાત શું મૂર્ખ આપણી બુદ્ધિ કાચી;

પછી તરત કૃષ્ણની સ્તુતિ અને પાર્થના છે. પદ ૬ ઠ્ઠામાં પ્રભુની ભક્તવત્સલતા અને તત્પરતા,

ઉધડકી ઉઠીયો વેગે વિઠ્ઠલ હરિ ગરૂડ કયાં ગરૂડ કયાં વદત વાણી ?

એ લીટીથી શરૂ થતા પદમાં છે. જે જે મુખ્ય બાબતો વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની, પ્રેમાનંદ વગેરેનાં મામેરાંમાં છે તે તે નરસિંહના મામેરામાં પણ છે. વિશેષમાં એટલું જાણવાનું મળે છે કે નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈનું નામ સુરસેના હતું.

પુત્રાજી કારજ સાધવા તમતણું આવીયા બેઉ ધામ મેલી,
ગદગદ કંઠે સૌ **સુરસેના** વદે ધન્ય ! ધન્ય ! તાત રહી શીશ નામી;
આ કળિકાળ પુરૂષોત્તમ પ્રગટીયા પતિતપાવન પ્રભુ જગતસ્વામી.

આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે આ મામેરાનું કાવ્ય નરસિંહ મહેતેજ લખ્યું છે કેમકે ધન્ય નરસિંહનીજ વાણી એવો ઉપલાં પદની છેલ્લી-લીટીમાં ઉલ્લેખ છે. નરસિંહના અનુગામી કવિઓએ આ કાવ્યનો ઘણો ઉપયોગ કર્યો છે તે તે કાવ્યો સાથે સરખાવવાથી જણાશે. નરસિંહે આ કાવ્ય આત્મકથા તરીકે ભક્તિની દૃષ્ટિથી તેમજ અંતરની લાગણીથી લખ્યું છે.[૧૪] વિષ્ણુદાસ વગેરેએ વાર્તાકાર તરીકે લખ્યું છે. પ્રેમાનંદે કવિ તરીકે શ્રોતા જનોને આહ્લાદ આપવા લખ્યું છે એટલો ફરક છે.[૧૫]

---

૧૪. જુઓ કૌમુદી, આશ્વિન ૧૯૮૦ પુસ્તક ૧લું. મારો લેખ. પ્રેમાનંદના પુરોગામીઓ. ૧૫. આ મામેરાંને લગતો ભાગ કાવ્યસંગ્રહના પરિશિષ્ટમાં પૃ. ૫૪૪ મેં અરાડમા પદથી શરૂ થાય છે. અને પદ ૨૬ સુધી ચાલુ

હુંડી

હુંડી પણ આઠ પદનું કાવ્ય છે. જે ટીકા મામેરા માટે કરી છે તેજ ટીકા આ કાવ્યને અને અનુગામીઓનાં 'હુંડી'નાં કાવ્યને લાગુ પડે છે. મામેરામાં પ્રસંગ ઉભો થવાનું કારણ વેવાણ છે. હુંડીમાં ઈર્ષ્યાખોર અન્ય પણ સ્વજ્ઞાતીલાઓ છે. આ કાવ્યમાં પ્રથમ પદમાં નાગરોનું તોફાન અને પોતાના ઘરની દરિદ્રતા અને તીર્થવાસીઓનું આગમન વર્ણવી, બીજા પદમાં તીર્થવાસીઓની માગણી અને નરસિંહની કાર્યતત્પરતા વર્ણવેલી દેખાય છે. પછીનાં ત્રણ પદોમાં કૃષ્ણની સ્તુતિ અને પ્રાર્થના છે. છઠ્ઠા પદમાં શામળશાની પેઢીની ખોળાખોળ અને તીર્થવાસીઓની નિરાશા વર્ણવી છે.

પદ ૭મામાં કૃષ્ણની નરસિંહ સ્તુતિ કરે છે તે જાણે જુનાગઢમાં બેઠાં બેઠાં હુંડીવાસીની દ્વારકામાં થતી અવદશા દેખતો હોય તેમ આવેશભરી છે. પ્રસંગ હુંડીનો બની ગયા પછી આ કાવ્ય લખાયું છે. પણ લખતી વખતે નરસિંહનું હૃદય આવેશભર્યું ઉછળે છે તેનો આ પુરાવો છે.[૧૫]

રહે છે. મારી પાસેની મામેરાની પ્રત રા. ધર્મસુખરામ તનસુખરામની છે. ઉપલાં પરિશિષ્ટવાળાં પદોમાં મામેરાંનીજ બાબત છે, પણ તે શ્રીપાત માંડલિકને કહી બતાવે છે એ રૂપમાં છે. શ્રીપાત ઉમેરે છે કે જેનું મામેરૂં શ્રીકૃષ્ણે કીધું તેને આ દુઃખ ન દેવાય. આ મામેરાંનો ભાગ કોણે લખ્યો? પ્રેમાનંદની હારમાળામાં પણ આવું છે પણ આટલું સ્પષ્ટ વિવેચન નથી. માત્ર સાર આપેલો છે. આ ભાગ નરસિંહનો છે એમ કહેવાને હારમાળા પરિશિષ્ટનું પદ રહ્યું છે. તેની પહેલી કડી અને છેલ્લી કડી નરસિંહનાં મામેરાંના પદ ૫માની છે. વચ્ચેની એક કડીમાં થોડાક શબ્દોનો ફેરફાર છે.

જાગ યદુનંદન જક્તપતિ જાદવા સાહ્ય કર શામળા! દીન જાણી.

(રા. ધર્મસુખરામવાળી)

જાગ જદુનંદન જગતપતિ શામળા સાર કર સાર કર દીન જાણી.

(હારમાળા પરિશિષ્ટ)

ઇત્યાદિ—તેવીજ રીતે નરસિંહના મામેરાંની પહેલી કડી અને હારમાળા પરિશિષ્ટના પદ ૧૧માની ૧લી કડી સરખાવવા જેવી છે. એકજ છે. વળી નરસિંહનું પદ ૪થું તે થોડા શબ્દના ફેરફાર સાથે હારમાળાના પરિશિષ્ટના પદ ૨૦મી સાથે મળતું આવે છે. તેવીજ રીતે પદ ૬ઠું તે પદ ૨૪ સાથે.

૧૫. હુંડીનાં બે પદ પરિશિષ્ટમાં પદ ૧૦૦, ૧૦૧ છે. એ બન્ને પદો મૂળ આઠ પદની હુંડી છે તેમાં ગોઠવી દેવાય એવાં છે. ચોથા અને પાંચમા પદની

જાગ કમળાપતિ શું હજી સૂઈ રહ્યો સેજ શ્યામાતણી આજ વહાલી !
વાર લાગે હરિ લાજ જાયે ખરી, પછીરે શું આવશો કૃષ્ણ ખાલી !
મેલ મમ નાથને, મા ભર તું બાથને, કાંરે કમળા તુંને લાજ નાવે,
દાસ હાંસી થશે, લાજ તારી જશે, પછી વ્હાલા ! તુંને કોણ ધાવે.

હારમાળા

હારમાળાનું કાવ્ય વિવાદગ્રસ્ત છે. એ કાવ્ય નરસિંહનું છે કે પ્રેમાનંદનું તે વિષે ઘણી ચર્ચાઓ થઈ ગઈ છે. ખરી વાત એ લાગે છે કે હુંડી, મામેરૂં વગેરે કાવ્યો નરસિંહે લખ્યાં છે તેમ હારમાળા પણ નરસિંહે લખેલી છે. હુંડી, મામેરૂં એ જેટલાં ટુંકાં છે તેટલું ટુંકુ આ કાવ્ય હોય નહિ. કેમકે સન્યાસી વગેરેની સાથે ચર્ચાનો વિષય ઘણો ગંભીર અને મહત્ત્વનો હતો. આ પ્રસંગ એવો છે કે તેમાં નરસિંહને મૃત્યુનો ભય અને તેથી વધારે ભક્ત તરીકેની પ્રતિષ્ઠાની હાનિનો છે. ભક્તિ એ નરસિંહને પ્રાણથી અધિક વહાલી હતી. તેની સત્યતા સિદ્ધ કરવાને નાનકડું ટાંચણ હોય એમ અમારૂં માનવું નથી. તેમાં ઘણાં પદો ક્ષેપક છે, તેમજ અન્યનાં છે. સૂરસેના વગેરેનાં પદો આવે છે તે પણ નરસિંહનાં લખેલાં છે. પ્રેમાનંદને પોતાની હારમાળામાં હુંડી, મામેરૂં, જેવાં કાવ્યમાં જે વિસ્તારનાં દૃષ્ટિબિન્દુઓ મળી આવ્યાં તેવાં આ નરસિંહની હારમાળામાં નથી. એટલે નરસિંહની હારમાળાનાં ઘણાં પદો પ્રેમાનંદની હારમાળાને મળતાં તથા એકસરખાં નીકળે ને કોઈ પદોમાં લહીઆના દોષે નામફેર થઈ પણ જાય.

કબીરનું નામ નરસિંહે બે ચાર સ્થળે મૂક્યું છે.* "કબીરને આપી અવિચળ વાણી," "અસુરમાંહે કબીર ઉદ્ધારીયો" એ વાકયો ઉપરથી નરસિંહને કબીર વિષે ખબર હતી એ સ્પષ્ટ દેખાય છે. કબીર મરી ગયા પછી તેનો પંથ પ્રસર્યો ત્યારે નરસિંહે જાણ્યું એમ માનવાનું નથી. કેમકે સોરઠ અને ખાસ જુનાગઢ ગયાનો કબીર પોતેજ ઉલ્લેખ કરે છે.

..............................સોરઠ દેશમેં પહોંચે જઈ;
જીતદેખા તીત ક્રોધ હંકારા પૂજાહિં મૂરત બહોત વિસ્તારા,

વચ્ચે મૂકાય. રા. પારેખે ૧૯૨૩ના ગુજરાતીના દિવાળીના અંકમાં છપાવી છે તે હુંડી ને રા. ધર્મસુખરામ પાસે છે તે એજ છે. ફકત તેમાં પદવિભાગમાં ફેર છે.

*હારમાળા પરિશિષ્ટ, પદ ૬૨; હારમાળા. પદ ૨; પદ ૫૩.

ગઢગિરનાર એક હે નાહુ ચંદ બીજે વાં **નરપતરાઉ**,
નૃપત બંધુ એક રહે સ્યાના પૂજે સાધુ માતમ જાના;"

નરસિંહ અને મીરાંના રા. આનંદશંકર ધ્રુવના વસંત શ્રાવણ ૧૯૬૧ના લેખ ઉપરથી ઉપલું અવતરણ જોતાં કબીર જુનાગઢ ગયા ત્યારે 'નરપતરાઉ'નું રાજ્ય હતું, મૂર્તિપૂજાનો વિસ્તાર હતો એ બાબત માનવી પડે છે. નરસિંહ જે સાધુસંતોની સેવામાં રહેતો તેને કબીર મળ્યો હોય એવું જણાતું નથી. વખતે તે દ્વારકા ગયો હોય. અને કબીર ગયા પછી તેનું આવવાનું થયું હોય તે ઉપરથી કબીરને આપી અવિચળ વાણી, અસુરમાંહે કબીર ઉદ્ધારીયો એવું ગાયું હોય. એટલે કબીર અને નરસિંહને બહુ સમય થયો ન હતો પણ મોટે અંશે સમકાલીન હોવા જોઇએ. કબીર મોટો એટલુંજ.

"અસુરમાંહે કબીર ઉદ્ધારીયો" એથી કબીર મરી ગયા હતા એવો નરસિંહનો ભાવાર્થ નથી; પણ તેને સંસારની માયાથી મુક્ત કરી સાધુ પુરૂષ બનાવ્યો એમ કહેવાનું તાત્પર્ય છે. હારમાળાના પ્રસંગ વખતે નરસિંહ પ્રૌઢ હતો. વૃદ્ધ ન હતો. કેમકે ઘરડો થઇશ ત્યારે રામ જપીશ એવું એણે વિવાદમાં કહ્યું છે.

વિશ્વનાથના હારચરિત્રમાં નરસિંહના નામે મળેલી હારમાળાનાં ઘણાં પદો લગભગ તેજ સ્થિતિમાં મળે છે, એટલે હારમાળા પ્રેમાનંદની કે નરસિંહની એ વિવાદ ઉડી જાય છે. નરસિંહે હારમાળા લખેલી એ સ્પષ્ટ થાય છે, પણ એની હારમાળાનું પૂર કેટલું તેજ વિચારવાનું અને નક્કી કરવાનું રહે છે. જાનીએ પદ 'શ્રીમુખનું' એમ જ્યાં જ્યાં સૂચવ્યું છે ત્યાં ત્યાં નરસિંહનો ઉલ્લેખ સ્પષ્ટ છે.*

રા. પારેખે છપાવેલું નરસૈંમહેતાનું આખ્યાન અને કાવ્યદોહનના ૮મા ભાગમાં છપાયલું નરસૈંમહેતાનું ચરિત્ર ઘણુંખરૂં એકજ કવિનાં બનાવેલાં છે ને તે "વિશ્વનાથજાની કૃત સંપૂર્ણમ્" એવી લેખકની પુષ્પિકા ઉપરથી જણાય છે. રા. પારેખનું અને ગુ. પ્રેસનું સરખાવી જોવાથી ઘણાં કડવાં એકજ સરખાં દેખાય છે. હારચરિત્ર અને હારમાળા સરખાવતાં એટલું તો સ્પષ્ટજ છે, કે રા. પારેખે જે ૪૩ પદની હારમાળા નરસિંહની તારવી કાઢી છે

* કા. સં. પૃ. ૬૫.

તે નરસિંહની હોવી જોઈએ. વળી જે તિથિ નરસિંહની હારમાળાની નરસિંહે આપી છે તે એમાં આપી છે.

" સંવત પન્નર બારોતરો સપતમી સોમવાર
વૈસાખા અજુઆલી પખ નરસઇને આપો હાર !

સરખાવો. જાની

સંવત પદર બારોતરો ચૈત્રી સપ્તમી સોમવાર,
વૈધૃત વ્યતિપાત એકાદશી વૈષ્ણુવ મુખ સુણાયરે ! નરસિંહ.

વસ્તુતઃ કા. સંગ્રહમાં જે નિર્ણય કર્યો છે તે યોગ્ય લાગે છે. નરસિંહનું હારમાળાનું કર્તૃત્વ લઈ લેવું એ અયોગ્ય છે.

પ્રકીર્ણ આત્મજીવનનાં પદો

'ગિરિતળાટીને કુંડ દામોદર ત્યાં મહેતોજી નાવા જાય" એ શબ્દોથી શરૂ થતું પદ; અને, "અમે એવારે, અમે એવારે"; તથા "સુખ દુઃખ મનમાં ન આણીયે" એવાં પદોમાં નરસિંહ પોતાના જીવનપ્રસંગોનો ઉલ્લેખ કરે છે. તેમાં હૃદયની અને મનની શુદ્ધિ બીજી સર્વ શુદ્ધિ કરતાં સર્વોપરી છે એમ તેણે બતાવ્યું છે. ઢેડવર્ણ સાથે સંબંધ હતો એ વાત સિદ્ધ થાય છે.

પ્રકીર્ણ પદો

નરસિંહ મહેતાનાં બાકી રહેલાં પદોમાં ભક્તિનાં અને જ્ઞાનનાં પદોનો જે વિભાગ કાવ્યસંગ્રહમાં આવેલો છે તેનો સમાવેશ થાય છે. આ પદોમાં જેમ પૂર્વે જણાવ્યું તેમ "ગિરિતળાટીને કુંડ દામોદર" જેવાં પદોમાં આમ જીવનપ્રસંગોનો ઉલ્લેખ છે. એવીજ રીતે બીજાં પદોમાં જાણે કવિએ "દશાવતાર" પર દશ કાવ્યો લખ્યાં હોય તેવું લાગે છેઃ

દશાવતારનાં પદો

વામનાવતારનું પદ કાવ્યસંગ્રહમાં પૃ૦ ૪૭૦મે પદ ૩ જું છે. "બલિતણા દ્વારે હરિ વિપ્ર વામન હુવા વેદની ધૂન ગઈ ગગન ગાજી; ઇન્દ્રપ્રસ્થી બલિ આવ્યો ઉતાવળો જેરે જોઇએ તે દ્વિજ લ્યોને માત્ર". ઇત્યાદિ

આ પ્રમાણે ટુંકમાં ચૌદ લીટીમાં વામનાવતારનું કાવ્ય કવિએ બનાવ્યું છે. છેવટે લખે છે કેઃ

બાપડો બળિરાય પગ તળે ચાંપીઓ પ્રભુ પાતાળનો કરીને થાપ્યો,
ભણે નરસૈંયો હરિ ભક્ત આધીન છે ઇન્દ્ર અવિચળ અધિકાર આપ્યો.

નરસિંહાવતારનું પણ આવું કાવ્ય મળી આવે છે. તેની પ્રથમ લીટીઓઃ—

ગાજે ગગન ધરા અતિ ધ્રૂજે, પરછંદે પર્વત પડીયા,
હિરણ્યકશિપુને વિડારવા, નરસિંહજી કોપે ચઢયારે.

આ ઉપરથી નરસિંહ મહેતાએ બીજાં અવતારનાં પદો પણ લખ્યાં હશે એવું અનુમાન થઈ શકે છે.

બીજાં પ્રકીર્ણ પદો જોતાં [૧૬]રૂકિમણી વિવાહ, બાર માસ, દ્રૌપદીની શેલડી, રામનો વેપાર, બાલાવરની પાલખી, ઘડપણ, વણઝારો, શંભુની સ્તુતિ, રામનો પોપટ અને કૃષ્ણની તથા રાધા માધવની આરતીનાં પદો મળી આવે છે. રૂકિમણીવિવાહ ઉપરથી કહી શકાય કે વખતે નરસિંહ મહેતાએ સત્યભામાવિવાહ પણ લખ્યે હશે.

જ્ઞાનનાં પદો

સગુણ ભક્તિનું પ્રતિપાદન કરનારાં પદો ઉપરાંત નિર્ગુણ, નિરાકાર એક તત્ત્વનું ભાન કરાવનારાં પદોમાં—

નીરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો તેજ હું તેજ હું શબ્દ બોલે.
પ. ૪૮૪–પદ ૩૯.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જુજવે રૂપે અનંત ભાસે.
વગેરે જાણીતાં પદો છે. પદ. ૪૦

પ્રકરણ ૮ મું.

કવિનો રસાત્મા.

નરસિંહનો કાવ્યરસ પ્રેમભાવથી ઉછળતો વહ્યો જાય છે. એનું કોઈ પણ કાવ્ય વાંચતાં અપૂર્વ આનંદની લહેરો ઉછાળતાં ઉન્મત્ત મોજામાં રસ-

૧૬ અનુક્રમે. પૃ૦ ૫૨૫, પદ. ૨૪; પૃ૦ ૫૨૪; ૯૭૨; ૪૭૨, પદ ૭; ૪૭૪, પદ ૧૩; ૪૯૨, પદ ૬૦; ૪૯૩, પદ ૬૦; ૪૯૪, પદ ૬૧; ૫૦૦, પદ ૨૭; ૪૬૮, પદ ૩૦; ૪૨૭, પદ ૫૪૧.

પિપાસુ રસ પીતાં રસમય બની જાય છે. એના રસાત્મામાં અવતરવું એને માટે હૃદયની શુદ્ધતા અને નિષ્પક્ષપાતની ખાસ આવશ્યકતા છે. અધિકારીજ એ રસનું પાન કરી શકે. શંકાયુક્ત દૃષ્ટિ અને શંકાયુક્ત હૃદય નરસિંહના રસાત્માનું દર્શન કરવા પણ યોગ્ય નથી.

પ્રેમભાવને રસમાં પરિણમાવવા ઝાંઝરના ઝમકાર, બાહુલડીના લટકા, શણગટડા, સાંઈ લેવાના અભિલાષ, શરમના શેરડા, રીસામણાં વગેરે અભિનયો કરતી, પ્રેમભાવથી ભરપૂર છતાં રીસાતી, પ્રિયતમ પ્રભુના દૃષ્ટિપાતે રસઘેલી બનતી, ઘડીમાં પ્રભુને નમાવતી, ઘડીમાં પ્રિયતમની અન્ય પ્રિયાને સેર્ષ્ય આંખે નિહાળતી, ઘડીમાં કૃષ્ણની માતાને ફરીયાદ કરતી, ઘડીમાં તે કૃષ્ણને મળવા મર્યાદા તજી ઉન્મત્ત બનતી, હૃદયનો પ્રેમભાવ દર્શાવવાને કૃષ્ણને ઉપાલંભ દેતી, તો ઘડીમાં લળી લળી નમી પડતી, ઘડીમાં અબીલ ગુલાલનાં ઉન્મત્ત યુદ્ધ કરતી, ઘડીમાં તે જીતતી ને હારી જતી, ઘડીમાં કુંજ ગલીમાં પ્રભુને શોધતી તો ઘડીમાં કુંજ ગલીમાં સંતાની પ્રભુને દમતી, વિવિધ લીલા કરતી, નરસિંહે રસમય બનેલી આલેખી પ્રેમભાવથી પરિણમતા ભક્તિરસના પૂરને પૂર જોશમાં વહેવડાવ્યું છે. એજ રસમાં ઉન્મત્ત મગરમચ્છની માફક ઘૂમતો નરસિંહ બાહ્ય સંસારથી અંધ બનેલો, વિરાગથી વિમુખ રહેલો, પ્રભુ પ્રતિના અનુરાગને પ્રાણ સમ વળગી રહેતો રસમય બની પોતાનું ભાન ભૂલી જાય છે. નરસિંહનો આ રસ-એ એનો આત્મા બની ગયો છે એને પોતાનો આત્મા અન્ય સ્વરૂપે દેખાયો નથી. અન્યના આત્માને અન્ય સ્વરૂપે જોતાં ભૂલ્યો છે. ગોપીઓની પ્રણયચેષ્ટાને સંસારી કામવાસનાની ચેષ્ટાથી અપર ભક્તિભાવની ચેષ્ટારૂપ દેખી રહ્યો છે; અને એમ કરવામાં નરસિંહ પોતે રસમય બની ગયો છે.

ભક્ત છતાં કવિ

ભક્તિરસનાં કાવ્યો લખવામાં પ્રેમભાવને પ્રગટ રૂપે આણવામાં નરસિંહનું હૃદય રસરૂપે પરિણમ્યું છે. પ્રેમભાવરૂપ હૃદય બનતાં એ એટલો ઉત્કટ રૂપે દેખાયો છે કે અસંખ્ય પદો લખ્યાં છતાં તે જીવ્યો હોત તો હજી કેટલાં લખત તે કહી શકાતું નથી. કવિને સુલભ ઈશ્વરદત્ત આ

શક્તિ નરસિંહમાં સ્વાભાવિક હતી, એ સ્પષ્ટ છે. છતાં જેમ અન્ય કવિઓનાં હૃદયને અમુક પ્રસંગનું વર્ણન કરતાં અસર થાય છે અને અર્થાન્તરન્યાસ રૂપે એમના ઉદ્ગારો એકાએક બહાર નીકળી જાયછે, नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण જેવી ઉક્તિઓ કવિના હૃદયને લાગણીભર્યું બતાવે છે તેવીજ રીતે નરસિંહની કૃતિઓમાં આવો હૃદયોન્માદ બતાવનારાં પ્રાંસગિક કાવ્યો ભરપૂર મળી આવે છે.

ઊર્મિકાવ્યો

આ દૃષ્ટિએ નરસિંહ કેવળ એકજ રસને માટે લખ્યો ગયો છે એવું નથી. પણ અણધાર્યા ઉત્સાહ અને ઉન્માદના આવેશમાં ઘણાં ઊર્મિકાવ્યો લખી ગયો છે, દરેક કાવ્ય ઊર્મિકાવ્ય થઈ શકે એવું છે, છતાં જેમ 'કોયલ', 'ચાતક', 'મેઘ', 'નદી', વગેરેનાં સંબોધન રૂપી ઊર્મિકાવ્યો આધુનિક કવિઓમાં જોઈએ છીએ તેવાં કાવ્યો નરસિંહનાં કાવ્યોમાં છે એમ ન કહી શકાય. નરસિંહનાં ઊર્મિકાવ્યોમાં અણધારી વિવિધતા આવી ગઈ છે. ધ્વન્યાત્મક કાવ્ય ઉત્તમ ગણાય છે તો તેવાં કાવ્યો પણ નરસિંહમાં ઘણાં મળી આવે છે. કાવ્ય ઉપલક દૃષ્ટિએ જોતાં જુદોજ ભાવ ઉપાલંભનો કે ફરીયાદનો બતાવે છે, પરન્તુ કાવ્યનો સમગ્ર દૃષ્ટિએ વિચાર કરતાં તેમજ અમુક શબ્દોનો ભાવ જોતાં તેમાં પ્રેમનો ધ્વનિ છે એવું માલમ પડતાં તેમાંથી ઉત્તમ રસાસ્વાદ નીકળે છે.

કહો કેમ વરીયેરે મારા વહાલા ગોકુળ લુંટ મંડાણી,
નંદતણો નાંધડીયોરે નરહરી થઈને બેઠો દાણી.

પૃ૦ ૨૨૯, પદ–૧૫.

જુઓ પૃ૦ ૨૩૩; પદ–૨૭.

કેટલીક વાર કાવ્યોમાં પ્રેમભાવને પોષનારા ભાવો સ્પષ્ટ દેખાય છે જેમકે ઈર્ષ્યા,

શોકલડી ધુતારીરે, સૈયર શું કરૂં રે, તેને દેખે દાઝે મારો દેહ,
ઘણા દીવસ થયાં રે, વહાલો મારૂં ઘર તજ્યારે, જઈ કીધો નવલનાર
શું નેહ,—શોકલડી૦.

વસંત પદ ૯૩.

ભય— વિપરીત પરિણામને અંગે,

જાગોરે જસોદાના જીવન વધાણેલાં વાયાં

* * *

સાદડી પાડું તો વહાલા લોકડીયાં જાગે,
અંગુઠો મરડું તો પગના ઘુઘરા જાગે, જાગો૦
સાસુડી જાગેરે વેરણ નણદી જાગે
ઓ પેલી પડોસણને ઘેર વલોણું વાગે જાગો૦

* * *

ઉન્માદ—ભાન ભૂલવું.

માબાપ ભરતાને ભૂલાવવા સ્વલ્પ સુઈ રહી બાળીરે,
વલુણાં ખાંચવા ઊઠી શ્યામા મધરાત્રિ જવ કાળીરે;
કોઈ એક દિવસનું વલુવે તેને સાસુ લઢવા જાતીરે,
કો બગબગે વાસીદું કરવું તે મધરાતે જાતીરે.

ઇત્યાદિ. ગો. ગમન. પદ ૫.

આ પ્રમાણે બરાબર નિરીક્ષણ કરતાં હર્ષ, સંતોષ, નિર્વેદ વગેરે ભાવ સૂચવતાં કાવ્યો મળી આવે છે. કેટલીક વાર આજીજી બતાવનારો ઉદ્‌ગાર સ્પષ્ટ હોય છે. એમાં લાગણી ઉભરાય છે અને નિર્વેદનો ધ્વનિ નીકળે છે.

કાં ચાલો પરદેશ પિયુડા ! શામળીયા ! સામું જોતો જા,
કહીએ મળશું મારા વહાલા ! સાચો હાથ ગળે વહાતો જા.–કાં૦
ચંચળ ચિત્ત તારૂં ભાવ નહિ રહે તો અમશું પ્રીત કાં માંડીરે,
જેણી વેળા દહણી વેહ સંતાપે તેણી વેળા શે ગુન્હે છાંડીરે.–કાં૦
તનમન પ્રાણ આવે તમ સાથે જીવ વના કેમ ધરીએ દેહ,
નરસૈંયાચો સ્વામી એ શું કીધું દુઃખ દઈને કાં તોડયો સ્નેહ –કાં૦

શૃંગાર ૨૦–૨૩૫

વર્ણનકાવ્યો

નરસિંહે કાંઈ કુદરતના દેખાવોનાં જાણી બુજીને કાવ્યો લખ્યાં નથી. એવાં કાવ્યો લખવાં એવો એને વિચાર પણ ન હતો. કૃષ્ણગુણગાન ગાતાં પ્રાસંગિક વર્ણનો એને હાથે થઈ ગયાં છે તેજ મળે છે; તેમાં પણ કાંઈ ખાસ કુદરતનું નિરીક્ષણ નથી, કે તે નિરીક્ષણને અંગે થતી ઊર્મિ પણ નથી.

ચાલ ચાલ સૈયર સહી મેલ મથવું મહી,
વસંત આવ્યો વનવેલ ફુલી;
મ્હોરીયા અંબ, કદમ કોકિલ લવે વસંત,
કુસુમકુસુમ રહ્યો ભ્રમર છલી. ૧.

વસંત. પદ. ૬.

વ્યક્તિનાં આકૃતિવર્ણનમાં પણ ખાસ મહત્ત્વ નથી, જેથી કવિની નિરીક્ષણશક્તિ વખણાય. જે કંઈ મળે છે તે સાદું વર્ણન મળે છે.

નલવટ ટીલી કીધીરે નેણે કાજળ સાર,
શીશફુલ રાખડી ઝળકેરે મોતી માંહ્ય અપાર;—૧૪.
નાકે વેસર ઘાલતાં રમતાં નાના ભાવ,
કંકણચુડી ખલકેરે હાર હેમ જડાવ;—૧૫.
પટોળી અતિ ઓપતી કુમક ફરકે માંહે,
કંદુક કુસુમ બે લઈને મહેલ્યાં ચોલીયાંમાંહી.—૧૬.

વસંત. પદ. ૧૪.

ગોપીઓની પ્રભુ સાથે કામક્રીડા કરવાની લાલસા, અને ઉન્માદ વર્ણવતાં કવિના હૃદયમાંથી કંઈક અવનવા ઉદ્‌ગારો 'દીપક,' અને 'ચંદ્રમા'ને સંબોધતા નીકળી પડયા છે. કોઇકમાં 'દીપક'ને પૂર્ણ પ્રકાશ આપવા વિનતિ છે.

દીપકડો લઇશ મારે ચાંદલીયા ! સ્થિર થઈ રહેજે આજ,
વહાલોજી વિલસ્યો હું સાથે લોપી સઘળી લાજ;
સોંપ્યું અંગ સામળીયા સાથે કરવા કેલી વિલાસ,
રખે જ્યોત્સ્ના તું ઝાંખી કરતો પિયુડે માંડયું હાસ્ય.

રાસ. પદ ૭૪.

ચંદ્રમાને સ્થિર થવા અને પ્રભાત ન થવા દેવા વિનતિ છે.

ખમખમરે ચાંદલા મા કરીશ વહાણું, મારા પ્રાણજીવન ઘેર આવ્યારે,
પૂરવ જનમની પ્રીત જે હુતી પુરૂષોત્તમ પધરાવ્યારે,

શૃંગાર૦ પદ ૧૪૭.

તેજ પ્રમાણે કુકડાને વિનતિ છે:-

બપૈયા પિયુ પિયુ કરેરે કોયલ મધુરે વાસેરે,
હું તને વારૂં કુકડલારે રખે વહાણલું પ્રકાશેરે-ખમખમ૦

શૃંગાર૦ પદ ૧૪૭

માલણને ઉદ્દેશીને પણ આ પ્રસંગમાં કાવ્ય લખાયાં છે:-

લાવ લાવરે માલણ વેલ મરવો
મારે પૂજવો છે ગોપીનો નાથ ગરવો.—લાવ૦
જાઈ જુઈ કેતકી ને કમળ સાર,
લાવ ફુલ ગુલાબ ચાર ગુંથીએ હાર.—લાવ૦

વસંત પદ ૧૦.

ચંપાનો પણ કવિએ ઉલ્લેખ એવીજ રીતે કર્યો છે:-

ચંપો મોર્યો રે વૃંદાવન ચંપો મોર્યો
એ ચંપો ઉતારવાને હું ગઈતી દીયેરીયો રખવાળ,
ચંપો ઉતારી પાછાં વાળ્યાંરે પાયે નેપૂરનો ઝમકાર-ચંપો૦

શૃંગાર૦ પદ-૫૩૦

* * *

આવા પ્રકારનું એક કાવ્ય આંબાનું છે, જેમાં ઉપરના ચંપાની પેઠે કૃષ્ણ સૂચવાય છે.

શ્રી ગોકુલમાં આંબો મોર્યો રે જોવા જઈએ,
હરિને વારણે વારો વાર વિનતિ કહીએરે—શ્રી૦

શૃંગાર૦ પદ-૫૩૭

પ્રભાતનું વર્ણન થતું હોય એવાં પણ કાવ્ય કવિએ લખ્યાં છે;

પ્રભાત જાણી પંખીડાંરે ઉઠયાં કાક કરે ત્યાં કાકારે,
પપૈયા તો પિયુ પિયુ ઝંખે સુડા કીકી કરે વડશાખારે;-પ્રભાત૦

મોર ટહુકાર કરે સુંદર આંસુ વહે ઢેલ વીણેરે,
પલાશપર રૂડા પોપટ બોલે કોયલડી ટહુકે સ્વર ઝીણેરે;—પ્રભાત૦
ચકચક કરતી ચકલીયું આવે જાણે વિયોગ તો ભાગેરે;
ખુશખુશ ખીશકોલી કહેછે, રાધાને રૂડું ન લાગેરે;—પ્રભાત૦
વાછરૂ ભાંભાં શબ્દજ ભણતાં ગાયો બાંબાં બોલેરે,
શીતળ ચંદ પવન સુવાસિત વામા વસ્ત્ર ઉરાડી ડોલેરે;—પ્રભાત૦
તે ટાણે જાગીયા અક્રૂર જાણે ભઈ ગયો ભોરરે,
નરસૈંઇયાના સ્વામી વિણુ ન જાણે કે છે ગોપીઓનો શોરરે—પ્રભાત૦

ગો. ગમન પદ. ૧૦

યુદ્ધવર્ણન પણ કવિએ સુરતસંગ્રામમાં રસભર્યું કર્યું છે.

ઉન્મત્ત ગોવાળીયા, હારમાં હાલીયા, પાળીયા જઈ કરી, પાણુ સા’તા,
ખેંચતા, પકડતા, વે’ચતા, ઝકડતા, રગડતા રામાને, ગોપ માતા;
કે’ણી સાચી કરી, વેણી શિરની ધરી, શ્રેણીરે સાહી, મૃગનેણી કેરી,
બાથમાં ભીડતા, સાથમાં હીંડતા, હાથમાંહે ધરી, મ:થ ફેરી.

સુરત સં૦ પદ ૪૨.

પ્રકીર્ણ રસભર કાવ્યો

આ ઉપરાંત કેટલાંક કાવ્યોમાંથી અમુક કાવ્યો લઈએ. ગોપકાવ્યો કહેવાય છે જેમાં ભરવાડને સંબોધીને કે તેમનાં જીવનને ઉદ્દેશીને કાવ્યો લખાયાં હોય તેવાં કાવ્યો નરસિંહમાં છે.

ઘેલીરે ગોવાલણી, કરગરતી કાં ગોરસ સારૂ ?
આજ તારૂં ગોરસ ચાખવું મારે, મન ઇચ્છે મારૂંરે ઘેલી૦
આજ ગોવાલણ કહું છું તુજને તારી ધેને દોહવા નવ દીધું;
કુશળ રે, રોજ ધેનજ તારી કાલે કારજ ન સીઝવુંરે. ઘેલી૦

શૃંગાર૦ ૫૦૩.

ભલેરે સર્જ્યાં અમો લોક ભરવાડાં નીત્ય વલોણાં વલોવતાંરે લોલ,
લખ ધેન ગોઠ બાવા નંદ ઘેર દૂઝે મેરૂ રવૈયો ઘાલીરે લોલ.

એકી પા ધુમે રાધીકારે ગોરાં એકી પા કાનજી કાળારે લોલ,
હળવા હળવા ધુમજોરે કાનજી ગોળી નંદાશે મારીરે લોલ.
શૃંગાર. ૫૦૫

ભોળીરે ભરવાડણ હરિને વેચવા ચાલી,
સોળ સહસ્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી.
વસંત પદ ૯૮.

ગોપીઓનો ઉન્માદ ભરવાડણના સંબોધનથી ઉપલા પદ ૯૮માં છે.

વિરહના ઉદ્‌ગાર અથવા હૃદયનાં મન્થન સૂચવતાં લાગણીભર્યાં કાવ્યો નરસિંહમાં મળે છે. વળી બીજાં નૂતન પદોમાં નરસિંહનું બેહડાંનું પદ તથા સંવાદનાં કાવ્યો આવી શકે છે.

બહેડાનું પદ

બહેડે મારે ભાર ઘણો નંદલાલ ! વાતો કેમ કરીએ ?
સાવ સોનાનો મારે શિર ઘડુલો હાથ સોનાની ઝારીરે,
રાધાજી પાણીડાં નીસર્યાં સોળ વરસની નારીરે. વાતો૦
પૃ. ૫૨૯ પદ ૧૦૭.

સંવાદનાં કાવ્યોમાં પણ જાણે ભાલણ કે દયારામની કે પ્રેમાનંદની ભૂમિકા સ્થાપતા હોય તેમ નરસિંહ મહેતાએ સંવાદનાં કાવ્યો લખ્યાં છે.

મહેલો મન મોહન મારી મટુકી, મહીડું છલકાય,
ભાંજે મારી નવરંગ ચુંદડી, કાનજી લાગું તારે પાય;
પાલવ મૂકોને પાતળા.
મટુકી તે નારી નવ મૂકાયેરે મનથી કીધો એ વિચાર,
તુજને તે જાવા નહિ દઉં તું છે ધુટડી રે નાર;
નહિ મૂકું તારી મટુકી.
શૃંગાર૦ પદ. ૧૭૨.

પ્રકરણ ૯ મું.

કાવ્યોનો ક્રમ.

નરસિંહ મહેતાએ લખેલાં પદો અને કાવ્યો, ક્યારે ક્યારે લખાયાં હશે તેનું અનુમાન કરવું ઘણું અઘરૂં છે. રચ્યા સંવત્ આપી નથી એટલે જે પ્રમાણો એના કાવ્યમાંથી મેળવી શકીએ તે ઉપર અનુમાનો રચવાં પડે છે.

ગોવિન્દગમન કવિનું છેક છેલ્લું કાવ્ય જણાય છે. એમાં એ લખે છે કેઃ–

હું ગાતાં ગાતાં વૃદ્ધ થયોરે એક અંશ ન ગુણ ગાયારે;
આજ કાલ કરતાં જરા આવી નથી મૂકાતી માયારે;
વળીયાં પળીયાં પડીયાં અંગે ત્યારે તો મેં લખીયું રે,
નરસિંહને ગુણ ગાવા નિશ્ચે તેથી એ દશામાં ભાખ્યું રે;

પદ. ૩૩.

એટલે ગોવિન્દગમન પૂર્વે નરસિંહે ઘણાં કાવ્યો રચ્યાં છે એવું સિદ્ધ થાય છે. અને ગોવિંદગમન લખ્યું ત્યારે એ વૃદ્ધ થયો હતો. રાસસહસ્ત્રપદીનાં પદો પણ ગોવિંદગમન પૂર્વે લખ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ ગોવિંદગમનમાં કવિએ કર્યો છેઃ—

મારગ નવ લહ્યોરે ત્યારે હા કહીરે પછી આરંભ્યો ત્યાં રાસ,
જળ થળ લીલારે તે હરિએ કરીરે કાઢ્યો હૃદયથી કામનો વાસ;–હરિ૦
તે નરસિંહે ગાઈ રે વિવિધ વિલાસમાં નામ તેનું **સહસ્ત્રપદનો રાસ,**
તે અહિં વાંચ્યોરે જેને ઇચ્છા વસેરે પુનિપુનિ કહે નરસિંહદાસ.–હરિ૦

પદ. ૨૮.

સુરતસંગ્રામ પણ રાસસહસ્ત્રપદી વગેરે પદો તથા ચાતુરી લખાયા પછી લખાયું છે, એવું અનુમાન કરવાને પણ સબળ પ્રમાણ મળે છે. કૃષ્ણના ગુણ ગાતાં કવિ લખે છે કેઃ—

સાયરે સાયરે અન્યોપમા માયરે નહિ કોઈ મહિમા અહિ વખાણે,
તે નાથ નખરાં કરે, નારીનું મન હરે, વિકૃત અવલોકીયે આજ ટાણે;
આભ ઊંડળ ભરૂં, અવળું વર્ણન કરૂં, હું હવે ન ડરૂં, પક્ષ છોડું.
પંચાનન પક્ષ વિણ, જો રહે ભક્ષ વિણ, થાય કદી એમ નવ હાથ ઓડું;

આ પદમાં શ્રીકૃષ્ણ અને ગોપીનું "અવળું વર્ણન" કરવાની વાત છે. એમ કરવામાં કવિ ડરતા નથી. હવે 'એક પક્ષ' છોડે છે અને બીજા પક્ષમાં જાય છે. વિચાર કરતાં રાસસહસ્ત્રપદી, વસંતનાં પદો, શૃંગારમાળા, ચાતુરીઓ વગેરેમાં કવિએ શ્રીકૃષ્ણનો પક્ષ રાખી ગોપીને હારતી બતાવી છે.[૧૬] એટલે હવે કૃષ્ણનો પક્ષ તજી ગોપીઓનો પક્ષ કરવા ઇચ્છા કરે છે, અને તેથી—

........નાથજી હારિયો એમ દાખું,
નરસૈંયો મૂઢમતિ, કો કહે આપમતિ, હરિહારિયો, હારિયો, સત્યભાખું.
સુરત૦ પદ ૨જું

આમ સ્પષ્ટ કથન કરીને નરસિંહ ગોપીનો પક્ષ ધરવાને માટે ખાસ ગોપીનોજ દૂત બને છે અને જયદેવને કૃષ્ણનો દૂત બનાવે છે.

વળી ચાતુરીમાં, 'સુરતસંગ્રામ' શબ્દ આવે છે. પ્રસ્તુત સુરતસંગ્રામને ઉદ્દેશીને એ સમાસનો પ્રયોગ નથી કેમકે એ સમાસથી તો એજ ચાતુરીમાં વર્ણવેલો સુરતસંગ્રામ સૂચવાયો છે.

---

૧૬. ચાતુરીછત્રીસીમાં ગોપી ચાતુરીમાં કૃષ્ણને "પાણી પાણી" કરવાની વાત કરે છે પરન્તુ ગોપી તરતજ હારે છે:

વચન સુણીને ધીરજ ટળીયુંજી તનમન મારૂં વ્હાલાજી શું મળીયુંજી,
દધિચ્યું પાત્ર તે શિરથી ઢળીયુંજી કહી કિંકણીને નીલાંબર ચળીયુંજી.
ચાતુરી. ષોડશી.

અધરે ધરી કીધો પાન તેણે ગયું મારૂં ભાન,
અંતર રાખી એકજ કીધું પામી વર હું કહાન.
ચાતુરી. ૩૩.

આમ ગોપીને કૃષ્ણ આગળ લથડતી બતાવી છે. એટલે ગોપી હારે છે ને કૃષ્ણ જીતે છે. વળી સહસ્ત્રપદીમાં ગોપીઓ કૃષ્ણની પાછળ પાછળ ભમતી દેખાય છે. પદ ૫૪. એના વગર ક્ષણ પણ રહી શકતી નથી. 'રીઝવીયે સુંદર વર મારો રમી રેણી રસમાં રંગેરે' પદ ૯૩. એમાં કૃષ્ણને રીઝવવાની વાત છે. વસંત, શૃંગારનાં પદોમાં કૃષ્ણની રાવનાં પણ ગોપીઓનાં પદો છે. ગોપીઓ કૃષ્ણની પાછળ પાછળ ભમે છે. જ્યારે સુરતસંગ્રામમાં તેઓ કૃષ્ણને હરાવે છે. પાછળ ભમતી નથી.

કહ્યું ન માને હો સખી ! ભુજ બાથ ભીડી રહ્યો,
સુરતનો સંગ્રામ સજની, બાળપણનો કહ્યો.

ચા૦ પો૦ પદ ૧૪.

આ 'સુરતસંગ્રામ'નું વર્ણન જે રાધા પોતાની સખીઓ આગળ કરે છે તે પદ તેરમાં વર્ણવાયલા વિલાસનું છે. એટલે 'સુરતસંગ્રામ'નું કાવ્ય ચાતુરીઓ અને પદો પછી લખાયું એમ માનવાને હરકત નથી. સુરતસંગ્રામ ગોવિંદગમનના કાવ્ય પૂર્વે લખાયું હોય એમ લાગે છે. કેમકે આ કાવ્ય એવું છે કે નરસિંહે નાગો શૃંગાર ગાયો છે એવા નરસિંહ પર થયલા આક્ષેપોને સબળ કરે છે. આ આક્ષેપોનો પરિહાર નરસિંહે ગોવિન્દગમનમાં છેલ્લાં પદમાં કર્યો છે. સુરતસંગ્રામને પોતેજ 'દોષ દરિયાવ' કહે છે પણ "એક ધરી હઠ હરિ ગાન ગાવું" એજ હેતુથી સુરતસંગ્રામ લખ્યું છે. પણ તેથી આક્ષેપો ઘણા વધ્યા. એટલે ગોવિન્દગમન લખ્યું અને કહ્યું કેઃ–

મરૂ તેવારે માયા મૂકાયે વળતે બકાય તે બકુરે,
અવસર ગયો ફરી નહિ આવે માટે સમય નહિ ચુકુંરે–પરી.
એમ ધારી ગોવિન્દ ગુણ ગાયા ગોવિન્દગમનમાં નાથારે,
હરિ ગુણમાં તો દોષ ન ભાળો દોષભર્યાં જે જનારે,–પરી.
પગીયાં પગીયાં પડીયાં અંગે ત્યારે તો મેં લખીનુંરે,
નરસિંહને ગુણ ગાવા નિશ્ચે તેથી એ દશામાં નાખીયુંરે–પરી.

સુરતસંગ્રામ જો ગોવિન્દગમન પછી લખ્યું હોત તો આથી વધારે સારો રસ્તો નરસિંહ આપત, અથવા છેલ્લી બે કડીઓ ગોવિન્દગમનને બદલે સુરતસંગ્રામ કાવ્યમાં મૂકત. "તેથી એ દશામાં નાખીયું" એવો સ્પષ્ટ ઉલ્લેખ સુરતસંગ્રામમાં વધુ યોગ્ય લાગે. પણ તે એમાં નથી તેથી ગોવિન્દગમન લખ્યું તેનાથી કેટલાક સમય પૂર્વે સુરતસંગ્રામ લખાયું હોવું જોઇએ.

હારમાળાના કાવ્યમાં પોતાના પર થયલા આક્ષેપો નરસિંહે સ્પષ્ટ કહ્યા છે. એ આક્ષેપો પદોમાં કે ચાતુરીઓમાં કે અન્ય કાવ્યમાં નથી; અથવા છે તે સૂચિત છે.

વેરાગી જોને હવો વિદૂર તે તો પામ્યો દેવ મોરારરે,
તારી પેડે કોઈએ **ન** ગાયો નાગો ભુંડો શૃંગાર રે;

હારમાળા—

'નાગો ભુંડો શૃંગાર' એ શબ્દ પ્રયોગોથી સહસ્ત્રપદી, શૃંગારનાં પદો ચાતુરી વગેરે સૂચવાય છે. પણ મુખ્ય આક્ષેપ તો સ્ત્રીઓ સાથે ગાવા નાચવાનો છે.

માળા તિલક પાખંડ રચે સદા સુંદરી સંગ તું રંગ રાતો,
ભણે નરસૈયો ધૂર્ત સુણ્ય નાગરા આવડું શું પદ પરગાતો.

હારમાળા૦પદ—૯

હારમાળા રચી ત્યાર પછી વખતે સુરતસંગ્રામ લખાયું ન હતું. કેમકે હરિલીલા ગાઈ તેને ઉદ્દેશીને 'વિષય લીલા' ગાઈ એવો નરસિંહ પર બીજો આક્ષેપ છે,

તમે જાણો વિષય રસ ગાયો મારો હરિશું પ્રેમ ઉભરાય,
હરિલીલા શણગારજ ગાતાં વિષયી નહિ કહેવાય,

હારમાળા. પદ—૪૫.

તેમજ હારમાળાના પ્રસંગે નરસિંહ ઘરડો નથી થયો એવો રઘુનાથાશ્રમનો નરસિંહ ઉત્તર દે છે એમાં સ્પષ્ટ જણાય છે:—

રે ઘરડા થઈશું ત્યારે રામજી કહીશું **હવણાં કહ્યાનો મારે ખપ નથી.**
છેલ છબીલો ને છોગાળો જો મૂકીયે બીજો ભજવો નથી.

એટલે ગોવિંદગમન લખ્યું તે વખતે નરસિંહ ઘરડો હતો ને હારમાળા વખતે પ્રૌઢ હતો. પ્રૌઢ હતો એમ માનવાનું કારણ છે, કેમકે હારમાળા લખી તે વખતે નરસિંહનાં સ્ત્રી પુત્ર મરી પરવાર્યાં હતાં. હુંડી, મામેરૂં વગેરે પ્રસંગો બધાજ બની ગયા હતા. માંડલિક એને મારશે અને છોકરી ક્યાં જઈ રહેશે એ વિચારથી પુત્રીને સાસરે રહેવા જવાનું કહે છે:—

"માતા તાહરી હરિને જઈ મળી ભ્રાત શ્રીકૃષ્ણ પામ્યો શર્ણ,"

હારમાળા પદ. ૬૭.

જ્યારે નરસિંહ કુંવરબાઈને તેને સાસરે જવાનું કહે છે ત્યારે સાસરે જવામાં માલ નથી એવો પિતાને પ્રત્યુત્તર કુંવરબાઈ આપે છે.

જેણે મામેરૂં રે હો કીધું મુજનુંરે રાખી દ્રૌપદીની લાજ,
હુંડી સીકારીરે હો એણે શામળેરે તે હાર આપશે મહારાજ;
સાસરે જઈને રે હો કહો પિતા શું કરૂં રે જ્યારે રૂઠયા સારંગપાણ,
નરસૈંયાના સ્વામીરે વહેલા પધારજોરે નહિતો નિશ્ચે જાશે પ્રાણ.

આ પદોમાં સાસરે ન જવાનું કારણ "સારંગપાણિ રૂઠ્યા છે" એવું આપે છે એટલે કુંવરબાઈને વૈધવ્ય આવ્યું છે એવું સમજાય છે. આ બધા બનાવો બની ગયા છે એટલે નરસિંહ પ્રૌઢાવસ્થાનો હોવો જોઈએ એમ માનવાને વાંધો નથી.

સુરતસંગ્રામ[૧૭] હારમાળા પછી લખાયું હોય એમ માનવાનું એક બીજું પ્રમાણ નીકળે છે. સુરતસંગ્રામમાં છેલ્લાં પદમાં કવિ આ કાવ્ય દોષ દરિયાવ હોવા છતાં તેનો બચાવ કરે છે. તેમાં વિષયરસ નથી પણ ભક્તિરસ છે એવો ધ્વનિ પાડતો "કૃષ્ણનો દાસ થઈ ઉલટે ગાવું" એમ કથન કરતો કહે છે કે મને પડેલી હરકતોનો વિચાર કરો પછી મારા કાવ્યનું નિરીક્ષણ કરો:—

નાગરવટ નહિ, કંઈ ખટપટ નહિ, એક ધરી હઠ, હરિગાન કરવું,
હરકતો સહુ સુણી કાવ્ય જોયે ભણી, મતિ સહુ સહુ તણી જોડી જોવું;
આ નરસૈં અનાથ કીધો હરે નાથ **સાહ્યો મુજ હાથ ને કષ્ટ ખોયું.**

આ 'હરકતો' તથા નરસૈંયો 'અનાથ' હતો તેને હરિએ 'સનાથ' કીધો, હરિએ 'હાથ સાહ્યો' અને તેથી 'કષ્ટ ખોયું'. એ બધી બાબતો હારમાળાના વિષયને બહુજ બંધ બેસતી આવે છે, 'કષ્ટ ખોયું' એમ એક વચનનો પ્રયોગ છે તેથી હારમાળાનો ઉલ્લેખ વધારે યોગ્ય લાગે છે. જીવનમાં નાગરોએ કરેલી અનેક હરકતોનોજ ઉલ્લેખ હોત તો 'કષ્ટ ખોયાં' એમ પ્રયોગ થાત. એટલે હારમાળાના પ્રસંગ પછી હારમાળા લખાઈ અને ત્યાર પછી સુરત-

---

૧૭. સુરતસંગ્રામ વિષેના તમામ ઉલ્લેખમાં તે કાવ્યમા વર્ણવાયલા સુરત-સંગ્રામને ઉદ્દેશીને ઉલ્લેખ છે એમ જણાય છે.

વિહાર કરશું કંઠ લાગી પ્રેહે ટાળશે કહાન,
સુરત સંગ્રામે શામળા શું મૂકી મન અભિમાન.

ચાતુરી–૩૦.

સંગ્રામ લખાયું એમ ઠરે છે. એટલે ગોવિન્દગમન છેક છેલ્લું, તેની પહેલાં સુરતસંગ્રામ અને વખતે એની વચ્ચે કેટલાંક જ્ઞાનનાં પદો, પ્રભાતીયાં, બાલાવરના પાલખી જેવાં નાનકડાં કાવ્યો, લખાયાં હશે. સુરતસંગ્રામની પૂર્વે હારમાળા લખાઇ હોવી જોઈએ.

ચાતુરીમાં સુરતસંગ્રામ શબ્દ આવે છે. પરન્તુ તેથી સુરતસંગ્રામ કાવ્ય સૂચવાતું નથી એ ઉપર બતાવ્યું છે. હુંડી, મામેરૂં વગેરે પ્રસંગો બન્યા તે પૂર્વે ચાતુરીઓ લખાઈ હોય એવું દેખાય છે. ચાતુરીષોડશીના નવમા પદમાં રાસસહસ્રપદીનો આછો ઉલ્લેખ છે.

પાસ રહીને નયન નીરખ્યો અનુભવ રસ થયો જેહ,
જેવી લીલા નજરે દીઠી મુખડે તે ગાઈ તેહ;
દીવી તે મારે હાથ દીધી કહે નરસૈંયો નિધ જોઈ,
વિલાસ ગોકુળનાથનો ભૂતળ ગાયો સોઈ;

આ 'વિલાસ'થી રાધાકૃષ્ણનો વિલાસ ચાતુરીમાં વર્ણવાયો છે તે સૂચવાય છે એમ માનવાનું નથી. પણ વસંત, રાસ વગેરેનાં પદોનો વિલાસ સમજવાનો છે. કેમકે દીવી હાથમાં લઇ ને જે લીલા જોઈ તે રાસલીલા હતી. ચાતુરીની લીલા તો કામલીલા છે. જો ચાતુરીનેજ ઉપલા વિલાસ લાગુ પાડવા જઈએ તો તો 'મુખડે તે ગાઇ', 'એ ભૂતળ ગાયો.' એવો ભૂતકાળનો પ્રયોગ ન સંભવે, પણ 'મુખડે તે ગાઉ', 'ભૂતળ ગાઉ' એવો વર્તમાનકાળનો પ્રયોગ સંભવે. કેમકે હજી ચાતુરીઓ તો ગવાય છે.

રાસ અને વસંતનાં પદો લખાયાં પછી થોડાજ વખતમાં ચાતુરીઓ ગવાઈ છે, કેમકે:—

ભાભીએ ભાગ્ય ઉદે કર્યાં મને કહ્યાં તે કડવાં વચન,
ત્યારે નરસૈંયો નિર્ભય થયો પહોંચ્યો તે આ જીવન.

પદ—૯

એવો તરતજ બની ગયલા પ્રસંગનો ઉલ્લેખ છે.

રાસ, વસંતનાં પદો એક સામટાં લખાયાં એમ પણ મનાય નહિ. ત્રૂટક ત્રૂટક લખાતાં. પરન્તુ નરસિંહે પોતેજ તેનો સંગ્રહ કરેલો અને પદોનાં નામ આપ્યાં હશે. એનો મોટો ભાગ ચાતુરી લખાઈ તે વખતે લખાઈ

ગયલો હોવો જોઈએ. શૃંગારમાળાનાં કાવ્યો લખાયાંનો પણ આજ સમય હોવો જોઈએ.[૧૮]

" તે ગાઈ મેં વિવિધ વિલાસમાંહે તેનું નામ સહસ્રપદીનો ૨સ " ગોવિન્દગમનના પદ ૨૮માં મળતી આ લીટી ઉપરથી કેવળ રાસસહસ્રપદીજ પૂરી થયલી માનવાનું નથી. પણ વસંત વગેરેનાં પદો પણ ગણાવાનાં છે. કેમકે હારમાળમાં પણ આવી એક ઉક્તિ મળે છે.

શંકર સ્વામીએ દીન જાણી મને હરિગુણ ગાવાની ટેવ પાડી,
વિવિધવિલાસ ગાયા મેં ગોવિંદના ભક્તિભાવ ભૂલ્યો શું હું અનાડી ?
પદ ૧૧૩

સુદામાચરિત્ર, શામળશાનો વિવાહ, હુંડી, મામેરૂં ને હારમાળા વગેરે " જાગને જાદવા " જેવાં, પ્રભાતીયાંના રાગમાં લખાયાં છે. હારમાળામાં તો નરસિંહનાં હૃદયબીનાં કોમળ તંતુઓ ધ્રૂજે છે. પણ અપર કાવ્યો તો સાદી નોંધ જેવાં છે. નિરીક્ષણ કરવા જતાં તેમાં પણ સહૃદયતા છે, ને લાગણી પણ છે. એ બધી સમતાને લીધે એ બધાં શાંતિની વખતે લખાયાં હોય એવું લાગે છે. હિંડોળાનાં, રાસનાં, વસંતનાં વગેરે પદોમાં રાગો છે. ચાતુરીમાં રાગ અને ઢાળ તથા વલણ છે, ત્યારે હારમાળામાં રાગનાં પદો છે, ને પ્રભાતીયાંનાં પદો છે. આમ જોતાં હારમાળા પછી સુદામાચરિત્ર, શામળશાનો વિવાહ, હુંડી, મામેરૂં વગેરે પ્રભાતીયાંના સંબંધે લખાયાં લાગે છે. પરન્તુ એમ હોય તો એમાંના કોઈ પણ કાવ્યમાં હારમાળાના પ્રસંગનું સૂચન એમાંનાં કોઈ પણ કાવ્યમાં હોવું જોઈએ. કેમકે એ પ્રસંગ નરસિંહનો જીવનમાં કટાકટીનો હતો હારમાળામાં, હુંડી, મામેરૂં વગેરે પ્રસગનું સૂચન સ્પષ્ટ છે. હારમાળાના પ્રસંગ પહેલાંના પ્રસંગમાં હારમાળાના પ્રસગનું સૂચન હોય એમ માનવાને કારણ નથી. કેમકે આ કાવ્યની વાત છે. કાવ્ય લખતી વખતે ગત પ્રસંગોનું સૂચન સંભવે. એટલે હારમાળાની પહેલાં આ કાવ્યો લખાયાં એમ માનવું ઠીક લાગે છે.

---

૧૮. ગુ૦ પ્રેસવાળાઓએ શૃંગારમાળા, વસંતનાં પદો, હિંડોળાનાં પદો વગેરે નામ વિષયસૂચક પદો પરથી તારવ્યાં જણાય છે. કેમકે કાવ્યદોહનમાં એ પદોનો સમૂહ 'કૃષ્ણવિહાર' 'નરસિંહવિલાસ' એ નામોમાં છપાયો છે.

એટલે પ્રથમ રાસસહસ્ત્રપદી, પ્રકીર્ણ પદો, (વસંત, શૃંગાર અને હિંડોલનાં), પછી ચાતુરીઓ, સુરતસંગ્રામ, મામેરૂં, શામળશાનો વિવાહ, હુંડી, હારમાળા, પછી ગોવિંદગમન, અને અત્ર તત્ર જ્ઞાનનાં પદો છૂટક છૂટક લખાયલાં. પરન્તુ હારમાળાના અવસરમાં વિશેષ સંખ્યામાં લખાયલાં વણઝારાનાં, અવતારન વગેરેનાં પદો પણ છૂટાં છવાયાં લખાયલાં માનવાં પડશે. દાણલીલા, કૃષ્ણજન્મવધાઈનાં પદો, કૃષ્ણજન્મસમાનાં પદોનો સમય શામળશાનો વિવાહ વગેરે કાવ્યોનો હોવો જોઈએ. એ વખતે પણ શૃંગારનાં પદોમાંનાં કેટલાંક લખાતાં ને ગવાતાં હશેજ. પણ ખરો ઉભરો કૃષ્ણલીલાના દર્શન પછી તરતજ આવેલો. નરસિંહના કાવ્યજીવનની ત્રણ અવસ્થા પાડીયે તો પ્રથમ અવસ્થા આવેશની, પછી કથાકારની અને છેવટે હારમાળા વગેરેના પ્રસંગથી મિશ્ર.

પ્રકરણ ૧૦મું
નરસિંહના અનુગામી તથા પુરોગામીઓ

નરસિંહ મહેતાનાં કાવ્યની અને જીવનની અસર અનુગામી કવિ ઉપર સારી થઈ છે. વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની, પ્રેમાનંદ વગેરેને નરસિંહે લખેલાં આત્મજીવન પ્રસંગનાં કાવ્યો ઘણાં ઉપયોગમાં આવ્યાં છે. રા. પારેખે મુદ્રિત કરેલાં નરસિંહ મહેતાના ચરિત્રમાં તો નરસિંહની પુરેપુરી અસર છે. હારચરિત્રમાં લગભગ નરસિંહની આખી હારમાળા આવી જાય છે.

નરસિંહનાં કેટલાંક પદો નરસિંહ અને ભાલણને નામે ચઢી ગયાં છે. પણ નરસિંહની ખાસ અસર ભાલણ ઉપર થઈ જણાતી નથી. બંને સમકાલીન હતા. પરન્તુ એકની બીજાને ખબર પડી હોય એવું જણાતું નથી. મીરાંબાઈએ નરસિંહકા માયરા એ નામનું કાવ્ય લખ્યું કહેવાય છે. તે વખતે મીરાંનું દ્વારિકામાં અવરનવર જવું આવવું થતું હોય તે ઉપરથી નરસિંહ વિષે સાંભળીને લખાયું હોય.*

નરસિંહની સ્પષ્ટ અસર ઘણી મોડી થઈ દેખાય છે. એની ભાષા અને એના ભાવોની અસર સૌથી વિશેષ પ્રમાણમાં જોવા જઈએ તો તે

---

* નરસિંહના એક પદમાં મીરાંનું નામ છે પણ તે નામ હોવાનું અસંભવિત છે.

દયારામ ઉપર છે. નરસિંહે "રાધિકાનું સ્વપ્ન" લખ્યું છે તેવુંજ વિસ્તારવાળું સ્વપ્ન દયારામે લખ્યું છે. દયારામનું "હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું" એ જાણીતું પદ નરસિંહના "માહરો નાથ ના મેલે સાથ રે સજની! શું કીજે" એ પદના પૂર્ણ પડઘા પાડે છે દયારામની "વાજે વૃંદાવનમાં વાંસળીરે ઉભો ઉભો વગાડે કહાન" એ ગરબી નરસિંહની વાંસળીની ત્રણ ચાર ગરબીને આધારે લખાઈ છે. તેમાં પણ જમુનાજળ સ્થંભી જવાની વગેરે કલ્પનાઓ નરસિંહના એક અમુદ્રિત પદને આધારે લેવાઈ છે.

"એક સખી કહે બીજીને સાંભળ સૈયર વાત વેણુ વાગે છે" એ લીટીથી શરૂ થતું પદ આગળ વધતાં,

જળ જમુના સ્થંભી રહ્યાં ન હાલે વૃક્ષને પાન–વેણુ વાગે છે.
ગાય ન ચારે વાછરડાં ગોધનુ ન ચાલે ચરણ.–વેણુ૦
સૂરજ રથ રાખી રહ્યા રહ્યા તે એણે ઠામ.–વેણુ૦
ચંદ્ર રથ ચાલે નહિ રજની થઈ ખટ માસ.–વેણુ૦
શંકર તાળી ચૂકીયા ગાંધર્વ ચૂક્યા ગાન.–વેણુ૦
ઇત્યાદિ

"કાનુડો કામણગાળોરે" વગેરે જાણીતાં પદોના વિષય પણ નરસિંહે અનેક ગરબીમાં સૂચવ્યા છે.[૧૯] "પ્રાતડીની રીત અતિ અટપટી" જેવા વાક્યપ્રયોગો નરસિંહે પ્રથમથીજ કર્યા છે.[૨૦]

પ્રેમાનંદનું જાણીતું પદ "ધૂતારી ઘુમટાવાળીરે આંજ્યા વિના આંખડી કાળીરે" એમાં પણ નરસિંહની ભાવનાની અથવા સમગ્ર કાવ્યોની એકધારી અસર જણાય છે.

અખો, ધીરો, ભોજો વગેરે વેદાન્તના મત પ્રતિપાદન કરનારા કવિઓ અને નરસિંહને કંઈ સંબંધ હોય એવું જણાતું નથી. ફક્ત નરસિંહનાં જ્ઞાનનાં પદો અને આ કવિઓનાં કાવ્યોનો વિષય એક મત પ્રતિપાદન કરે છે એટલું. બાકી નરસિંહની કોઈ પણ જાતની અસર એમના પર નથી.

---

૧૯. વિશેષ વિવેચન માટે નવમી સાહિત્ય પરિષદ્‌માં નરસિંહ અને દયારામ પર મારો લેખ જોવો. ૨૦ હારમાળા પદ. ૧૧૩. સજનીની ગરબી ભાલણ, નરસિંહ અને દયારામની ગણાય છે. જુઓ વસંત રજત મહોત્સવ મારોલેખ.

પુરોગામીઓ.

નરસિંહના પુરોગામી એવા ગુર્જર કવિ થયા નથી કે જેની અસર નરસિંહ ઉપર થઈ હોય. કૃષ્ણલીલાવિલાસ ગાયો તે નરસિંહ સ્પષ્ટ જણાવે છે તેમ રાસના નિરીક્ષણના પરિણામે. છતાં નરસિંહનું ભાષાજ્ઞાન; ગોકુળ મથુરા વગેરેની માહીતિ; કૃષ્ણચરિત્રનું ભાન; ઉદ્ધવ, સુદામો, નામદેવ, કબીર, નામો, પ્રહ્લાદ, અંબરીષ વગેરે ભકતો વિષે માહીતિ, જ્ઞાનનાં પદોના વિષયની માહીતિ વગેરે નરસિંહને મળ્યાં તે કેવી રીતે મળ્યાં હશે તે જાણવાની જરૂર રહે છે.

ભક્તોનાં નામ અને શ્રીકૃષ્ણની ભકતવત્સલતાનાં ઉદાહરણથી નરસિંહને પુરાણોની માહીતિ ઘણી સારી હોવી જોઈએ. અને તે ભક્ત કવિ માટે સંભવે છે. એટલે પુરાણોની અસર નરસિંહ પર વિશેષ છે. ભાગવત વગેરે ગ્રંથો નરસિંહની જાણમાં હતા. પરન્તુ એમાંથી પ્રભુનું ભકત પ્રતિપાલન વિના ખાસ બીજું નરસિંહને મળ્યું નથી. અને તેથી ભાગવત વિષે નરસિંહ પોતાનો મત જાહેર કરે છે કે એમાં તો જ્ઞાન, વૈરાગ્યની વાત છેઃ—

પ્રેમની વાત પરિક્ષિત પ્રીછયો નહિ શુકજીએ સમજી રસ સંતાડયો,
જ્ઞાન વૈરાગ્ય કરી, ગ્રંથ પૂરો કર્યો, મુક્તિનો માર્ગ સૂધો દેખાડયો;
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિરે જોગી,
પ્રેમનો જોગ તો વ્રજતણી ગોપિકા અવર વીરલા કોઈ ભક્ત ભોગી.

કા. સં. પૃ૦૪૭૮, ૫૬.૨૪.

નરસિંહ આવો મત જાહેર કરે છે તોપણ ભાગવત દશમસ્કંધ જોતાં ગોપીઓની કૃષ્ણ પ્રત્યે પ્રેમભક્તિ રસરૂપ હતી એવું નીકળે છે. રાસલીલાનો ભાગ પણ તેમાં સારો વર્ણવાયો છે.† ભાલણને તો એ મૂળ દશમસ્કંધની સારી અસર છે એ સ્પષ્ટ છે. ભાગવત મતથી વખતે નરસિંહ વિરક્ત રહ્યો હોય પણ જે રાસલીલાનું દર્શન શંકરે કરાવ્યું તે ભાગવતમાં મળી આવવાથી તેનાથી વિમુખ રહ્યો હોય એમ માની શકાય નહિ.

ગોવિંદગમનમાં ચંદ્રભાગા વગેરેનાં નામો આવે છે. પણ ગોવિંદગમનનું આખું કાવ્ય જોતાં તે ભાગવતની રૂઢિ પર લખાયું લાગે છે કેમકે છેવટના

† ભાગવત દશમ સ્કંધ અ. ૨૯થી ૩૫

ભાગમાં "પરિક્ષિત્ રાયે પૂછીયું, શુકદેવને તેણીવાર;" "પરિક્ષિત્ રાજા તમે સુણજો, એ છે સર્વનો કરતા રે" એવી રીતિ રાખી જાણે ભાગવતમાંથીજ ભાગ લીધો હોય તેવું લખાણ છે. આ ભાગ ભાગવતના દશમસ્કંધના ૩૫મા અધ્યાયનો છે. નરસિંહે ગોપીનો પ્રેમ વધુ ઉત્કટ કરી દીધો છે. જ્યારે નરસિંહ રાધા અને ગોપીનોજ પ્રેમરસ ગાવા બેઠો છે, ત્યારે તે રાધાની સખીઓનાં નામ વિષે શોધ કરે એ અસંભવિત નથી; તેમજ તેણે પદ્મપુરાણ જેવાં પુરાણો વાંચ્યાં કે સાંભળ્યાં હોય તેમાં પણ નવાઈ નથી. જેમ તે દ્વારિકા વરસમાં દર પૂનેમે જતો તેમ તે કોઈ વખત મથુરા, ગોકુળ, વૃંદાવન પણ ગયો હશે ત્યાંથી પણ ચંદ્રભાગા વગેરેનાં નામ મેળવી શક્યો હોય. ગોવિંદગમનમાંજ આ નામો વિશેષ જોવામાં આવે છે. એ પરથી આ સંભવે છે. બાકી ચૈતન્ય અને રૂપા ગોંસાઈનો સંબંધ ધ્યાનમાં લેવા જઈએ તો કેટલીક ન કરવા જેવી કલ્પનાનો આશ્રય કરવો પડે છે.

વળી રાસનો મુખ્ય વિષય કૃષ્ણગોપીનો વિહાર તો નરસિંહ કહે છે કે મહાદેવે કરાવેલી રાસલીલાના દર્શન ઉપરથીજ તેને ઉપલબ્ધ થયો છે. અને તે રાસલીલા 'રામલીલા' કરનારી મંડળીઓએજ કરેલી હતી એમ શા આધારે માનવું ? પ્રત્યક્ષ મહાદેવનાં દર્શન ન માનીએ તોપણ યોગશક્તિદ્વારા કોઈ મહાત્માએ રાસલીલાનું ભાન નરસિંહને કરાવ્યું હોય એમ કેમ ન માનવું ? એ વિશેષ સંભવે છે. નહિ તો સામાન્ય રાસક્રીડા કરનારા 'રામલીલા'વાળાઓ ઉપર નરસિંહનો પ્રથમ અવસ્થાનો આટલો પ્રબળ ભાવ અને તેમની રાસ-લીલાની આટલી પ્રબળ નરસિંહ પર છાપ પડે એ નવાઈ જેવું લાગે છે. એટલે ચૈતન્ય વગેરેની અસર નરસિંહમાં છે એમ માનતાં મન ઘણું અચકાય છે. નરસિંહની જન્મતિથિ સંવત ૧૯૬૯ વધારે યોગ્ય લાગે છે. એ જોતાં ચૈતન્ય જે સોળમા શતકના મધ્યમાં થયા તેનો મેળ મળતો નથી.

જયદેવ

નરસિંહમાં જયદેવની અસર છે કે નહિ તે હવે વિચારવાનું રહે છે. સુરતસંગ્રામમાં નરસિંહ કૃષ્ણનો પક્ષ છોડી ગોપીઓનો પક્ષ કરે છે તે વખતે જયદેવ કવિને તે કૃષ્ણના પક્ષનો કરે છે, અને વિષ્ટિકાર બનાવે છેઃ—

સર્વે નીચું લહ્યું, હા ન કોઈ કહ્યું, ઊઠીયો જયદેવો સમય જોઈ,
નરસૈંયો ભણે, ઊભીયો મુદિત મને, **કૃષ્ણ ભજતાં જીણે નાર ખોઈ.**
પદ ૨૩.

જયદેવ ચાલીયો મનમાંહિ માલીયો આવીયો જ્યાં ઉભી ગોપનારી.
પદ ૨૫મું.

રોમાંચ જયદેવ થઈ બોલે કંઈનું કંઈ, નીરખે છે નરસૈંયો કેવું હળાશે.
પદ ૨૫મું.

સ્વામિની સ્વર સુણી, ચળે મોટા મુનિ, ત્યાંહિ જયદેવનું કોણ લેખું!
પદ ૨૮મું.

આમ જયદેવનું સ્પષ્ટ સૂચન કવિએ કર્યું છે. વળી હારમાળામાં પણ જયદેવને કૃષ્ણએ પદ્માવતી આપ્યાનું કથન છે,

જયદેવને પદ્માવતી આપીને રખે નાગરાને તું તો જાતો વાહી.
પદ, ૫મું.

વળી સુરતસંગ્રામમાં કૃષ્ણે જયદેવને પદ્માવતી આપી તે વિષે રાધા ટકોર કરે છેઃ-

વિચાર હૃદયવખે, આવિયો શા મખે? ધિક્ **પદ્મિની માટ તું દાસ કાવ્યો,**
પદ્મિની દેઉં અમો, જાવ ચાલ્યા તમો, દાસને છોડવી માન પામું.
પદ ૨૭.

આમ જયદેવની વિષ્ટિ, અને તેને પદ્માવતી મળવાની વાત એમ એ ઉલ્લેખ કવિએ જયદેવ વિષે કર્યા છે.

નરસિંહ ભક્ત હોવાથી, ઘણા વખત પર થયલા અને થોડા વખત પર થયલા એવા ભક્તોનું* આમ સૂચન કરી પ્રભુની ભક્તવત્સલતાનો ખ્યાલ આપે છે. પરન્તુ જયદેવના ગીતગોવિંદ વિષે નરસિંહે એવો ઇશારો

---

*સમકાલીન કબીરનું "આપી કબીરને અવિચળ વાણી," સો વર્ષ પર થયલા 'નામદેવ'નો "તે નામદેવની જીવાડી ગાય એવા સમરથ વૈકુંઠરાય" એમ 'પંઢરપુર'નું નામ આપી ઉલ્લેખ કરે છે. પદ ૮૨. હાર૦ પણ જયદેવ અને કબીર વિષે એમના રહેવાના સ્થળનો સ્પષ્ટ ઉલ્લેખ નથી એટલે તેમને માટે ઉડતી વાતો સાંભળેલી.

કર્યો નથી. જયદેવના ગીતગોવિંદમાં રાધાકૃષ્ણનો એકસરખો શૃંગાર અને વિરહવેદના વગેરે છે. વિરહાવસ્થા સાતમે સર્ગે વર્ણવી, આઠમા સર્ગમાં બંનેનો મેળાપ વર્ણવતાં તે લખે છે:—

अथ कथमपि यामिनीं विनीय स्मरशरजर्जरितापि सा प्रभाते।
अनुनयवचनं वदन्तमग्रे प्रणतमपि प्रियमाह साभ्यसूयम्॥

આથી કૃષ્ણ રાધાને મળવા જાય છે એવું દેખાય છે. ત્યારે ચાતુરી-ષોડશીમાં રાધા લલિતાદૂતીના સ્હેજ ઇશારામાં–કૃષ્ણનું સર્વોત્તમપણું સમજી જતી શ્રીકૃષ્ણને મળવા તત્પર થાય છે. આમ જયદેવના ગીતગોવિંદનો અને નરસિંહની ચાતુરીનો વિરોધ સ્પષ્ટ દેખાય છે. સુરતસંગ્રામમાં પણ નરસિંહે જયદેવને કૃષ્ણનો પક્ષકાર બતાવ્યો છે ત્યારે તેના ગીતગોવિંદમાં તે કૃષ્ણનો પક્ષકાર હોય એવું જણાતું નથી. રાધા અને કૃષ્ણ બંનેનો મર્મ તો તે બરાબર સાચવે છે. સુરતસંગ્રામમાં તો જયદેવ સ્પષ્ટ રીતે રાધાની ભૂમિકા ઉતારી પાડે છે.

નીચ એ છે ઘણું, કામ વિષ્ટિતણું, વળી પાસ તે નારીની કોણ ન નિંદે!
હારમાં સાંધીને, સર્વને બાંધીને, લુંટતી લલના સાહી લાવું.

આમ જયદેવ અભિમાનમાં જાય છે.

ચાતુરીનો વિષય કૃષ્ણની શૃંગારક્રીડાનો અને રિસામણાંનો કંઇક જયદેવના ગીતગોવિંદને મળતો છે. પરન્તુ 'ચાતુરી' એ મથાળાથી નરસિંહને વિષયની ભૂમિકા કોઈક જુદાજ પુસ્તક પરથી મળી લાગે છે. "ચાતુરી ગવરાવીજી" એ ઉલ્લેખ પણ કંઇક એવુંજ સૂચવે છે. 'ચાતુરીછત્રીસી'માં તો આરંભ 'દાણ'થી થાય છે. અને તે આપવા લેવાની રગઝગમાં ગોપીનું 'નીલાંબર ચળે છે.' દૂતીનું કાર્ય ગીતગોવિંદની દૂતી કરતાં જુદું છે.

'વળતી વનિતા એમ વિનવે દૂતી સુણ કહું એક વાતરે,
મારા મંદિરમાં બાધા નથી બહાર લોક કરે છે વાતરે;"

લોકભયનું છે. રીસામણાનું તો કોઈકજ સ્થળે નજરે પડે છે.

ચાતુરીષોડશીમાં રાધાને રીસાવવાનું કારણ તેને માન વધ્યું એવું આપ્યું છે:—

રસ રીતે પ્રેમ પ્રાતે કરતાં સુધારસપાન,
તેમ થયા પછી શું થયું માનુનીને વધ્યું માન;

રાધા—લંપટ મેલી દેને મુજને નિર્લજસાથ શું સ્નેહ,
મુજથી વહાલી વા'લમા ઉર વિષે રાખી છે તેહ.

આ સ્થળે રાધા એકલીજ છે. જયદેવે તો રાસનો પ્રસંગ લીધો છે, અને કૃષ્ણનો ગોપીઓ સાથે વિહાર જોતાં પોતાનો ઉત્કર્ષ ઘટી ગયો એવો વિચાર રાધાના મનમાં મૂકી તેનું રીસામણું આલેખ્યું છે.

विहरति वने राधा साधारणप्रणये हरौ।
विगलितनिजोत्कर्षादीर्ष्यावशेन गतान्यत:
द्वि०-सर्ग० ॥

આમ જોતાં જયદેવની સ્પષ્ટ અસર નથી. વિષય જોતાં નરસિંહનું વિશેષ ધ્યાન કૃષ્ણની કામકળા ઉપર છે, શૃંગાર ગાવા પર નથી. આડકતરી ભાવની અસર પણ નરસિંહમાં એવી દેખાતી નથી. ગીતગોવિંદ નરસિંહે ભાષાંતરરૂપે પણ સાંભળ્યું હોત તો વસંતવર્ણનની પણ અસર વિશેષ થવા સંભવ હતો. વસ્તુતઃ જયદેવનું નામ વગેરે આવવાનું કારણ કૃષ્ણની સ્તુતિથી જયદેવની સ્ત્રી પદ્માવતીને પુનર્જીવન મળ્યું તે કથાથી ભક્ત તરીકે છે, લેખક કે કવિ તરીકે નથી એથી શૃંગાર વગેરેની જે ચેષ્ટાઓ, વિલાસ અને વિહારનું વર્ણન છે તે માટે નરસિંહને જયદેવનો આધાર નથી પણ પ્રત્યક્ષ જોયલી કૃષ્ણલીલા કે રાસને લીધે સ્વતઃસ્ફુરિત છે એમ અમારૂં માનવું થાય છે. એક સંભવ છે કે નરસિંહની પૂર્વે જયદેવની અસરવાળા કોઈ ભક્ત કવિનાં પદો હોય અને તે પરથી નરસિંહને કંઈક ઊર્મિ મળી હોય. જો જયદેવનો આધાર નરસિંહને મળ્યો હોય તો વારે વારે 'જે રસ શંકર સમાધિએ લહ્યો' અને "શુકદેવે પીધો" અને "મેં જે લીલા દીઠી તે ગાઈ" એવો ઉલ્લેખ નરસિંહ કરે નહિ. અને પોતાની શક્તિનું માન ખાટી જવા જયદેવનું નામ ન લખ્યું એમ નરસિંહનો ભક્તિભાવ જોતાં માની શકાતું નથી. એને કવિ તરીકે પંકાવવાની હોંસ હતીજ નહિ.

વળી 'કબીરને આપી અવિચળ વાણી' એવું કથન છે તે ઉપરથી નરસિંહે કબીરનાં પદો ઘણાં વાંચ્યાં કે સાંભળ્યાં હશે. જ્યારે કબીરનો આવો ઉલ્લેખ છે તો પછી જો નરસિંહે જયદેવનું ગીતગોવિંદ વાંચ્યું કે સાંભળ્યું હોય તો તેથી રાસલીલા, વિહારક્રીડા વગેરેનો ઉલ્લેખ અંશમાત્ર પણ ના કરે અને એની પદ્માવતી અથવા પાદ્મનીનુંજ સંબોધન કરે એ પણ ઠીક લાગતું નથી. એથી નરસિંહની રાસલીલાના દર્શનથીજ પ્રેરાયલોઓ ઊક્તિઓ છે એ માનવું યોગ્ય લાગે છે.

શંકરાચાર્ય અને કબીર

કબીરની 'આત્મતત્ત્વ'ની પૂજાનાં પદો સાથે નરસિંહનાં કેટલાંક જ્ઞાનનાં પદોનું મળતાપણું છે. એથી તેમજ 'આપી કબીરને અવિચળ વાણી' એ ઉપરથી કબીરની અસર તો નરસિંહનાં જ્ઞાનનાં પદોમાં છે. નરસિંહની કેટલીક લીટીઓ કબીરની લીટીને મળતી આવે છે:—

'જ્યાં લગી આત્મતત્ત્વ ચિન્તવ્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જુઠી."

આતમતત્ત્વ ચીના વિના સબ હે જુઠી સેવ
કરે સો તો ભ્રમણા, કયા તીરથ કયા દેવ.

કબીર કરતાં નરસિંહમાં શંકરાચાર્યની છાયા વિશેષ દેખાય છે. સ્વ. વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રીના કથનઅનુસાર શકરાચાર્ય જૂનાગઢ પધારેલા અને તેમણે શિવવિષ્ણુની પૂજનનો ભેદ કાઢી નાંખવા સમજણ નાગરોને આપેલી હતી. એમના કહેવા પ્રમાણે તેમણે એક આચાર્ય પાસથી આત્મતત્ત્વનું જ્ઞાન મેળવેલું. શંકરાચાર્ય અધિકારીઓના અધિકાર પ્રમાણે ભક્તિમાર્ગથી વિરુદ્ધ હતા નહિ. એટલે નરસિંહમાં પ્રથમ ભક્તિ અને પાછળથી જ્ઞાનમાર્ગ પણ દેખાય. અને તેથી તે "ઘેલા મન ગોવિંદ ગાનીરે" એમ ઉપદેશ કરતાં છેવટે:—

"જ્ઞાન ખડગ લે હાથમાંરે જમનો શિર લે ન ધાની." ઘેલા૦ એમ જ્ઞાન ખડગની ભલામણ કરે છે. જોકે અહિં તહિં ભક્તિની ઘણી પ્રશંસા કરી છે અને "નરસૈંયાચા સ્વામી, સબળ વશ ભક્તિને, અવર ઉપાય નહિ દેહ ત્યાગે," "અલ્યા! ભૂલમા ભૂલમા, ભક્તિ ભૂધરતણી" એમ ભક્તિનું પ્રાધાન્ય બતાવે છે. છતાં કેટલાંક પદોમાં નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરી, બ્રહ્મનું સર્વાત્મત્વ સૂચવે છે. એમ કરતાં જગતનું મિથ્યાત્વ પણ નરસિંહે બતાવ્યું છે.

"નીરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો તેજ હું તેજ હું શબ્દ બોલે."
"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે"

વળી સ્પષ્ટ કથ્યું છે:—

જાગીને જોઉં તો જગત દીસે નહિ ઉંઘમાં અટપટા ભોગ ભાસે.
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

અને સર્વાત્મૈક્ય બતાવ્યું છે.

'નિર્ગુણ' વિશેષણ અથવા સંજ્ઞા એણે પરમાત્માને લગાડી છે:—

'નિર્ગુણ નાથને, નરખી તે નવ શકે'
'જો નિરાકારમાં જેહનું મન ગળે;'
'મર્મ સમજ્યા વિના ભર્મ ભાગે નહિ, સગુણ સ્વરૂપ નિર્ગુણ એનું.'

નરસિંહ શંકરાચાર્યના મતાનુયાયીઓના પ્રસંગમાં ઘણો આવ્યો હતો એ તો હારમાળા ઉપરથી જણાય છે:—

નિર્ગુણ બ્રહ્મની નિંદા કરે છે ઘેલા ગર્વ કાં રાખેરે;
ભીમ ભણે તું હાર ન પામે વિના રામજીના પાખે.
પદ. ૩૧

નરસિંહે શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો કે અદ્વૈતસિદ્ધિના ગ્રંથો વાંચ્યા હતા એમ કહેવાનું નથી. પરન્તુ એ મતના સાધુઓના સિદ્ધાન્તની અસર નરસિંહને સ્પષ્ટ થયલી એ વાત નિર્વિવાદ કહી શકાય. સત્ય, અનંત, સચ્ચિદાનંદ, અદ્વૈત બ્રહ્મ વગેરે શબ્દપ્રયોગો નરસિંહને એથીજ પ્રાપ્ત થયા દેખાય છે.

પ્રકરણ ૧૧મું
જીવનની રૂપરેખા.

નરસિંહ મહેતાનો જન્મ સંવત્ ૧૪૭૦ માં થયો મનાય છે. [૨૧] એમના પિતાનું નામ કૃષ્ણદાસ હતું. કૃષ્ણદાસ મહેતા રા'મંડળિકની નોકરીમાં

૨૧ કા. સંગ્રહ. પૃ. ૨૪, ૨૫ ઇત્યાદિ.

જૂનાગઢ હતા. એના કાકાનું નામ પર્વતદાસ અને પિતામહનું નામ પુરૂષોત્તમ હતું [૨૨]. તે યજુર્વેદી, કાશ્યપગોત્રી, અને દત્તશર્મા કહેવાતા. કાશ્યપ, અવત્સાર અને ધ્રુવ એવાં ત્રણ પ્રવર હતાં.

નરસિંહ મહેતાનો જન્મ 'તલાજા' ગામમાં થયો હતો. સ્વ. શાસ્ત્રીના કથન પ્રમાણે નરસિંહ મહેતાના કાકા પર્વતદાસ પ્રત્યેક પૂર્ણિમાએ યાત્રા કરવા જતા તે વિષ્ણુના પરમ ભક્ત હતા. સંવત્ ૧૪૮૪ની વૈશાખ સુદી અગિયારસે જૂનાગઢમાં એમણે વિષ્ણુનું મંદિર બંધાવ્યું ને પ્રભુ સાક્ષાત્ ત્યાંની મૂર્તિમાં પધાર્યા.

ભાભીના મર્મવાક્યે વીંધાઇ[૨૩] નરસિંહ ગોપનાથ મહાદેવની પૂજા કરતો હતો. સ્વ. શાસ્ત્રી જણાવે છે કે નરસિંહ મહેતાના પૂર્વજો વિષ્ણુમાર્ગી હતા તેથી ગોપનાથ[૨૪] મહાદેવે તેને પણ વિષ્ણુની પૂજા વગેરે કરવાનું ફરમાવ્યું. નરસિંહે તે માથે ચઢાવ્યું અને તે વિધિસર જૂનાગઢના મંદિરમાં વિષ્ણુની પૂજા કરતો. નરસિંહે આ વિષ્ણુભક્તિ સાત્વતતંત્રની દીક્ષા અનુસાર કરવા માંડી હતી. સગુણ ભક્તિ કરતાં કરતાં છેવટે તેને પરાભક્તિ ઉપજી હતી.

લગ્ન

નરસિંહનો વિવાહ અગિયાર વર્ષની ઉમરે થયો હતો. પણ તે તોડી નાંખવામાં આવ્યો હતો. એમનાં માતુશ્રીનાં મરણ પછી પર્વતદાસે માણેકબાઈ સાથે તેનાં લગ્ન કર્યાં.

---

૨૨. નરસિંહ મહેતાનું ચરિત્ર સ્વ. વ્રજલાલ શાસ્ત્રી. ગુ. દિવાળી અંક ૧૯૨૩. કા. સ. નરસિંહના પિતામહનું નામ વિષ્ણુદાસ આપે છે. અને ભાઇનું નામ બંશીધર આપે છે. શાસ્ત્રી જીવન અને નિર્ભયરામ એ નામ આપે છે.

૨૩. એક દિવસ ઉદ્યમને ગયો તો તે લેને તું જાણી;
આખા દિવસનો રાળીખપી આવ્યો ભાભીએ ન પાયું પાણી;
હાર૦ પદ; ૨

"ભાભીએ ભાગ્ય ઉદે કર્યાં મને કહ્યાં કઠિણ વચન." ચાતુ. પે૦

૨૪. તેના તે ચરણ પ્રતાપથી પામ્યો તે પ્રેમ નિધાન,
પછી ગોપેશ્વર નાથનું અત્રની પે શું કરૂં ગાન,

ગૃહસ્થાશ્રમ

નરસિંહના ગૃહસ્થાશ્રમ વિષે નરસિંહે ખાસ ઉલ્લેખ કર્યો જણાતો નથી. સ્વ. શાસ્ત્રીના કહેવા પ્રમાણે એમના પિતાનો પૈસો ઘણો હતો અને તે તેણે દેવપૂજા અને અતિથિસત્કારમાં વાપરી નાખ્યો.

માણેકબાઇ વિષે નરસિંહનો અભિપ્રાય ઘણો ઉંચો હતો અને તેને માટે એને ઘણું માન હતું. એનાથી તેને એક પુત્ર અને એક પુત્રી જન્મ્યાં હતાં. બાર વર્ષનો પુત્ર થયો ત્યારે તેનો વિવાહ કરવામાં આવ્યો હતો. આ વિષે નરસિંહ શામળદાસના વિવાહમાં લખે છે:—

> ઘેર દારા એક સુંદર સાધવી હરિ અંશ તો તેને અધિક વહાલો,
> નહિ કાંઇ વેગ વિચાર મનમાં ધરે નહલે પરપંચ સ્ત્રીનો ચાલો;
> એક છે પુત્ર ને એક પુત્રી થઈ તેનું મામેરૂં પૂર્યું લક્ષ્મીનાથે.
> સુતતાણું નામ તે દાસ શામળ ધર્યું વિવાહમાં કૃષ્ણજી રહેશે સાથે;
> દ્વાદશ વર્ષ વીતી ગયાં કુંવરને કામિની આવીને ઉભી પાસે,
>
> પદ ૧.

પુત્રીનુ નામ કુંવરબાઈ હતું. [૨૫] વગેરે.

શ્રીકૃષ્ણની સહાય

શ્રીકૃષ્ણે આ પુત્રનો વિવાહ કરવામાં પૂરતી સહાય કરી હતી એમ કહેવાય છે. એનું લગ્ન વડનગરના મદન મહેતાની પુત્રી સાથે થયું હતું. કુંવરબાઇ ઉના ગામના શ્રીરંગ મહેતાના પુત્ર સાથે પરણી હતી અને એનું મામેરૂં શ્રીકૃષ્ણે પૂરૂં કર્યું હતું. નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ પણ મહેતા ભજન ગાવા ગયા ત્યારે શ્રીકૃષ્ણે નરસિંહ મહેતાનું રૂપ ધારણ કરી પૂરૂં કર્યું હતું, અને જાત્રાવાળાઓને લખી આપેલી નરસિંહની હુંડી દ્વારકામાં શામળશા નામ ધરી સ્વીકારી હતી. નરસિંહ મહેતો ગાવને અને ભજનને

---

૨૫. ઘેર અબળા તેનું નામ માણેક વદે, પુત્રી કુંવરબાઈ કહી બોલે.
શામળદાસ છે નામ કુંવરતણું જોતાં કોઈ ન આવે તોલે; પદ ૧૩
એક પુત્રી તેનું નામ તે કુંવરી કહે પુત્ર એક છે રતન તોલે.
પદ ૧૦

બહાને સ્ત્રીઓને ખરાબ કરે છે એવી એના દ્વેષીઓની ફરીયાદથી જૂનાગઢના મંડલિક રાજાએ તેને કેદમાં પૂર્યો હતો. શ્રીકૃષ્ણે કેદખાનામાં આવી બંધ બારણાં તોડી હાર પહેરાવ્યો હતો. આમ વારંવાર મુશ્કેલીની વખતે શ્રીકૃષ્ણે તેને સહાય કરી હતી.

નરસિંહની મંડળી

નરસિંહ મહેતા જૂનાગઢમાં ગિરનાર પર્વતની તળેટીમાં દામોદર કુંડમાં રોજ સ્નાન કરતા એમણે જાતિભેદ તજ્યો હતો એથી વિષ્ણુની ભક્તિ કરનારા ઢેડ લોકોની વિનતિથી તે તેમની મંડળીમાં પણ કીર્તન કરવા બેસી જતા. આથી જ્ઞાતિવર્ગમાં નરસિંહ પર ઘણી ટીકા થઈ દેખાય છે. પણ નરસિંહે તેની જરા પણ દરકાર કરી નથી. આ વિષયનાં નરસિંહે બે પદો લખ્યાં છે:—

ગિરિતળાટીને કુંડ દામોદર ત્યાં મહેતાજી નહાવા જાય,
ઢેઢ વરણમાં દ્રઢ હરિ ભક્તિ તે પ્રેમ ધરીને લાગ્યા પાય;
કરજોડી પ્રાર્થના કીધી વિનતિ તણાં બહુ વધારે વચન,
મહંત પુરૂષ અમારી અરજ એટલી અમારે આંગણે કરોરે કીર્તન.

* * *

મહેતાજી નિશાજે આવ્યા લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ,
ભોર થયા લગી ભજન કીધું સંતોષ્યા સહુ વૈષ્ણવ.
ઘેર પધાર્યા હરિરસ ગાતા વા'તા તાળને શંખ મૃદંગ,
હસી હસી નાગર તાળીયો લે છે આ શા રે બ્રાહ્મણના ઢંગ.

* * *

આ બનાવનો નરસિંહ મહેતા ઉત્તર આપે છે:—

એવારે અમો એવારે એવા તમે કહો છો વળી તેવારે,
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવારે;

* * *

હળવાં કર્મનો હું નરસૈંયો મુજને તો વૈષ્ણવ વહાલારે,
હરિજનથી અંતર ગણશે તેના ફોગટ ફેરા ઠાલારે.

નરસિંહના ગૃહસ્થાશ્રમનો અંત.

કુંવરબાઈનાં મામેરાં વખતે માણેકબાઈની હયાતી ન હતી. એટલે શામળદાસના વિવાહ પછી એનું અવસાન થયું લાગે છે કુંવરબાઈ પણ વિધવા અવસ્થાને પ્રાપ્ત થઈ હતી, એ હારમાળામાં કુંવરબાઈના નામના પદ પરથી જણાય છે. એવા દુઃખની વખતે જેમ કહેવાય છે તેમ ' સુખદુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડીયાં" નું પદ લખાયું સંભવે છે. પુત્ર પણ મરી પરવાર્યો હતો એવું હારમાળામાં નરસિંહ મહેતા સ્પષ્ટ જણાવે છે. એટલે લગભગ પચાસ વર્ષની વયમાં નરસિંહ મહેતાને વિધવા પુત્રી ને પુત્રવધુ વિના બીજું કોઈ રહ્યું હોય એમ જણાતું નથી.

નરસિંહની યાત્રા

નરસિંહ દ્વારકા તથા ગોપીનાથને મંદિરે અવરનવર જતો હતો એમાં સંશય નથી. શામળશાના વિવાહ પરથી તો તે જણાય છે વખતે દક્ષિણમાં આવેલા 'પંઢરપૂર'માં પણ તે જતો એમ માની શકાય. કેમકે પંઢરપૂર'નો ઉલ્લેખ નરસિંહે એ વખત હારમાળામાં કરેલો છે; તેમજ ઘણાં પદોમાં મરાઠી શબ્દ પ્રયોગો તેણે કરેલા છે.

" પંઢરપુર નગર છે એક તેમાં નામો સોઈ વિશેષ,
નામદેવને હરિસુ પ્રીત રામાનંદની એહવી રીત "

હાર૦ પરિશિષ્ટ–પદ–૭૭

નરસૈંયો નાગર તું અવિધાર પૂર્વે પંઢરપુર મોઝાર,
બ્રાહ્મણે આણી મર્તક ગાય લઈ બાંધી સુલતાને સબાય.

હારમાળા. પદ ૮૨.

જેમ કેટલાક માને છે કે નરસિંહ મહેતાના ગુરુ નિત્યાનંદ અથવા આત્માનંદ દક્ષિણના હતા. તેમ હોય તો તે ગુરુએ વખતે પંઢરપૂરની અને નામદેવની કથની નરસિંહને કહી હોય; અને તેજ આધારે નરસિંહમાં આવતાં મરાઠી વાકયો અને શબ્દોનું નિરાકરણ પણ થઈ શકે. અથવા નરસિંહ એ સ્થળે ગયો પણ હોય.

વૃંદાવન, ગોકુળ, મથુરા ગયો હશે. ખાસ ગયો હોય એવું માનવાને કારણ નથી. એક લેખક એનાં હિન્દી ભાષનાં કાવ્યો છે એમ જણાવ્યું

છે અને એક કાવ્ય કાવ્યસંગ્રહમાં છપાયું પણ છે એટલે નરસિંહની યાત્રા એ સ્થળ તરફ સંભવે છે.[૨૩]

कुंजभवनमे खोजती खोजत मदनगोपाल
प्राणनाथ पावे नहि तातें व्याकुल भइ व्रजबाल
चलतचलत व्याकुल भइ व्रजबाला ढुंढती फिरे आप तालतमाल
जोइ बुसती चंपक जाइ काहु देख्यो नंदजीको राइ

* * * *

मुदित भइ त्यां भामिनी गुण गावे नरसैंयो दास.
रास० स० पद ११९

નરસિંહનું ભક્તિ વિષે મત અને વૈષ્ણવજનની વ્યાખ્યા

નરસિંહ મહેતાએ પ્રેમલક્ષણા ભક્તિ–પરાભક્તિને અવલંબી આટલાં કાવ્યો લખ્યાં છે. પરન્તુ તેણે કેવળ ભક્તિ વિષે પોતાનું મત જુદુંજ બતાવ્યું છે. પ્રભુ પાસે ભક્તિ યાચી છે. અને એ ભક્તિ કૃષ્ણકીર્તન અથવા હરિભજન રૂપે વર્ણવી છે:—

મારા નાથજી મૂજને, ભક્તિ દેજો સદા, દીન જાણીને સંભાળ લેજો,
ભક્તિ આપી ભલા, ભાવથી ભૂધરા, એને આવી અહોનિશ રહેજો–મારા.
ભક્તિ કારણ મારો દેહ દુર્બલ હજો, દેહ કારણ રખે સ્નેહ જાગે.
પૃ. ૪૮૦; પદ. ૨૮.

---

૨૩. 'ગુજરાતી કવિઓને મૂળથીજ હિન્દી ભાષા તરફ માન હતું. હિન્દી ભાષાનેજ ખરી રીતે ભાષા કહેવામાં કવિતા કરનારનેજ વધારે માન મળતું (?) આદિ કવિ શ્રી નરસિંહ મહેતાએ પણ હિંદીમાં લખેલી કવિતાઓ માલુમ પડે છે. ગુજરાતી કાવ્યસાહિત્યનો પાયો નાંખનાર એ ભક્ત કવિની હિન્દી તરફ રુચિ થવાનું કારણ તે કાળમાં કબીર જેવા ભક્ત કવિઓએ યાત્રા નિમિત્ત સોરઠમાં આવી હિંદી ભાષાનાં પોતાનાં પદોમાં ભક્તિરસની હેલી વર્ષાવેલી તે હોવું જોઈએ. નરસિંહ મહેતાનાં કાવ્યોમાં સ્થળે સ્થળે હિન્દી પ્રયોગો માલમ પડે છે એટલુંજ નહિ પણ નીચેનું એક સ્વતંત્ર પદ દષ્ટિગોચર થાય છે:—"
જગજીવન દયાળ મોદી. ગુ૦ દીપોત્સવી અંક ૧૯૨૬.

આ ભક્તિભાવમાં જગત્ સ્વપ્નવત્ છે એ ભાવ નરસિંહે ગુંથી દીધો છેઃ—

અલ્યા! ભૂલ મા ભૂલ મા, ભક્તિ ભૂધરતણી, કારમી માયા જોઈ કાં રે હરખો,
સ્વપ્નની વાતમાં, શું રે રાચી રહ્યો, પ્રેમદૃષ્ટે કરી હરિ નરખો—અ.
પૃ. ૩૮૩; પદ. ૩૭.

કર્મ ન કરવાં અને વર્ણાશ્રમ ભેદભક્તિની પરાસ્થિતિમાં તજવા વિષે એણે સ્પષ્ટ કથન કર્યું છેઃ—

વર્ણના ધર્મ તે, કર્મ કરવાં ટળ્યાં, મર્મ જાણ્યો ત્યારે ભર્મ ભાગ્યો;
શ્રીરાધિકા કૃષ્ણ, ભજ સચ્ચિદાનંદને, તેથી નથી કાંઈ ધર્મ આઘોઃ—વર્ણ૦
મનુષ્યને કર્મ કરવાં ઘટે જ્યાં લગી, ત્યાં લગી ભક્તિનો ભેદ અળગો,
ભાવે ગોવિંદમાં ભજન ભેદી રહો, એક ઉપાસના જઈને વળગોઃ—વર્ણ૦
પૃ. ૪૮૩. પદ—૩૬.

આવા મનુષ્યને તીર્થયાત્રા કરવાની જરૂર નથી.

જાગ ને જોગ જગત નરથી ટળ્યા; ભૂખ વેઠી સીદ વ્રત કરતો,
તીર્થની શોચના, મેલ મનથી પરી, દેહ દમીને કાં જજાલ કરતોઃ—વર્ણ૦
એજન

આટલા માટે પ્રેમથી પ્રભુનું ધ્યાન ધરવા માટે કથે છે. સ્મરણ, કીર્તન અને ધ્યાન તેમાં છેલ્લા અવસ્થા ભક્તિની હોય એવું નરસિંહનું મત જણાય છેઃ—

ધ્યાન ધર, ધ્યાન ધર નંદના કુંવરનું, જેથકી અખિલ આનંદ પામે;
પૃ. ૪૭૮; પદ ૨૫.

એ ધ્યાનથી દિવ્યાકૃતિ પ્રાપ્ત થાય છે; તો એ ધ્યાન કેવી રીતે કરવું તે કથે છેઃ—

ધ્યાન ધર ધ્યાન ધર, નેત્રમાં નાથ છે, અંતર ભાવના એક મુરતી;
પૃ. ૪૭૯; પદ. ૨૬.

વૈષ્ણવ નામ ધરવાથી વૈષ્ણવ થતા નથી પરન્તુ કર્મ, મન અને વાણીથી જે વૈષ્ણવ હોય તે વૈષ્ણવ કહેવાવા જોઈએ. છાપાં. તિલક, તુલસીની માળા વગેરે પ્રભુને પ્રિય શણગારો ધરતાં અચકાવું જોઈએ નહિઃ—

હાંરે વૈષ્ણવ જનનાં કીયાંરે લક્ષણ, છાપાં, તિલક તુલસીની માળારે,
પૃ. ૪૬૭; પદ ૨.

સંસારની માયાથી તે વિરક્ત હોવો જોઈએ; પારકાનું દુઃખ સાંભળી તેના ઉપાય કરી તેને સુખ થાય એવું કરનારો હોય તો તે ખરો વૈષ્ણવ સમજવો. પછી તે ગંગાજીમાં નહાય તો શું ને ન નહાય તો શું. શુદ્ધિ અંતઃકરણની જોઈએ.

"વૈષ્ણવને ઘેર બેઠાં ગંગા નિર્મળ હરિગુણ ગાયરે;

* * *

હરિથી વિમુખ તેને શું કરે ગંગા જેમ બગ ગંગામાં નાહાયરે."

"વૈષ્ણવજનને વિષયથી ટળવું, ટળવું મહિથી મનેરે,
ઇંદ્રિય કોઈ અપવાદ કરે નહિ તેને કહીએ વૈષ્ણવજનરે"

પરિશિષ્ટ. ૨જું; પદ. ૧૦૭–૮.

"વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણેરે;
પરદુઃખ ઉપકાર કરે તે, મન અભિમાન ન આણેરે–"વૈ૦.

હાર૦ પદ. ૧૪૮

પ્રકીર્ણ

ગોપેશ્વર મહાદેવ

ગોપનાથ મહાદેવ, જે નરસિંહને રાસલીલા દેખાડનાર હતા અને જેની નરસિંહ પૂજા કરતા, તે મહાદેવનું નામ નરસિંહ મહેતાએ "ગોપેશ્વર" હોવાનું સૂચવ્યું છેઃ—

"શંકર ત્રૂઠેરે, ભોળો શંકર ત્રૂઠેરે
'ગોપેશ્વર ગોકુલની લીલા તે દેખાડી મુજનેરે."
ગોપેશ્વરિં કહ્યું સ્વપ્નમાહિં માંગાં તે આપૂં તૂંહનિં

પદ૦ ૨ હારમાળા (પ્રત. સ્વ. તનસુખરામની)

'ગોપેશ્વર' શબ્દથી કૃષ્ણ પણ સૂચવાય, તેમ ગોપનાથ મહાદેવ પણ સૂચવાય. એ ગોપનાથ "સૌરાષ્ટ્રના દ્વીપ કલ્પની પૂર્વ તરફ ખંભાતના અખાતને કાંઠે...અક્ષાંશ ૨૧°–૧૨′ અને પૂર્વ રેખાંશ ૭૨°–૮′ ઉપર આવેલું છે; અને તેની સામેજ ખંભાતના અખાત ઉપર તાપી નદીને કાંઠે સુરત બંદર આવેલું છે." "જોકે નરસિંહ મહેતાના તપ વિષે જુદી જુદી વાતો ચાલે છે તેમાં કેટલાકનું કહેવું તળાજેથી ગોપનાથ ગયા એવું છે, ને કેટલાકનું

કહેવું જૂનાગઢથી ગોપનાથ ગયાનું છે. પરંતુ જૂનાગઢથી ગોપનાથ ગયા હોય એ અસંભવિત લાગે છે. કારણકે સંવત્ ૧૫૦૪ના ભાદરવા સુદ ૮ ના એક લખાણમાં ભીલખારરતે પ્રયાણ કર્યાનું લખ્યું છે." નરસિંહ મહેતાએ તપથી આરાધના સંવત્ ૧૪૮૨માં કે ૧૪૮૭માં કરી તે વિષે ઉપલા 'શ્રીગોપનાથનું વર્ણન' નામના લેખમાં રા. દેવશંકર ભટ્ટ લખે છે કે 'સંવત્ ૧૪૮૭ના ચૈત્ર સુદ ૯ને સોમવારે (ફુટનોટમાં "એક લેખમાં ૧૪૮૨ની સાલ આપી છે".) આ તપમાં ભંગ પડાવે એવા એવા વિક્રાળ, ભયંકર દેખાવ જણાયા! [૨૪] આ સંવત્ ૧૪૮૨નો ખરો હોય તો નરસિંહ મહેતાનો જન્મ સંવત્ ૧૪૬૯ માનવોજ જોઈએ.

નરસિંહ મહેતાની નિશાળ

રા ભટ્ટે એજ અંકમાં નરસિંહ મહેતાનું મોસાળ તળાજામાં હતું એમ "તળાજાની ટેકરી"ના લેખમાં જણાવી ત્યાં નરસિંહ મહેતાની નિશાળ છે તેનું વર્ણન કરીને ત્યાંથી ગોપનાથ જવાના માર્ગ વિષે વિવેચન કર્યું છે. એ માર્ગ ગુપ્ત છે તે ગોપનાથ મહાદેવ પાસે આવેલા નરસિંહ મહેતાના ભોંયરા સાથે સંબંધ ધરાવે છે. બંને માર્ગો જવાય એવી સ્થિતિમાં નથી.

પ્રકરણ ૧૩
સમયની સામાજીક સ્થિતિ.

નરસિંહ મહેતાના કાવ્યો ઉપરથી સામાજિક સ્થિતિનો વિસ્તૃત ખ્યાલ આવી શકતો નથી. એ ખ્યાલ લેવા માટે ભાલણ, પદ્મનાભ લાવણ્ય સમય વગેરે કવિઓના ગ્રંથોનો આધાર લેવો પડે છે.

વર્ણભેદ:—નરસિંહ મહેતા ઢેડવાડે ગાવા જતા અને તેથી તેમના જ્ઞાતિબન્ધુઓએ તેમને ન્યાતબહાર મૂકયાની વાત ઉપરથી સ્પર્શાસ્પર્શનો વાંધો ઘણો સખત હતો એ સ્પષ્ટ છે. લાવણ્ય સમયે એ વાણીયા જ્ઞાતિના પેટા વિભાગોની તેમજ સોની વગેરે અન્ય વિવિધ જ્ઞાતિઓની જે ઉત્પત્તિ

---

૨૪ ઇ. સ. ૧૯૧૪ દીવાળીનો ખાસ અંક ગુજરાતી. એમાં ગોપીનાથ, ગુપીનાથ કે ગોપીનાથ વિષે સંપૂર્ણ માહીતિ એમણે આપી છે.

બતાવી છે તે પણ નરસિંહના સમયને લાગુ પડે છે. એટલે પેટા જાતિ ભેદ પણ પૂર્ણ પ્રચલિત હતો. નાગરોમાં પણ વડનગરા, વિસનગરાના વિભાગો હતા એ પણ પદ્મનાભ વિસનગરો નાગર હતો એ ઉપરથી જણાય છે. પરન્તુ આ વડનગરા અને વિસનગરા નાગરો વચ્ચે ભોજન વ્યવહાર કે લગ્ન વ્યવહાર હતો કે નહિ તે સ્પષ્ટ નથી. વડનગરથી તે ઠેઠ જૂનાગઢ સુધી મદન મહેતાને પુત્રી આપવા આવવું પડયું* અને તેમાં પણ વડનગરા નાગરનીજ ખોળ કરવામાં આવી એવું હોવાથી રોટીબેટી વ્યવહાર નીકળી ગયેલો એમ માનવામાં વાંધો નથી. મદન મહેતાની પુત્રીનો વિવાહ સંબંધ કરનાર દીક્ષિત કઈ જ્ઞાતિનો હતો, મામેરાંનો ખોખલો પંડયો કઈ જ્ઞાતિનો હતો તે સ્પષ્ટ નથી. પરન્તુ તે નાગર બ્રાહ્મણ હોવો જોઈએ. એટલે જેવા નાગર મહેતા (ગૃહસ્થ) અને નાગર બ્રાહ્મણ (વૈદિક)ના ભેદ હવણાં પણ પ્રચલિત છે તેવા તે વખતે હતા. પરન્તુ તેમાં વૈદિક નાગરોની સત્તા અને માન વિશેષ હતાં એ મદન મહેતાના દીક્ષિતને મળતાં માન ઉપરથી જણાય છે. અવટંક–દીક્ષિત, પંડયા વગેરે પણ વૈદિકમાં દેખાય છે. અને મહેતા વગેરે ગૃહસ્થમાં દેખાય છે

રીતરિવાજો—રીતરિવાજો જ્ઞાતિપરત્વે બહુ ભિન્ન જણાતા નથી. પરન્તુ ઘણુંખરૂં કન્યા પરગામ આપવામાં આવતી. પરગામ આપવીજ જોઈએ એવો રીવાજ ન હતો. વરરાજાની જાન જતી. આ સમયના લગ્નના રીતરિવાજોનું વર્ણન ભાલણે રૂકિમણી હરણ અને સત્યભામા વિવાહમાં સારૂં આપ્યું છે. લગભગ તે હાલના રિવાજોને મળતું છે. નરસિંહે જે વર્ણન આપ્યું છે તેમાં સીમન્તના રીતરિવાજો વિશેષ છે. તે સમયે હાલના કરતાં પણ સામાન્ય મનુષ્યને લગ્ન કરવામાં કેટલો ખર્ચો થઈ જતો તેનો સારો ખ્યાલ આવે છે. સીમંતમાં વરપક્ષનાંને પહેરામણી આપવી પડતી. જો કે હાલ આ રીવાજ નહિજ જેવો છે. પુત્રીનું સીમંત કરવા મોસાળું લઈને જમાઈને ત્યાં જવું પડતું. એમનું સ્વાગત કરવાનો તમામ બોજો વેવાઈ

---

*આ વડનગર તે ઊના પાસેનું નથી પણ મહેસાણા પાસેનું છે. કેમકે શામળશાના વિવાહમાં જાનને જૂનાગઢથી વડનગર જતાં ૧૩ દિવસ અને આવતાં ૧૪ દિવસ લાગ્યા એમ નરસિંહે પોતેજ લખ્યું છે. એટલે ઊનાનું પાસેનું વડનગર સંભવતું નથી.

પક્ષને માથે રહેતો. પહેરામણીમાં પણ વેવાઈ પક્ષ માગે તે આપવું પડતું. એમાં વળી કોઈને ઓછું આવે કે ખોટું લાગે તો તે છોકરીને માથે જનમનું મહેણું ન રહી જાય તેમ માબાપને કરવું પડતું વગેરે વગેરે માહીતિ નરસિંહ તરફથી મળે છે.

જ્ઞાતિભોજનનો રીવાજ પ્રચલિત હતો. કયાંતો સોંઘવારીને લીધે કે ક્યાંતો માન ખાટી જવાને માટે ઉચી જાતનું ભોજન અપાતું. અને જમનારાઓ પણ ઉંચી જાતના પોષાકમાં ભોજન આરોગતા. લાવણ્ય સમય લખે છે.

जासक जमण यमाहिउं बहू વિ. પ્રબંધ.

લગ્નના મહિના ઉપર વેવાઈને જાન લઈ પુત્ર પરણાવવા આવવા માટે નિમંત્રણ થતું. પરન્તુ લગ્ન ગોરજ નહિ પણ પ્રાતઃકાળમાં અથવા સવારમાં થતું. નરસિંહના પુત્રનું લગ્ન સવારમાંજ થયું હતું †એમ કહેવાનું કારણ નથી.

વાહાણું વાશે ત્યારે લગ્નનો દીવસ છે, જાન મોહોટી તેની બીક લાગે.

સા. વિવાહ.

એમ લગ્નનો દીવસ સૂચવી લગ્નનું મુહુર્ત સાંજનું બતાવ્યું છેઃ—

અસ્ત દશ ઘડી ઉદીયાત્ત દિનકર સમે બેશી ઘડી માંડી તે નિજ હાથે.

સા. વિવાહ.

ગૃહશાંતિ કરવાનો અને કલવો ખવડાવવાનો રીવાજ હતો. વરઘોડો પૂર ઠાઠમાં નીકળતો. સાસુ મોડ પહેરી વરને પોંખે એ રિવાજો બધા હાલના જેવાજ પ્રચલિત હતા. મધુપર્ક, મંગળફેરા વગેરે ચાલુ હતાં. પરન્તુ વરવહુ કંસાર જમે પછી સાસુ વરને ઘી અને ખાંડનું ભોજન આપતી. પહેરામણી પણ વિવિધ અપાતી. વર ઘેર આવતાં વહુવર બંને પોંખાતાં.

નિશાળે બેસાડતાં વરઘોડો કાઢવામાં આવતો. નિશાળમાં ભણતાં છોકરાંઓને ઇનામ મળતાં ને શિક્ષકને દક્ષિણા મળતી. (વિ. પ્રબંધ)

જનસ્વભાવ—નરસિંહે નાગરોને અદેખા, ઇર્ષ્યાળુ અને કંજુસ બતાવ્યા છે. ઘરમાં કુટુંબ કલેશની સ્થિતિ બતાવી છે. મહેણાં તોણાં દીયર ભોજાઈ વચ્ચે થતાં. સાસુ નણંદ વગેરે ગરીબ ઘરની કન્યાની કફોડી સ્થિતિ કરતાં લાવણ્ય સમયે પણ એક આવું ચિત્ર આલેખ્યું છે. પુત્ર વહુને

† સુરતમાં હજી નાગરમાં લગ્ન સવારનાંજ થાય છે. ચરોતર અને એ બાજુ મોટે ભાગે રાતના લગ્ન કરવામાં આવે છે.

ઘરમાં લાવ્યા પછી માતા પિતાની સામે થતો. જુદું ઘર માંડવા તૈયાર થતો એમ વહુને લીધે માત પિતાની સ્થિતિ કફોડી બતાવી છે. સારાંશ કે સમાજ સુધારો ઘણો ઓછો અને પૂરતી કેળવણી નહિ. મોટે ભાગે ઘરસંસાર કલેશમય થતો.

સાહિત્ય વિકાસ—ભાલણે કરેલા અનુવાદ ઉપરથી સમજાય છે કે સમાજમાં સાહિત્ય વિકાસ ઘણો થોડો હતો. અમુકજ વર્ગ ભણવા પર પૂરતું લક્ષ આપતો. સાહિત્યને ઉત્તેજન આપનાર વર્ગમાં નાગર મુખ્ય હતા, એ વાત ભાલણે લખેલા નળાખ્યાન પરથી જણાય છે. તેમજ ઘણાંખરાં પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો નાગરોને માટે લખાયલાં મળે છે. સંસ્કૃતનો અભ્યાસ પૂરતા પ્રમાણમાં થતો નહિ. પુરાણ, મહાભારત વગેરે સંસ્કૃતના ગ્રંથોનો અનુવાદ કેટલાક સંસ્કૃતજ્ઞ પંડિતો લોકો સમક્ષ કરતા અને લોકો સાંભળતા. કાદમ્બરી જેવા ગ્રંથનો અનુવાદ કરી લોકોની સાહિત્યવૃત્તિ ઉત્તેજીત કરવાની ભાલણનીરીતિ જણાઈ આવે છે. પરન્તુ લોકોનું એ તરફ વલણ થયું લાગતું નથી. એમને તો સંસારનું ચિત્ર ખડું કરે એવાં અથવા તો સાદાં આખ્યાનો તરફ વિશેષ વૃત્તિ હતી. કાદમ્બરી અને નળાખ્યાન જેવા ગ્રંથોની હજી સચવાઈ રહેલી ભાષા પરથી તેમજ નરસિંહનાં કાવ્યો, પદો અને ભાલણનાં આખ્યાનો વગેરેની સમયાનુસાર બદલાતી ભાષા ઉપરથી માનવું થાય છે. એટલે સમાજની રસવૃત્તિ ઉંચા પ્રકારની જણાતી નથી. કંઇક ધર્મ અને ભક્તિભાવ તરફ વિશેષ દેખાય છે. અને તેથીજ ક્યારે લોકોની મૂર્તિપૂજન અને ભક્તિ તરફ કટાક્ષ કર્યું છે.

ધર્મ અને ભક્તિભાવના:—લોકોનો મોટો ભાગ શ્રદ્ધાળુ હતો. ભક્તિભાવના ઘણી પ્રબળ હતી. જ્ઞાનમાર્ગ પણ ધીમે ધીમે પગ પેસારો કરતો હતો. છતાં સમાજનો કેટલોક ભાગ દમવૃત્તિનો હતો છાપાં, તિલક, તુળસીની માળા પહેરી પોતાને ભક્ત કહેવડાવનાર, તેમજ માથું મુંડાવી વૈરાગ્ય બુદ્ધિ બતાવવા પ્રયાસ કરનારા. તેમજ ઉપલકીયા જ્ઞાનનો વિશેષ આડંબર કરનારો વર્ગ પણ દેખાઇ આવે છે. બીજો વર્ગ ખરા ભક્તને પિછાણનારો અને **कर्मण्येवाधिकारस्ते**માં માનનારો શાંતવૃત્તિનો પણ

દેખાઇ આવે છે. પૈસાની લેણદેણની વાતમાં પણ તીરથવાસીઓએ નરસિંહની નિર્ધન સ્થિતિમાં વિશ્વાસ મૂક્યો એ ભક્ત માટે શ્રદ્ધા જેવી તેવી નથી. પરન્તુ ધર્મનું કે ભક્તિનું સિદ્ધાન્ત અનુસાર જ્ઞાન ન હતું. પુરાણો, કથાઓ અને ઇતિહાસોદ્વારા જે થતું તે થતું. તીર્થ, યાત્રા, શ્રાદ્ધ, પૂજા, ઉત્સવ વગેરેમાં લોકોની દૃઢ માન્યતા હતી. ભજનની પ્રથા પૂર જોસમાં હતી

પુનર્લગ્ન અને બાળલગ્નઃ–પુનર્લગ્નની પ્રથા પડી હોય એવું દેખાતું નથી કુંવરબાઈ વિધવા થાય છે. શામળશાની પત્ની પણ વિધવા થાય છે, છતાં તેઓ પરણતાં નથી. આ ઉપરાંત વિધવા વિવાહ કરવા વિષે અથવા તે પ્રચલિત હોય એ વિષે કોઇ જાતનો ઉલ્લેખ ખાસ મળતો નથી. વખતે કોઈ કોઈ ઠેકાણે પ્રચલિત હશે. બાળલગ્ન વિશેષ રૂઢિમાં હોય એમ લાગે છે. શામશા પણ સમજણો થતા પહેલાં પરણે છે તે વખતે તેની ઉંમર બાર વર્ષની છે. તેની સ્ત્રી પણ આઠમે વર્ષે પરણે છે. આથી નાની ઉમરનાં પણ લગ્ન વખતે થતાં હશે પણ તેનો ખાસ ઉલ્લેખ નથી. પણ લાવણ્યસમય મોટી ઉમર લખે છેઃ—

परणाविउ जव पोढ. थयु आतूं. पोतूं घरची उछहू

વિ૦ પ્રબંધ.

स्त्री बेटी यौवनमय होइ जोशी बीह्वा मेलउ जोइ.

વિ પ્રબંધ

વૃદ્ધ અને યુવાનનાં લગ્ન થતાં.

साठि वरसना डोसा नेह तरणी कन्या परणइ तेह.

વિ. પ્રબંધ.

સમાજની નીતિ—નરસિંહ મહેતાએ સમાજની નીતિ વિષે ખાસ લખ્યું નથી. પરન્તુ એના ભક્તિ શૃંગારને તે સમયના લોકોએ નાગો શૃંગાર ગાયો એવી ટીકા કરી છે તેથી, તેમજ અનેક સ્ત્રીઓમાં બેસી તે ગાતો તેના પર ટીકા કરી છે તેથી, નીતિનો ઘણો ઉંચો ખ્યાલ સમાજમાં હોય એવું લાગતું નથી. ટીકા કરવામાં લોકો આગળ પડતા. લાવણ્યસમયે વધારે સૂક્ષ્મનિરીક્ષણ કર્યું છે અને સમાજની નીતિ વખોડી છે. પુરૂષને

પોતાની સ્ત્રી ગમતી નહિ અને તે અન્યમાં આસક્ત રહેતો. સ્ત્રી પણ યુવાની બતાવવા પ્રયાસ કરતી. મર્યાદા સાચવતી નહિ. અને વિધવા પોતાના ધર્મ જાળવતી નહિ, સ્ત્રીઓ પોતાના પતિને તજી નાતરૂં કરતી.

नारी हींडइ मोडा मोडि बीजू घर मांडतां न षोडि,
घणइ षवेहइ पाउइ वेस वसइ षम्न नि ऊवस देस

વિ. પ્રબંધ.

મર્યાદા સચવાતી નહિ તે વિષે પણ લાવણ્ય સમય ખુલ્લું લખે છેઃ

पहिलूं माता मेहलि लाज प्रगट पयोधर कीधा आज.

દેવું કરતાં લોકો અચકાતા નહિ. એક બીજાની કુથલી કરે છતાં પોતાની કુટેવ સુધારતા નહિ. દંભ વધતો જતો. વેરાગી વેરાગણમાં પણ અનીતિ વધતી જતી.

ગુરૂપણ લોભી હતા. શિક્ષક પણ ધનવાનનાં ઘર જોતા. અને શિષ્યો ગુરૂના મારની બીકે તેને રાજી રાખવા ઘરમાંથી ચોરી કરતા. ગુરૂ કે શિક્ષક શિષ્યોની આ ટેવ સુધારતા નહિ.